પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૨-૫-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૫૪

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


સુવિચાર

આત્મિયતા એટલી રાખો
જેટલી તમે વેદના
સહન કરી શકો...






# યુધ્ધ અને ટ્રેડવોર સમાપ્ત થતા જ શેરબજારના વધામણાં: સેન્સેક્સમાં ૨૮૦૦ પોઈન્ટનો ઉછાળો

## આજે સપ્તાહના પ્રથમ દિવસે જ મોટી રિકવરી: લાર્જ કેપ કંપનીઓમાં એક્સિસ બેંક, અદાણી પોર્ટ, બજાજ ફિન સર્વ, બજાજ ફાઈનાન્સ, એનટીપીસી, ટાટા સ્ટીલ, રીલાયન્સ અને આઈસીઆઈસીઆઈ સહિતના શેરોમાં તેજી નોંધાઈ

**અબતક, નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધવિરામની જાહેરાત બાદ સિઝફાયર પણ હાલ થોભી ગયું હોય ઉપરાંત ટ્રેડ વોર પણ સમાપ્ત થતા આજે શેરબજારમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. બપોરે સેન્સેક્સ લગભગ ૨૮૦૦ પોઈન્ટ વધીને ૮૨,૩૦૦ પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૯૦૦ પોઈન્ટની તેજી છે. તે ૨૪,૮૯૦ના સ્તરે છે.સેન્સેક્સના ૩૦ માંથી ૨૯ શેરોમાં તેજી જોવા મળી રહી છે. અદાણી પોર્ટ્સ, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક સહિત ૧૭ શેરોમાં ૪.૫% સુધીનો ઉછાળો જોવા મળ્યો. જ્યારે એકલા સન ફાર્માના શેરમાં ૫.૫%નો ઘટાડો થયો છે.નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૭ શેરોમાં તેજી જોવા મળી રહી છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં, રિયલ્ટી ૪.૭૧%, મેટલ ૩.૪૦%, સરકારી બેંકો ૨.૮૮%, પ્રાઈવેટ

(અનુ. આઠમા પાને)



## સોનાના ભાવમાં રૂ.૩૫૬૫નો કડાકો

### એમસીએક્સ પર સોનાનો વાયદો ૩.૬૯ ટકા ઘટીને રૂ.૯૨,૯૮૫એ પહોંચ્યો

આજે સોનામાં મોટો ઘટાડો થયો છે. સ્થાનિક અને વિદેશી બજારોમાં સોનાનું વેચાણ જોવા મળ્યું છે. ભારતમાં, કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર સોનાનો વાયદો ૩,૫૬૫ રૂપિયા અથવા ૩.૬૯ ટકા ઘટીને ૯૨,૯૮૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો. દેશ અને વિદેશમાં સોનાના ભાવમાં ઘટાડાનું સૌથી મોટું કારણ અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ (અનુ. આઠમા પાને)

## અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડિલ જાહેર બન્ને દેશોએ ટેરીફ ૧૧૫ ટકા ઘટાડયો

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરના સમાધાન મુદ્દે ચાલી રહેલી બે દિવસીય વાતચીતમાં બંને દેશોએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. અમેરિકા અને ચીને બંનેએ એકબીજા પર લાદેલા રેસિપ્રોકલ ટેરિફમાં ઘટાડો કરવા સહમતિ દર્શાવી છે. બંનેએ ૯૦ દિવસ માટે લાગુ ટેરિફમાં ૧૧૫ ટકા સુધીનો ઘટાડો કર્યો છે.

ચીને મંત્રણાઓ વચ્ચે અમેરિકાની પ્રોડક્ટ્સ પર લાગુ રેસિપ્રોકલ ટેરિફ ૧૨૫ ટકાથી ઘટાડી ૧૦ ટકા કર્યો છે. જ્યારે અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ટેરિફ ૧૪૫ ટકાથી ઘટાડી ૩૦ ટકા કરવા સહમતિ દર્શાવી છે. આ સમજૂતી પ્રારંભિક ધોરણે ૯૦ દિવસ સુધી લાગુ રહેશે.

ચીનના વાઈસ પ્રીમિયર હી લિફેંગ અને યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, બંને દેશોએ આ નિર્ણય પર સહમતિ દર્શાવી છે. તેમજ આર્થિક અને વેપાર સંબંધો મુદ્દે ચર્ચાઓ જારી રહેશે. બંને દેશો ચીન અને અમેરિકામાં વૈકલ્પિક ધોરણે ચર્ચાઓ કરી શકે છે. જેમાં જો જરૂર પડે તો આર્થિક અને વેપાર મુદ્દાઓ સંબંધિત ભલામણોને ધ્યાનમાં લઈ શકે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અન્ય દેશો અમેરિકા સાથે અન્યાય કરી રહ્યા હોવાના દાવા સાથે ચીન સહિત વિવિધ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. જેમાં ચીન પર સૌથી વધુ ટેરિફ લાદ્યો હતો. ચીને પણ આ ટેરિફનો સામો જવાબ આપતાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફ લાદ્યો હતો. બંને દેશો એક પછી એક એમ એકબીજા પર ટેરિફ વધારી રહ્યા હતા. ગત મહિને ટ્રમ્પે ચીનની પ્રોડ્કટ્સ પર ૧૪૫ ટકા ટેરિફ લગાવ્યો હતો. જ્યારે ચીને અમેરિકા પર ૧૨૫ ટકા ટેરિફ લાગુ કર્યો હતો.

વિશ્વની બે ટોચની મહાસત્તા વચ્ચે શરૂ થયેલા ટ્રેડવોરથી અર્થતંત્ર સંબંધિત ચિંતાઓ વધી હતી. જો કે, બંને દેશો વેપાર મંત્રણા માટે સહમત થતાં આશાનું કિરણ જોવા મળ્યું હતું.

## યુરોપ સાથેના મુક્ત વેપારનો આજે બીજો તબક્કો: નિકાસકારો માટે “અચ્છે દિન”

### યુરોપિયન ટીમ સાથેની આ વાટાઘાટનો રાઉન્ડ ૧૬ મે સુધી ચાલુ રહેશે, મોટી જાહેરાતો થવાની સંભાવના

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે આજથી પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોનો આગામી રાઉન્ડ શરૂ થયો છે. આ કવાયતનો ઉદ્દેશ્ય વિવિધ દેશો પર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ વચ્ચે કરારના પ્રથમ તબક્કાને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનો છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે અનિશ્ચિત વૈશ્વિક વેપાર વાતાવરણ, ખાસ કરીને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પગલાંને કારણે બંને પક્ષો આ સોદો બે તબક્કામાં પૂર્ણ કરવા સંમત થયા છે. અધિકારીએ જણાવ્યું હતું કે, યુરોપિયન ટીમ ૧૧મા રાઉન્ડની વાટાઘાટો માટે અહીં રહેશે અને આ વાતચીત ૧૬ મે સુધી ચાલુ રહેશે.

વાટાઘાટોના પાછલા (૧૦મા) રાઉન્ડમાં માલ, સેવાઓ, રોકાણ અને સરકારી ખરીદીમાં બજાર પ્રવેશ દરખાસ્તો જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વાણિજ્ય સચિવ સુનિલ બર્થવાલે ગયા મહિને કહ્યું હતું કે જો વેપાર વાટાઘાટો માટે કેટલાક મુદ્દાઓ ખૂબ મહત્વપૂર્ણ નથી અને તેમાં ઘણો સમય લાગી રહ્યો છે, તો તેના બદલે મુખ્ય વેપાર મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે.

તાજેતરમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બ્રસેલ્સમાં યુરોપિયન કમિશનર ફોર ટ્રેડ એન્ડ ઈકોનોમિક સિક્યુરિટી મારોસ સેફકોવિક સાથે કરારની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી. જે બાદ તેમણે કહ્યું કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પરની વાતચીત યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. બંને પક્ષો સંતુલિત અને પરસ્પર ફાયદાકારક કરાર તરફ મજબૂત પ્રગતિ કરી રહ્યા છે. તે જ સમયે, સેફકોવિચે કહ્યું હતું કે યુરોપિયન ભારત સાથેની તેની ભાગીદારીને ખૂબ મહત્વ આપે છે. યુરોપિયન એક વ્યાપારી રીતે અર્થપૂર્ણ કરાર

(અનુ. આઠમા પાને)

## સામી છાતીએ નહિ લડનારાઓના ‘અદ્રશ્ય’ હુમલા

# સરકારી વ્યવસ્થાઓ ઉપર સાયબર એટેકની દહેશતને પગલે ગુજરાત હાઈ એલર્ટ પર

## ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાની હેકર્સ દ્વારા અનેકવાર ભારતીય પ્રણાલીઓને હેક કરવાનો હીન પ્રયાસ

**અબતક, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવની પરિસ્થિતિ દરમિયાન ગત શનિવારે યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, સામી છાતીએ નહિ લડી શકનાર પાકિસ્તાન સાયબર એટેક કરી શકે છે તેવી દહેશતને પગલે ગુજરાત હાઈ એલર્ટ પર છે. ગુજરાતની સરકારી અને અર્ધ સરકારી પ્રણાલીઓ અને માળખાગત સુવિધાઓને ટાર્ગેટ કરવામાં આવે તેવું હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે.

મામલામાં અધિકારીઓએ હેકટીવિસ્ટ જૂથો દ્વારા ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ ઓફ સર્વિસ (ડીડીઓએસ) હુમલાઓ અને ફિશિંગમાં વધારો થવાની પુષ્ટિ કરી છે. આ સાયબર હુમલાઓનો હેતુ નેટવર્કને વિક્ષેપિત કરવાનો છે. મુખ્ય સચિવ (વિજ્ઞાન અને ટેકનોલોજી) એ ૯ મેના રોજ એક પરિપત્ર જારી કરીને તમામ વિભાગોને નકલી ડોમેન્સ, ફિશિંગ

(અનુ. આઠમા પાને)

## સાવચેતીના ભાગરૂપે ગુજરાતના સરહદી જિલ્લાઓમાં બ્લેકઆઉટ

યુદ્ધ વિરામની જાહેરાત બાદ સાવચેતીના પગલાંરૂપે ગુજરાતના સરહદી જિલ્લાઓમાં બ્લેકઆઉટની અમલવારી કરવામાં આવી હતા. જેમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લા સહિતનો સમાવેશ થાય છે. શનિવારે સાંજે કચ્છ જિલ્લા વહીવટીતંત્રે જાહેરાત કરી કે સાંજે ૭ થી સવારે ૬ વાગ્યા સુધીનો બ્લેકઆઉટ રદ કરવામાં આવ્યો છે. જોકે, બે કલાક પછી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, કચ્છ જિલ્લામાં ઘણા ડ્રોન જોવા મળ્યા છે જેના પગલે સંપૂર્ણ બ્લેકઆઉટ લાગુ કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે પણ પોસ્ટ કર્યું હતું કે, સુરક્ષાના પગલા તરીકે બનાસકાંઠાના સુઈગામ અને વાવ તાલુકાના તમામ ગામોમાં બ્લેકઆઉટ લાગુ કરવામાં આવશે.

## કોઈ પણ આતંકવાદી ગતિવિધિને એક્ટ વોર ગણવામાં આવશે: વડાપ્રધાનની વિશ્વ સમક્ષ સ્પષ્ટ વાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) અને ભારતીય સશસ્ત્ર દળોના વડાઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. શનિવારે વહેલી સવારે પાકિસ્તાનના ચાર એરબેઝ પર ભારત દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ આ બેઠક થઈ હતી. ભારત સરકારના એક ટોચના સૂત્રના જણાવ્યા અનુસાર, બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ભવિષ્યમાં કોઈપણ આતંકવાદી કાર્યવાહીને ભારત સામે યુદ્ધ એટલે કે એક્ટ વોર ગણવામાં આવશે અને તેનો યોગ્ય રીતે જવાબ આપવામાં આવશે.

## સેટેલાઈટ સ્વરૂપ ‘તીસરી આંખ’ દુશ્મનો મનસુબા નાકામ કરી રહ્યું છે

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ઈસરોના ચેરમેન વી નારાયણને રવિવારે જણાવ્યું હતું કે, દેશના નાગરિકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યૂહાત્મક હેતુ માટે ૧૦ ઉપગ્રહો સતત ચોવીસ કલાક કાર્યરત છે. અગરતલા ખાતે સેન્ટ્રલ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના પાંચમા દીક્ષાંત સમારોહને સંબોધતા ઈસરોના વડાએ કહ્યું, જો આપણે આપણા દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગતા હોઈએ, તો આપણે આપણા ઉપગ્રહો દ્વારા સેવા (અનુ. આઠમા પાને)

## આતંકવાદીઓને પનાહ આપનાર પાક કિંમત ચૂકવવા તૈયાર રહે: ભારતનો સ્પષ્ટ સંદેશ

### વહાં સે ગોલી ચલી તો યહાં સે ગોલા ચલેગા: વડાપ્રધાન મોદીનું સૂચક નિવેદન

ભારત અને પાક વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ છે પણ ભારતે વિશ્વ આખાને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, આતંકવાદીઓને પનાહ આપનાર પાકિસ્તાન આ કૃત્યની કિંમત ચૂકવવા તૈયાર રહે. ભારતે સ્પષ્ટ જણાવ્યું છે કે, છેલ્લા ૪૦ (અનુ. આઠમા પાને)

### પીઓકેથી ઓછું કંઈ ખપે નહિ

## પીઓકેને ભૂંસી નાખી સંપૂર્ણ કાશ્મીર બનાવવા ભારત સજ્જ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદુર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુદ્ધની સ્થિતિમાં મધ્યસ્થી કરીને યુદ્ધ વિરામ કરાવ્યો હતો. આ સફળતાથી પ્રોત્સાહિત થઈને ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે '૧૦૦૦ વર્ષ' જૂના કાશ્મીર વિવાદનો ઉકેલ લાવવા પણ મધ્યસ્થી કરવાની દરખાસ્ત કરી હતી. (અનુ. આઠમા પાને)

## પાકની આર્થિક રાજધાની કરાચીને ઘડીના છઠ્ઠા ભાગમાં કચડી નાખવા નૌસેના સજ્જ

ડાયરેક્ટર જનરલ ઓફ નેવલ ઓપરેશન વાઈસ એડમિરલ એએન પ્રમોદે પ્રેસ કોન્ફરંસમાં કહ્યું હતું કે ૯ મેની રાત્રે ભારતીય નેવી પાકિસ્તાનની સમુદ્રી સરહદેથી તેના કરાચી પોર્ટ, સૈન્ય મથકો પર હુમલો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતી. અમને માત્ર ભારત સરકારના આદેશની રાહ હતી, આ હુમલો કરવા માટે ભારતીય નેવી સંપૂર્ણ રીતે સક્ષમ છે. જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકીઓ દ્વારા હુમલો કરાયો હતો, જે બાદ ભારતીય નેવીએ પોતાના જવાનો, યુદ્ધ જહાજો, સબમરીન અને લડાકુ (અનુ. આઠમા પાને)

## હરામીવેળા બંધ થતાં જમ્મુ કાશ્મીરમાં શાંતિનો માહોલ

લશ્કરી કાર્યવાહી પર વિરામ જાહેર કરવામાં આવ્યા પછી થોડા કલાકો માટે જમ્મુ કાશ્મીરમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. જે બાદ કાશ્મીરમાં શાંતિપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. રાજૌરી, પૂંછ, જમ્મુ, સાંબા અને ઉધમપુરના શહેરો અને ગામડાઓના રહેવાસીઓ શાંતિથી કામ પર પાછા ફર્યા હતા કારણ કે મધ્યરાત્રિથી નિયંત્રણ રેખા પારથી કોઈ યુદ્ધવિરામ ઉલ્લંઘન અને ડ્રોન ગતિવિધિ થઈ નથી.

## પાક સાથે ઘર્ષણમાં ભારતના પાંચ જવાન શહીદ

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવા આ ઘર્ષણમાં ભારતીય સૈન્યના પાંચ જવાનો પણ શહીદ થયા હતા. પાકિસ્તાને સરહદે ભારે તોપમારો કર્યો હતો, જેમાં આ જવાનો શહીદ થયા હતા. રવિવારની પ્રેસ કોન્ફરંસમાં સેનાના ડીજીએમઓએ આ માહિતી આપી હતી. સાથે જ તેમણે શહીદ જવાનો તેમજ પાક.ના ગોળીબારમાં સરહદી વિસ્તારોમાં મૃત્યુ પામેલા નાગરિકોને પણ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

### ઘા સાથે ઘસરકો

## પુલવામાં એટેકથી માંડી કંદહાર પ્લેન હાઈજેકના હરામીઓ ઠાર

ઓપરેશન સિંદૂર અંગે વધુ માહિતી આપતા ભારતીય સૈન્ય ઓપરેશનના ડીજીએમઓએ વધુ કહ્યું હતું કે ભારતે પાકિસ્તાનના નવ આતંકી સ્થળોને ધ્વસ્ત કરી નાખ્યા છે, પાકે. ડ્રોન હુમલો કર્યો જેની જવાબી કાર્યવાહીમાં ભારતે તેમના અનેક એરબેઝ ઉડાવી દીધા અને ૩૫થી ૪૦ સૈનિકોને ઠાર કર્યા. ભારતીય હુમલામાં પાકિસ્તાનના ૧૦૦થી વધુ આતંકીઓનો સફાયો કરવામાં આવ્યો. અમે ત્રણ મોટા આતંકીઓનો ખાતમો કર્યો જેમાં મુદસ્સર ખાસ, હાફિઝ જમીલ અને યૂસુફ અઝહરનો સમાવેશ થાય છે, આ આતંકીઓ કંદહાર વિમાન હાઈજેક અને પુલવામા વિસ્ફોટમાં સામેલ હતા. એર (અનુ. આઠમા પાને)








વિશ્વ નર્સ દિવસ: સંભાળની ''શક્તિ''

# આરોગ્યની કરોડરજ્જુ સમાન દર્દીઓના અડધા દર્દ સંભાળથી દૂર કરી દયે છે નર્સ

## આધુનિક નર્સિંગના પ્રણેતા ફલોરેન્સ નાઈટિંગેલના જન્મદિવસ અવસરે આ દિવસ ઉજવાય છે: નર્સોને અસંખ્ય પડકારોનો સામનો કરવો પડે છે: ઈમરજન્સી વોર્ડમાં નર્સોની સખત મહેનત-સમર્પણની ભાવના જ દર્દીને આપે છે 'નવજીવન'


આજે સમગ્ર વિશ્વમાં વિશ્વ નર્સ દિવસ તરીકેની ઉજવણી થઈ રહી છે, ત્યારે તબીબી નિદાન અને સારવારમાં નર્સની ભૂમિકાના મહત્વ અંગે જનજાગૃતિ ફેલાઈ અને તેની સેવાને પ્રોત્સાહન અપાય તે માટે આ દિવસ ૧૯૫૩ થી સમગ્ર વિશ્વમાં ઉજવાય છે.૧૯૬૫ માં વૈશ્વિક લેવલે અને ૧૯૭૪ થી વિશ્વના તમામ દેશોમાં ઉજવાય છે. લોક આરોગ્ય માટે નર્સની ભૂમિકા અહમ છે. અકસ્માત સમયે ઈમરજન્સીમાં તેની વિશેષ કાળજી, સમયસુચકતા દર્દીનું જીવન બચાવી શકે છે. આવા સમયે તેને ઝડપથી કાર્ય કરવા સતત ખડે પગે રહેવું પડે છે. આ વર્ષની ઉજવણી થીમ ''આપણી નર્સો આપણું ભવિષ્ય'' છે. નર્સોની સુખાકારી અને વિશ્વભરમાં સ્થિતિસ્થાપકતા આરોગ્ય પ્રણાલીને મૂળભૂત બનાવવા તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે. વૈશ્વિક સ્વાસ્થ્ય અને સુખાકારીમાં નર્સોનું યોગદાન અપાર છે. નર્સો પીડા વ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

વર્ષો પહેલા આજની જેમ પ્રાઈવેટ હોસ્પિટલો ન હતી ત્યારે વિસ્તારની નજીકના ડોક્ટર પાસે મોટાભાગના ટ્રીટમેન્ટ માટે જતાં હતા. આજે તબીબી સુવિધામાં નવાયુગની હવા સાથે અદ્યતન મેડીકલ સવલતો અને નિદાન સારવારનો લાભ મળી રહ્યો છે. બાળકોની, મહિલાઓની અને બાકીના જનરલ તમામ માટે સરકારી હોસ્પિટલની સુવિધા હતી જે આજે પણ છે, જ્યાં આજે પણ ઓપરેશન સહિત તમામ મેડીકલી સુવિધા ફ્રી મળે છે, પણ આજના યુગમાં મલ્ટીસ્ટોરી હોસ્પિટલમાં તમામ સુવિધા ઉપલબ્ધ થતાં લોકો પ્રાઈવેટમાં વિશેષ રૂપથી બતાવા જાય છે. જીવન-મરણ વચ્ચેની ઈમર્જન્સી હોય ત્યારે પરિવારજનો, સગા-સંબંધીઓ, મિત્ર-વર્તુળ સાથે તમામ હોસ્પિટલમાં ખડે પગે જોવા મળે છે. તબીબી સારવારમાં ડોક્ટર સાથે ટ્રેઈનડ નર્સીંગ સ્ટાફની પણ એટલી જ જરૂરિયાત છે. ડોક્ટરના રાઉન્ડ બાદ બાકીના સમયમાં દર્દીની સેવા, દવા, બાટલા ચડાવવા, ડ્રેસીંગ જેવી તમામ કામગીરી આ સ્ટાફ કરે છે. ઈમર્જન્સી વોર્ડમાં કાર્યરત નર્સોની તો મહત્વની કામગીરી હોવાથી અને જીવન-મરણ વચ્ચે જોલા ખાતા સીરીયસ દર્દીઓની સંભાળમાં તેની મહેનત-પ્રયાસ એક સલામને પાત્ર છે. સખત કામ, સમય મર્યાદામાં કાર્ય સાથે દર્દીના સગાઓને સતત જવાબો આપતાં રહેતા હોવા છતાં ક્યારેય નર્સોને ગુસ્સો નથી આવતો. દર્દીના ઈમરજન્સીમાં દિવસ દરમ્યાન અને ખાસ રાત્રીના સમયે નર્સોની કામગીરી વધુ બને છે. આજે આવી રાષ્ટ્રીયસ્તરની કટોકટીમાં નર્સની કામગીરીને બિરદાવવા માટેનો દિવસ છે. ઈમર્જન્સી વોર્ડમાં નર્સોની સખત મહેનત અને સમર્પણની ભાવના જ દર્દીને નવજીવન આપે છે. આઈસીયુમાં એક સાથે ચાર-પાંચ દર્દી ઈમર્જન્સી હોય ત્યારે દિવસ-રાત જોયા વગર આ કાર્ય નર્સો જ સફળતાથી પાર પાડે છે. તબીબ સાથેનું સીધુ સંકલન એટલે નર્સ. દર્દીની ટ્રીટમેન્ટ ગાઈડન્સ મુજબ, નિયત ડોઝ મુજબ કાર્ય કરીને નર્સો મહત્વનું સેવા કાર્ય કરે છે. તે બિમાર ઈજાગ્રસ્ત અને સીરીયસ દર્દીની ઉમદા સેવા અને સાર-સંભાળમાં જ તેનું જીવન વ્યતિત કરે છે. દર્દીના નવજીવનમાં આવતા બદલાવમાં ડોક્ટરની સાથે નર્સો પણ વિશેષ ફાળો હોય છે. ઈમર્જન્સી વોર્ડમાં કાર્ય કરતી નર્સો તેના કાર્યકારી જીવન દરમ્યાન અગણિત મુશ્કેલીનોસામનો કરે છે. એક વ્યવસાય તરીકે નર્સીંગને વિશેષ સ્તરની કરૂણાની જરૂર પડે છે. દયા, કરૂણાની દેવી નિસ્વાર્થભાવે દર્દીની સેવા-સારવાર કરીને સમાજમાં મહત્વની કામગીરી કરે છે, ત્યારે આજનો દિવસ જ નહી પણ ૩૬૫ દિવસ તેને સન્માન આપવું આપણી નૈતિક ફરજ બને છે. દર્દીના સગાઓ દ્વારા ગમે તેમ ગુસ્સે થઈને તેની સામે થતી વાતચિત પણ તેને ગુસ્સો અપાવતો નથી. તેના માટેનો દર્દી જ પ્રથમ અગ્રતા હોય છે.





કોરોના કાળમાં ડોક્ટરો સાથે આ નર્સોએ પણ જીવના જોખમે સખત ચેપવાળા વાતાવરણમાં પી.પી.ઈ. કીટ પહેરીને અનન્ય સેવા કરીને ખરા અર્થમાં કોરોના વોરિયર બન્યા હતા. આજનો દિવસ સમગ્ર વિશ્વમાં ઈમર્જન્સીમાં સેવા આપતી નર્સોની સાથે તમામ નર્સની સખત મહેનત અને સમર્પણને સન્માન આપવાનો હેતુ છે. આ મે મહિનાનું બીજું સપ્તાહ વિશ્વભરમાં નર્સ સપ્તાહની પણ ઉજવણી થાય છે.

નર્સોના કાર્યની પ્રશંસા સાથે ઈમર્જન્સી વોર્ડમાં એક ખાસ પ્રકારની વ્યક્તિની જરૂર પડે છે, તે આ છે નર્સ. સંકટ સમયે ત્વરિત નિર્ણય લઈને તેને કરેલ કામગીરીથી બુઝાતો દિપક ફરી પ્રજ્જ્વલિત થાય છે. તેનું કામ મુખ્યત્વે તબીબને મદદ કરવાનું છે. આઈસીયુ, આઈસીસીયુ જેવા અગત્યના વોર્ડમાં દર્દીઓને સલાહ આપવી, નાની તબીબી કામગીરી કરવી, તબીબી સાધનોનો ઉપયોગ કરવો, દવાનું સંચાલન કરવું, લાંબા ગાળાની સંભાળની જરૂરિયાતોનું આયોજન કરવું, દર્દીની આરોગ્ય સ્થિતિનું સતત નિરીક્ષણ કરવું જેવું વિવિધ કાર્ય નર્સો જ કરે છે. હોસ્પિટલમાં તબીબ સાથે એક મહત્વનો રોલ નર્સીંગનો છે.

રોજીંદા જીવનમાં તેની કાર્ય ડ્યુટીનું વિશેષ મહત્વ છે. શહેરમાં રોગચાળો ફાટી નીકળે, અકસ્માતો કે અન્ય તાત્કાલીક તબીબી સંભાળની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ નર્સો જ મહત્વની કામગીરી કરે છે. ઈમર્જન્સીમાં દર્દી આવે ત્યારે દર્દીની જરૂરિયાતનું મૂલ્યાંકન સાથે તેમની સંભાળ અને ટ્રીટમેન્ટને તાત્કાલીક ધોરણે પ્રાથમિકતા આપીને નર્સ મહત્વનો રોલ અદા કરે છે. નર્સો માટે આજે વિવિધ કોર્સ પણ ચાલે છે, હોસ્પિટલમાં તાલિમ પામેલ ટ્રેઈન્ડ નર્સ જ ફરજીયાત હોવી જરૂરી છે. તે સમસ્યાનું નિદાન કરવા પણ સક્ષમ હોય છે. દર્દીની ઝડપથી સ્વસ્થતા તરફ પાછા લાવવાનું કામ નર્સનું હોય છે. નર્સો ઉચ્ચ દબાણ હેઠળ કાર્ય કરે છે જેમાં રાત્રીની ડ્યુટી તો બહુ જ કઠીન હોય છે, તેથી જ નર્સો ધીરજવાન, દબાણ હેઠળ શાંત અને કરૂણાશીલ હોય છે. તેમનામાં અસાધારણ શકિત સાથે કટોકટી સમયમાં પણ ઉમદા કાર્ય કરવાની અદ્ભૂત શક્તિ હોય છે. ૧૯૬૫ થી આ ઉજવણી થાય છે, વૈશ્વિકસ્તરે ઈમર્જન્સી વોર્ડમાં નર્સિંગ પ્રોફેશનલ્સની ઉત્કૃષ્ટ પ્રતિબધ્ધતા પર પ્રકાશ પાડવા કાર્યક્રમો પણ થાય છે. ૨૦૦૧ માં ઈમર્જન્સી નર્સિંગ વીક સેલિબ્રેશન શરૂ થયું હતું.

### નર્સો-નેતૃત્વ કરવા માટેનો એક અવાજ, ભવિષ્યની આરોગ્ય સંભાળ માટે એક વિઝન

નર્સિંગ ધ વર્લ્ડ યુ હેલ્થ સાથે બધા માટે આરોગ્ય અને માનવ અધિકારો સાથે સિધા સંપર્કોમાં તબીબની સાથે નર્સિંગ સ્ટાફની મહત્વની કામગીરી આવે છે. ભવિષ્યની આરોગ્ય સંભાળ માટેનું એક વિઝન એટલે નર્સ છે. કોઈપણ દેશના આરોગ્ય માળખામાં નર્સની ભૂમિકા પાયાના પથ્થર સમી હોય છે. દર્દીની કાળજી, સુરક્ષા અને સારવારની જવાબદારી નર્સના શિરે હોય છે. વિપરીત સંજોગોમાં દર્દીનું ધ્યાન રાખવા આ નર્સો ૨૪ કલાક કામ કરે છે. કોરોના કાળ દરમ્યાન નર્સોએ કરેલી કામગીરી પ્રશંસાપાત્ર છે. લોક આરોગ્ય માટે પણ તેની ભૂમિકા અહંમ છે. ૧૯૫૩ થી વૈશ્વિક સ્તરે નર્સિંગ ડે ઉજવાય છે. આધુનિક નર્સિંગના જન્મદાતા ફ્લોરેન્સ નાટીંન્ગેલ કહેવાય છે. કોરોના મહામારીમાં હોસ્પિટલના વોર્ડને જ બીજુ ઘર બનાવી નર્સોએ મહત્વની સેવા કરી હતી.



**નર્સ બિમાર, ઈજાગ્રસ્ત અને મૃત્યુ નજીક પહોંચેલા દર્દીની ઉમદા સાર-સંભાળ સાથે મહત્વપૂર્ણ મેડિકલ સેવા સહાયમાં મદદરૂપ થાય છે: દર્દીના જીવનમાં આવતા બદલાવમાં ડોક્ટરની સાથે નર્સિંગ સિસ્ટમનો પણ ફાળો હોય છે**

# પોતાના સ્વાર્થ માટે જીવતા લોકો ઝડપથી ભૂતકાળ બની જાય છે: નમ્રમુની મ.સા.

## રાષ્ટ્રધર્મની ભાવના પ્રસરાવીને મુલુંડના આંગણે નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યમાં ઉજવાયો પરમ કર્તવ્ય ઉત્સવ







**અબતક,રાજકોટ**

મુલુંડ વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘની ભાવભીની વિનંતિનો સ્વીકાર કરીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ૯વિં મે, ૨૦૨૫ના મુલુંડ શ્રી સંઘમાં પધારતા ત્રિદિવસીય વિવિધ કાર્યક્રમો અંતર્ગત રવિવારે કાલિદાસ નાટ્યગૃહમાં એમ. એલ. એ મિહિરભાઈ કોટેચા, ડો. મુખી સાહેબ, ચંદ્રકાન્તભાઈ ગોગરી, જયાબેન ગોગરી, ઈન્દીરાબેન દેઢિયા, કિરણભાઈ હેમાણી, ચેતનભાઈ દેઢિયા, આદિ અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરમ કર્તવ્ય ઉત્સવ સહુના ભાવ, ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવાયો હતો.

આ અવસરે પરમ ગુરુદેવના બ્રહ્મનાદે ઉવસ્સગ્ગહર સ્તોત્રની જપ સાધનામાં સહુ અહોભાવિત થયા બાદ પરમ ગુરુદેવે ઉપસ્થિત દરેક ભાવિકોને પોતાના, ઘરના, ધર્મના, સોસાયટીના, સમાજના કર્તવ્યની સમજ આપવાની સાથે એક જાગૃત નાગરિકરૂપે મારા દેશ માટે મારા શું કર્તવ્ય છે તે ભાવો પર સમજ આપી હતી.

દરેક જરૂરિયાતમંદ વ્યક્તિના ચહેરા પર ભોજનનો સંતોષ આપવાની રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની કરુણા ભાવનાથી, સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ - શાહ હેપીનેસ ફાઉન્ડેશન અમેરિકાના ફાઉન્ડર રીકાબેન મનુભાઈ શાહના હૃદયની ઉમદા અને ઉદાર ભાવનાના સહયોગે, એમ. એલ. એ. પરાગભાઈ શાહની ટીમના સંચાલનમાં દરરોજ હજારો ભાવિકોના ભોજનની વ્યવસ્થા દ્વારા ઘાટકોપરના અલગ અલગ ક્ષેત્રમાં ગરમાગરમ સાત્વિક ભોજન અર્પણ કરવાના પારમાર્થિક મહાપ્રકલ્પ ''ગુરુ પ્રસાદ''ના પ્રારંભથી આજ સુધી છ લાખથી વધુ લોકોની પેટની ભૂખ ઠારી છે. જેની શૃંખલામાં મુલુંડ ક્ષેત્રમાં અર્હમ યુવા સેવા ગ્રુપના ઉપક્રમે ગુરુ પ્રસાદ પ્રારંભ થવાની ઉદઘોષણા કરવામાં આવી હતી.વિશેષમાં આ અવસરે આત્મનિર્ભર અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩૦+ પરિવારોને નવી ઓટોરિક્ષા ભેટમાં આપવામાં આવી છે, મુલુંડના વધુ ૩ રિક્ષાચાલકોને રિક્ષા અર્પણ કરવામાં આવી હતી. તે સાથે જ મુલુંડના ૧-૩ વર્ષના નાના-નાના ભૂલકાઓમાં નાનપણથી જ રમત સાથે ગમ્મત શૈલીમાં મોરલ વેલ્યુઝ અને સુસંસ્કારોનું સિંચન થાય તેવા શુભ હેતુ સાથે સ્પેશ્યલ લુક એન લર્ન મધર - ટોડલર કલાસનો પ્રારંભ કરવામાં આવતા સર્વત્ર હર્ષ હર્ષ છવાઈ ગયો હતો.

મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના પ્રમુખ દિલીપભાઈ રાંભીયાએ સંઘ તરફથી પરમ ગુરુદેવના મુલુંડ પદાર્પણને હર્ષથી આવકારી વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. એમ. એલ. એ. મિહિરભાઈ કોટેચા એ આવા સમયમાં એક જાગૃત નાગરિક બની રાષ્ટ્રને સલામત રાખવા જરૂરી સૂચનો ધ્યાનમાં રાખવા કહેલ તે સાથે જ ડો. મુખી સાહેબે દંડવત પ્રણામ કરી જૈનત્વ અને પરમ ગુરુદેવ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં એવાં ભાવ ભાવ્યાં હતાં કે આવતા ભવે જૈન તરીકે જન્મ લેવો છે અને મને મારું સર્વસ્વ અર્પણ કરી દેવું છે. બોર્ડર પર યુદ્ધ માટે સજ્જ આર્મી સૈનિકો માટે આજરોજ અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા ભૂજના આર્મી કેમ્પમાં ૩ આર.ઓ. પ્લાન્ટની અર્પણતા સાથે ૧ લાખ ડ્રાયફ્રુટના લાડવા બનાવીને એનર્જી પેક તૈયાર કરાવી જામનગર, કચ્છ, રાજસ્થાન સુધીની બોર્ડર પર સૈનિકો માટે મોકલવાની જાહેરાત થતાં જ સહુએ એને સહર્ષ વધાવી લેવાની સાથે સહુ રાષ્ટ્ર માટે જે થઈ શકે તે બધું જ કરવા કટિબદ્ધ બન્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૨-૦૫-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (થઈ જશે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાજમાં કી ગુલોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (જીવન વીમા)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (હદ કરો છો હસુભાઈ)
૦૬:૦૦ થી ૦૧:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૧૩-૦૫-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૩-૫-૨૦૨૫ મંગળવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | વૈશાખ વદ એકમ શ્રી નારદ જયંતિ વિછુડો | | |
| **નક્ષત્ર** | વિશાખા | | |
| **યોગ** | પરિઘ | **કરણ:** | બાલવ |
| **સુર્યોદય** | ૬.૧૦ | **સુર્યાસ્ત:** | ૭.૧૮ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિમ | | |
| **રાશિ અક્ષર** | ન.ય | | |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ | | |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ | | |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | | | | ૮ |
| ૩ | | | ૬ | | ૧ | | | |
| | | | | | ૭ | | | ૯ |
| | | | | | | | | |
| ૮ | | | ૯ | | | | ૫ | |
| | | | | | ૩ | | | ૬ |
| | | ૮ | ૧ | | | ૨ | ૯ | ૭ |
| ૯ | | ૭ | | ૬ | | ૧ | ૮ | |
| ૨ | | ૫ | | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૧ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ |
| ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ | ૫ |
| ૭ | ૩ | ૯ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૩ | ૯ | ૯ | ૫ | ૭ | ૧ |
| ૧ | ૮ | ૫ | ૭ | ૨ | ૪ | ૯ | ૬ | ૩ |
| ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૩ | ૪ | ૭ |
| ૯ | ૬ | ૭ | ૪ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ |
| ૪ | ૫ | ૩ | ૮ | ૭ | ૧ | ૨ | ૯ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૩.૫.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ એકમ, વિશાખા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રોમાં મધ્યમ રહે પરંતુ દૂર દેશથી સારા સમાચાર મળે,આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી, ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક (ડ,હ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્રથી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રોની મદદથી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય,એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે,દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કામકાજમાં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસમાં કાળજી રાખવી. મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે,લેખન વાંચન મંથનથી આનંદ મળે. રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો. આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# શિક્ષણનો બદલાતો ચહેરો: વૈશ્વિક સ્પર્ધા અને ઉજ્જવળ ભવિષ્યની તલાશમાં વિદેશ તરફ મીટ માંડતું યુવાધન

## વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં સારી તકોને ધ્યાને યોગ્ય કોર્ષ પસંદ કરવો જરૂરી

## રાજકોટની સંસ્થાઓ બની વિદેશ અભ્યાસ માટે માર્ગદર્શક

## બાલ ભવન સહિત સરકારી બેંકોમાં વિદેશ ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

હાલના સમયમાં શિક્ષણ પ્રત્યે વધેલી જાગૃતતા અને ભારતમાં મર્યાદિત તકોને કારણે વિદ્યાર્થીઓમાં વિદેશમાં અભ્યાસ કરવાનો ક્રેઝ વધ્યો છે. ઘણા વિદ્યાર્થીઓ માટે વિદેશની ડિગ્રી સ્ટેટસ સિમ્બોલ બની ગઈ છે અને તેઓ માને છે કે તે તેમને સમાજમાં અલગ ઓળખ અપાવશે. ભારતમાં પસંદગીના અભ્યાસક્રમો ન મળવા, સ્પર્ધાનું ઊંચું સ્તર અને



વિદેશમાં ઉપલબ્ધ આધુનિક અભ્યાસક્રમોના વિકલ્પો પણ આ ક્રેઝને પ્રોત્સાહન આપે છે. ઘણા યુવાનો નવા અનુભવો લેવા, નવી સંસ્કૃતિને જાણવા અને આત્મનિર્ભર બનવાની ઈચ્છા સાથે વિદેશ જાય છે, જ્યાં તેમને ઊંચું શિક્ષણ સ્તર અને આધુનિક સંસાધનો મળવાની અપેક્ષા હોય છે.

જો કે, વિદેશમાં ભણવું ખર્ચાળ હોઈ શકે છે અને ભાષા, સંસ્કૃતિ તથા એકલા રહેવાનો અનુભવ પડકારજનક બની શકે છે. તેથી, વિદ્યાર્થીઓએ માત્ર દેખાદેખીમાં આવ્યા વિના પોતાની જરૂરિયાતો, ક્ષમતા, આર્થિક પરિસ્થિતિ અને ભવિષ્યના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવો જોઈએ. દેશો વચ્ચેના સંબંધોમાં આવતા બદલાવની અસર પણ વિદ્યાર્થીઓના ભણતર પર પડી શકે છે. વિદેશમાં જવા માટે લાંબી પ્રક્રિયા અને તૈયારીની જરૂર હોય છે, જેના માટે રાજકોટમાં ઘણી સંસ્થાઓ સચોટ માહિતી અને માર્ગદર્શન પૂરું પાડે છે.

**અબતક ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મ પર ગુરૂવારે સાંજે ૪ કલાકે નિહાળો 'એજ્યુકેશન ટોક'**

अब तक CHANNEL



## એક વર્ષમાં રાજ્યમાંથી આશરે સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે ગયા: સમ્રાટ વેસ્તરીયા (ગેટવે એબ્રોડ)



ગેટવે એબ્રોડના સમ્રાટ વેસ્તરિયાના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાંથી આશરે સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ અને ભારતના પગાર ધોરણ તથા અન્ય દેશોના પગાર ધોરણમાં રહેલા મોટા તફાવતને કારણે વિદેશમાં અભ્યાસ માટે પ્રયાણ કર્યું છે. ઘણા વિદ્યાર્થીઓ વિદેશમાં ઉપલબ્ધ વિશિષ્ટ કુશળતા પ્રાપ્ત કરીને ભારતમાં પોતાના વ્યવસાયને એક નવા સ્તરે લઈ જવા માંગે છે. આ વિદ્યાર્થીઓ મુખ્યત્વે યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને યુરોપ જેવા દેશોને પસંદ કરી રહ્યા છે, જ્યાં અંદાજિત ખર્ચ ૧૭ થી ૨૧ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે. નોકરીની સુરક્ષાની વાત કરીએ તો, યુકેમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે અઠવાડિયામાં ૨૦ કલાક કામ કરી શકે છે, જ્યારે યુએસએમાં કેમ્પસની બહાર કામ કરવાની મંજૂરી નથી. વિઝા પ્રક્રિયા અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે યુકેમાં વિઝા મેળવવાની પ્રક્રિયા સૌથી સરળ છે, જ્યારે યુએસએમાં વિઝાની તારીખ મેળવવી મુશ્કેલ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં GTE પૂર્ણ કરવું અને વાલીઓના આવકના પ્રમાણપત્રો આપવા અઘરું હોવાથી ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ સરળ પ્રક્રિયાવાળા દેશોને પસંદ કરે છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓને વિદેશમાં કાયમી નિવાસી મળશે કે નહીં તેની માહિતી હોતી નથી, તેથી ગેટવે એબ્રોડ તેમને આ અંગે માર્ગદર્શન આપે છે. વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓની મુખ્ય


## વિશ્વનો કોઈ એવો દેશ નથી જ્યાં ગુજરાતી વિદ્યાર્થીઓ ન પહોંચ્યા હોય: માનસી કક્કડ (સારથી એજ્યુકેશન)



સારથી એજ્યુકેશનના ઈઊિઘ માનસી કક્કડે વિદેશમાં અભ્યાસ કરવા જવાના વિદ્યાર્થીઓના વિવિધ હેતુઓ જણાવ્યા હતા, જેમાં વૈશ્વિક સ્પર્ધામાં ઉતરવું, તણાવમુક્ત જીવન જીવવું અને સારું શિક્ષણ તથા વ્યક્તિગત વિકાસનો સમાવેશ થાય છે. છેલ્લા ૧૬ વર્ષથી આ ક્ષેત્રે સક્રિય માનસી કક્કડે માહિતી આપતા જણાવ્યું કે વિદેશમાં વિવિધ એજ્યુકેશન કોર્સ ઉપલબ્ધ છે અને ઘણી યુનિવર્સિટીઓમાં ૧૦૦% સુધી સ્કોલરશીપની તકો પણ હોય છે. હાલમાં આઈટીના વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા, શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ માટે યુએસએ, ખર્ચ અને સારા જીવનધોરણ માટે કેનેડા અને નજીક રહેવા માંગતા વિદ્યાર્થીઓ દુબઈને પસંદ કરી રહ્યા છે. તેમણે વિદેશની યુનિવર્સિટીઓની ડિગ્રીના ઊંચા મૂલ્ય પર ભાર મૂક્યો હતો અને વિદ્યાર્થીઓને પોતાની કુશળતા ઓળખીને યોગ્ય સંશોધન કરવાની સલાહ આપી હતી. સ્ટુડન્ટ વિઝા માટે શૈક્ષણિક લાયકાત અને ભાષા પ્રાવીણ્ય મુખ્ય પરિબળો છે. સારથી એજ્યુકેશન દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે ગયા છે, જેમાં એમબીબીએસ માટે રશિયા અને ઉઝબેકિસ્તાન, જ્યારે આઈટી, પેરામેડિકલ અને બિઝનેસ મેનેજમેન્ટ માટે યુએસએ અને યુકે પ્રથમ પસંદગી રહ્યા છે. માનસી કક્કડે ઓસ્ટ્રેલિયાએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું બંધ કર્યું હોવાના સમાચારને ખોટા ઠેરવ્યા હતા, પરંતુ કેટલીક યુનિવર્સિટીઓએ સીટો ભરાઈ ગયા બાદ એડમિશન મર્યાદિત કર્યાનું જણાવ્યું હતું.

## નિયમોમાં આવતા ફેરફારોની અસર મોટે ભાગે નવા વિદ્યાર્થીઓને થાય છે, વિદેશમાં સ્થિતને નહીં: મલ્હાર પટેલ (વિઝ્ડમ ઈન્ટરનેશનલ)

### સૌરાષ્ટ્રના એક માત્ર આઈ.આર.સી.સી.માન્ય ઈમિગ્રેશન લોયર



વિઝડમ ઈન્ટરનેશનલના મલ્હાર પટેલના જણાવ્યા અનુસાર, ભારતમાં તકોની ઉણપ, વધતી જતી જાગૃતિ અને પૈસાની છતને કારણે ગુજરાત સહિત ભારતના વિદ્યાર્થીઓમાં વિદેશમાં અભ્યાસ કરવાનો ક્રેઝ વધી રહ્યો છે.

સામાન્ય રીતે અભ્યાસનો ખર્ચ ૨૦ થી ૨૫ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે છે અને વિદ્યાર્થીએ કઈ સરકારી કે ખાનગી યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું છે તેના આધારે ડિગ્રીનું મૂલ્ય નિર્ધારિત થાય છે. વિઝા પ્રક્રિયા દરેક દેશની અલગ હોય છે અને તે દેશોના રાજકીય સંબંધો પર આધાર રાખે છે, જેમાં સમયાંતરે ફેરફારો જોવા મળે છે.


હાલમાં ઓસ્ટ્રેલિયામાં વિઝા પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે, જ્યારે જર્મનીમાં સુધારો થયો છે. ભારતમાં સૌથી વધુ ગુજરાત અને પંજાબના વિદ્યાર્થીઓ વિદેશ જાય છે, જેમાં હવે સૌરાષ્ટ્રનો પણ સમાવેશ થાય છે અને એકલા રાજકોટમાંથી દર વર્ષે આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓ જાય છે. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય કામદારો માટે પણ સાઉથ કોરિયા, જાપાન અને આયર્લેન્ડ જેવા દેશોમાં સારી તકો રહેલી છે, જ્યાં વિદ્યાર્થીઓ ઓછા જાય છે.

નિયમોમાં થતા ફેરફારોની અસર મોટે ભાગે નવા વિદ્યાર્થીઓને થાય છે. મલ્હાર પટેલે ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ટૂંકા ગાળામાં ફેરફાર શક્ય ન હોવાનું જણાવ્યું હતું, જેના કારણે વિદ્યાર્થીઓ વિદેશ જવાનું પસંદ કરે છે. વિઝડમ ઈન્ટરનેશનલ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રોફાઈલ, આર્થિક સ્થિતિ, લક્ષ્યો અને ભાષાની આવડતના આધારે યોગ્ય કાઉન્સેલિંગ કરવામાં આવે છે. તેમણે વિદેશ જવાનું આયોજન કરી રહેલા વિદ્યાર્થીઓને યોગ્ય સંશોધન કરવાની અને અન્ય વિદ્યાર્થીઓના અભિપ્રાયોને ધ્યાનમાં લેવાની સલાહ આપી હતી.






## વાલીઓ મુખ્યત્વે વિદ્યાર્થીઓની સુરક્ષા, બજેટ અને રહેવા-જમવાની વ્યવસ્થા અંગે ચિંતિત: મોનીલ મહેતા (ટ્રાન્સગ્લોબ એજ્યુકેશન)



વધુ સારું ભણતર, નોકરીની વધુ તકો અને વિદેશમાં સ્થાયી થવાની આશા સાથે રાજકોટના વિદ્યાર્થીઓમાં વિદેશ ભણવા જવાનો ક્રેઝ વધી રહ્યો છે.

ટ્રાન્સગ્લોબ એજ્યુકેશનના મોનીલ મહેતાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ટ્રાન્સગ્લોબ સંસ્થા ૧૫૦ કાઉન્સિલર દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન અને ૨૫ વિઝા કાઉન્સિલર દ્વારા વિઝા પ્રક્રિયામાં મદદ કરે છે. ભારતમાં અમુક વિષયોની મર્યાદિત અભ્યાસ સામગ્રી, વિદેશમાં વધુ સારી નોકરીની તકો, ઓછો ખર્ચ અને અભ્યાસ સાથે કામ કરવાની સુવિધા જેવા કારણોસર વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે આકર્ષાય છે.

ભારતમાં ડિગ્રીનો ખર્ચ આઠથી દસ લાખ થતો હોવા છતાં, વિદેશમાં દસથી પંદર લાખના ખર્ચે ડિગ્રી મેળવી વિદ્યાર્થીઓ સ્વ-નિર્ભર બની શકે છે. વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓએ સારું શૈક્ષણિક પ્રદર્શન જાળવી, યોગ્ય યુનિવર્સિટી પસંદ કરવી જોઈએ અને પ્રક્રિયા એક વર્ષ અગાઉથી શરૂ કરી અનુભવી કન્સલ્ટન્ટની સલાહ લેવી હિતાવહ છે.

હાલમાં રાજકોટના મોટાભાગના વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુએસએ, યુકે, ન્યુઝીલેન્ડ અને દુબઈ જેવા દેશોને પસંદ કરી રહ્યા છે. કેનેડા અને યુએસમાં ડિપોર્ટેશનના કિસ્સાઓ જોતા, ઓસ્ટ્રેલિયાને સલામત દેશ ગણાવવામાં આવ્યો છે જે સારી સુવિધાઓ અને જોબ વિઝા પ્રદાન કરે છે.

યુરોપ અને દુબઈ પણ વિદ્યાર્થીઓની નવી પસંદગી બની રહ્યા છે. ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશ કરનારા કે અભ્યાસને બદલે નોકરી કરતા વિદ્યાર્થીઓને ડિપોર્ટ કરવામાં આવે છે. વાલીઓની સુરક્ષા, બજેટ અને રહેવા-જમવાની ચિંતા દૂર કરવા માટે ટ્રાન્સગ્લોબ દ્વારા સેમિનાર યોજાય છે અને સરકારનો પણ સહયોગ મળે છે.

## છેલ્લા પાંચ વર્ષમાં ૨.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ યુકે ગયા: રામ વરૂ (પ્રિમિયર એજ્યુકેશન)



પ્રીમિયર એજ્યુકેશન ઓવરસિઝના રામ વરૂએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં આશરે ૨,૨૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે યુકે ગયા હોવાથી, વિદેશ ભણવાનો ક્રેઝ ભારતીય વિદ્યાર્થીઓમાં સતત વધી રહ્યો છે. હવે વિદેશ અભ્યાસને સ્ટેટસ સિમ્બોલ ગણવામાં આવે છે અને ત્યાં ભારતના શિક્ષણ કરતાં વધુ સારી ગુણવત્તા ઉપલબ્ધ હોવાની માન્યતા પણ પ્રચલિત છે. ભારતમાં ડિગ્રીનો ખર્ચ પાંચથી સાત લાખ જેટલો થાય છે, જ્યારે વિદેશમાં આશરે ૧૫ લાખના ખર્ચે ડિગ્રી મેળવી વિદ્યાર્થીઓ કામ કરીને પોતાનો ખર્ચ કાઢી શકે છે અને પ્રેક્ટિકલ અનુભવ પણ મેળવી શકે છે. આ પરિબળોને કારણે યુકે છેલ્લા પાંચ વર્ષમાં વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ પસંદગીનું સ્થળ રહ્યું છે. જોકે, કેનેડામાં હાલની સરકારી પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓનો રસ ઘટ્યો છે, યુએસએમાં લાંબી વિઝા પ્રક્રિયા, અઘરા ઈન્ટરવ્યુ અને પાર્ટ-ટાઈમ જોબના અભાવે તે ઓછું પસંદ કરાય છે, અને ઓસ્ટ્રેલિયામાં પણ હાલમાં ઘટાડો જોવા મળ્યો છે. દરેક દેશની વિદેશ અભ્યાસની પ્રક્રિયા અલગ હોય છે અને ઓસ્ટ્રેલિયા-કેનેડામાં નિયમો કડક થવાની અસર અન્ય દેશો પર પણ પડી શકે છે, જ્યારે આયર્લેન્ડ પણ એક સારો વિકલ્પ છે.

વાલીઓ તેમના બાળકોના રહેવા, જમવા અને સલામતી અંગે ચિંતિત હોય છે, જેમાં શૈક્ષણિક સંસ્થાઓ માર્ગદર્શન અને સેમિનાર દ્વારા મદદ કરે છે. વિદેશ ભણીને પાછા ફરતા વિદ્યાર્થીઓનું કૌશલ્ય દેશમાં જળવાઈ રહે તે માટે સરકારે લોનમાં રાહત આપવા અને વિઝા પ્રક્રિયા સરળ બનાવવા સૂચન કરવામાં આવ્યું છે.







# વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવી: ક્રિસ્ટલ સ્કૂલના તેજસ્વી તારલાઓનું ઝળહળતું પરિણામ

## ક્રિસ્ટલ સ્કૂલનું માર્ગદર્શન હોય તો આકાશને પણ આંબી શકાય છે, ખેડૂતપુત્ર પ્રદ્યુમન બેડીયાએ ૯૯.૬૦ પીઆર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું તેમજ પ્રાપ્તિ પ્રજાપતિએ ૯૯.૭૭ પીઆર સાથે ઉત્તીર્ણ

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચમાં યોજાયેલી ધોરણ ૧૦ ની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે ધો-૧૦નું ૮૩.૦૮% પરિણામ આવ્યું છે ગત વર્ષે ધો -૧૦નું ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું હતું. આ વર્ષે ૦.૫૨% ના વધારા સાથે ૮૩.૦૮% પરિણામ આવ્યું છે આ વર્ષે રાજકોટ જિલ્લાનું ૮૭.૧૯% પરિણામ આવ્યું છે જેમાં એવન ગ્રેડ સાથે ૩૩૦૪ વિદ્યાર્થી અને એટુ ગ્રેડ સાથે ૭૦૬૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે ત્યારે રાજકોટની સર્વશ્રેષ્ઠ ક્રિસ્ટલ સ્કૂલ ઝળહળતું પરિણામ આવ્યું છે આ ઉપરાંત બોર્ડના





વિદ્યાર્થીઓને આ ઉપરાંત વિદ્યાર્થીઓને પર્સનલ ગાઈડન્સ આપવામાં આવતું હતું તેમજ વિકલી ટેસ્ટ લેવામાં આવતી હતી જેથી વિદ્યાર્થીઓએ બાજી મારી છે, ખરેખર સખત મહેનત કરીને અનેરી સિદ્ધિ મેળવી છે સ્કૂલના ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ, વિદ્યાર્થીઓની લગન અને શાળાના સમર્પિત પ્રયત્નોનું પ્રતિબિંબ છે.

જેમા પડધરી તાલુકાના રોહીશાળા ગામમાં વસતા અને ખેતીના વ્યવસાયથી જોડાયેલ કિરીટભાઈ અને લતાબેનના પુત્ર બેડીયા પ્રધ્યુમન કે જેઓ ક્રિસ્ટલ સ્કૂલ્સમાં અભ્યાસ કરે છે. તેઓએ ૯૯.૬૦ પી.આર સાથે ગણિત વિષયમાં ૯૯ અને સંસ્કૃત વિષયમાં ૯૯ માર્કસ સાથે સમગ્ર બોર્ડમાં શ્રેષ્ઠ સ્થાન મેળવેલ છે.પ્રધ્યુમન પોતાની સફળતાનો શ્રેય પોતાના માતા-પિતાના આર્શીવાદની સાથે ભારપૂર્વક જણાવે છે કે ક્રિસ્ટલ સ્કૂલમાંથી આપવામાં આવેલ આયોજનબધ્ધ માર્ગદર્શન અને હંમેશા શાળા સંચાલકે માર્ગદર્શક સેમીનાર દ્વારા વધારેલ ઉત્સાહનું જ આ પરિણામ છે.પ્રધ્યુમન વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી પોતાની કારકિર્દી બનાવી માતા-પિતાનું નામ રોશન કરવા ઈચ્છે છે. પ્રધ્યુમનનો ભાઈ રોનક પણ ક્રિસ્ટલ સ્કૂલ્સમાં જ અભ્યાસ કરી સાયન્સમાં ૯૭.૯૦ પી.આર સાથે પાસ થયેલ હતા. ક્રિસ્ટલ સ્કૂલમાં જ આગળ અભ્યાસ કરી પ્રધ્યુમન ડોકટર બનવાનો ધ્યેય ધરાવે છે. આ ઉપરાંત ક્રિસ્ટલ સ્કૂલની વિદ્યાર્થીનીપ્રાપ્તિ પ્રજાપતિ જે આરએમસી એન્જીનીયર પ્રવિણભાઈ તેમજ નૌકાબેનની દીકરીએ સખત મહેનતથી ૯૯.૭૭ પી.આર સાથે શાળામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. વિજ્ઞાન અને સંસ્કૃત બંને વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા તેમજ ગણિતમાં ૯૯ માર્ક મેળવ્યાપ્રામી પોતાની

(અનુ. આઠમા પાને)

# એસજીવીપી ગુરુકુળમાના બાળકોએ માતા-પિતાનું પૂજન કર્યું

## બાલ સંસ્કાર શિબિરમાં ૭૦૦ બાળકો માતા-પિતા સાથે જોડાયા





**અબતક, રાજકોટ**

માધવપ્રિયદાસજી સ્વામી,પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી એસજીવીપી ગુરુકુલમાં તાજેતરમાં

સાત દિવસ દરમ્યાન યોજાયેલ બાલ સંસ્કાર શિબિરના અંતિમ દિવસે યોજાયેલસભામાં,પોતાના માતા પિતાની હાજરીમાં માતૃપિતૃભવનો અનોખો કાર્યક્રમ યોજાયો હતોજેમાં ૫૦૦ બાલકો અને ૨૦૦ બાલિકાઓએ પોતાના માતા પિતાના ચરણ ધોઈ આરતી ઉતારી ભાવ પૂજન કર્યું હતું. આપ્રસંગે બાળકોએ પોતાના માતા પિતા સમક્ષ સાંસ્કૃતિક ક્રાર્યક્રમ રજુ કર્યો હતો. અને શિબિર દરમ્યાન પોતાને જે અનુભવ તયા તેનો પ્રતિભાવ આપ્યો હતો.આ પ્રસંગે અમેરિકા સત્સંગ યાત્રાએ પધારેલ ગુરુદેવ સશાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ટેલિફોન દ્વારા આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે ગમે તેટલી સંપતિ મળે પણ ડજો તેમાં સંસ્કાર નથી તો તે તમામ સંપતિ શાપ રુપ છે.માટે નાનપણમાં બાળકોને સંસ્કાર આપવાઆ પ્રસંગે પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતુ કે,.આ શિબિર પૂર્ણ માતાપિતાની સેવા કરજો ભગવાનને કયારેય ભૂલશો નહી.આપણી ભારતીય સંસ્કૃતિ મહાન છે જ્યા આપણને માતૃદેવો ભવ,પિતૃદેવો ભવ આચાર્ય દેવો ભવ અને અતિથિ દેવો ભવના પાઠો શીખવાડે છે.

# સહકારી ક્ષેત્રને નવી દિશા આપનાર ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીનો જન્મદિવસ

દિલીપભાઈ સંઘાણી માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરે સહકારી ક્ષેત્રે એક જાણીતું નામ છે. તેમનો આજે જન્મદિવસ છે તેઓ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો)ના ચેરમેન તરીકે કાર્યરત છે. તેમનો જન્મ ૧૨ મે, ૧૯૫૪ના રોજ અમરેલી જિલ્લામાં થયો હતો. તેમનું જાહેર જીવન લાંબુ અને વિવિધ સિદ્ધિઓથી ભરેલું છે. ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી તરીકે તેમણે સેવાઓ આપી હતી.



૧૯૯૦માં સ્વ. ચીમનભાઈ પટેલની સરકારમાં માર્ગ અને મકાન વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન હતા.તેઓ અમરેલી મતવિસ્તારનું ત્રણ વખત (૧૯૮૫, ૧૯૯૦, ૨૦૦૭) પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. અમરેલી લોકસભા મતવિસ્તારમાંથી તેઓ ચાર વખત (૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯) સંસદ સભ્ય તરીકે ચૂંટાયા હતા. ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ (૨૦૦૧-૨૦૦૪) અને પ્રદેશ મંત્રી (૧૯૮૨-૧૯૯૨) તરીકે પણ કામ કર્યું છે. સહકાર સેલના રાષ્ટ્રીય કન્વીનર તરીકે તેમણે ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી સેવા આપી હતી. ચેરમેન, ગુજકોમાસોલ (અમદાવાદ): તેઓ ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ)ના ચેરમેન છે ચેરમેન, અમરેલી ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કઃ ૨૦૦૦ થી આજદિન સુધી તેઓ આ બેન્કના ચેરમેન તરીકે કાર્યરત છે. તેઓ નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (નાફેડ)ના વાઈસ ચેરમેન પણ રહી ચૂક્યા છે. તેઓ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો)ના ચેરમેન છે અને તાજેતરમાં જ તેઓ બીજી વખત આ પદ પર બિનહરીફ ચૂંટાયા છે.


ઈફકો એ ભારતના ખેડૂતોની સૌથી મોટી સહકારી સંસ્થા છે, જે ખાતર ઉત્પાદન અને અન્ય કૃષિ સંબંધિત સેવાઓ પૂરી પાડે છે. તેમનું ચેરમેન તરીકેનું નેતૃત્વ ઈફકો માટે ખૂબ જ મહત્વનું છે.દિલીપ સંઘાણી છેલ્લા ચાર દાયકાથી ખેડૂતો સાથે જોડાયેલા છે અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સહકારી સંસ્થાઓમાં તેમનું યોગદાન નોંધપાત્ર છે. સહકારી ક્ષેત્રે તેમનો અનુભવ અને ખેડૂતો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ઈફકો માટે ખૂબ જ મૂલ્યવાન સાબિત થઈ રહી છે. ત્યારે તેમના જન્મદિવસ નિમિત્તે આજે ઠેર-ઠેર થી શુભેચ્છા વર્ષા વરસી રહી છે

## પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્રના હસ્તે

# લોક સાહિત્યકાર નિલેશ પંડ્યાના પુસ્તક "સોના વાટકડી રે" માટે પુષ્કર ચંદરવાકર એવોર્ડ એનાયત

**અબતક, રાજકોટ**

કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન અમદાવાદ-ગોધરા દ્વારા ગુજરાતી સાહિત્ય લોકસાહિત્યના ઉત્તમ પુસ્તકના લેખકોને એવોર્ડ અને ધનરાશિ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં જાણીતા લોકસાહિત્યકાર નિલેશ પંડ્યાના પુસ્તક "સોના વાટકડી રે" માટે ગોધરા ખાતે પ્રતિષ્ઠિત કવિ સાહિત્યકાર પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર ગુજરાતી સાહિત્યમાં એક ખૂબ જ આદરણીય નામ છે અને તેમના હસ્તે લોકસાહિત્યકાર નિલેશભાઈ પંડ્યાને પુષ્કર ચંદ્રવાકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા, આ એવોર્ડ એવા સર્જકોને આપવામાં આવે છે જેમણે ગુજરાતી લોકસાહિત્યના સંશોધન, જતન અને પ્રચારમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હોય.એક લોકસાહિત્ય સંશોધક તરીકે, તમે આપણી સંસ્કૃતિ અને પરંપરાઓને જીવંત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છો. આ એવોર્ડ તમને વધુ સારું કાર્ય કરવા અને લોકસાહિત્યને નવી પેઢી સુધી પહોંચાડવા માટે પ્રેરણા આપશે, સમારંભમાં વિખ્યાત સાહિત્યકાર પદ્મશ્રી પ્રવીણ દરજી કવિ ડો.સતીન



દેસાઈ,જયંતોમિ સાહિત્ય સેવા ટ્રસ્ટ વડોદરાના હરીશ શાહ કવિ-સાહિત્યકાર

(અનુ. આઠમા પાને)

# સૌ.યુનિ.ની સ્પર્ધક ઝાલા દેવયાનીબા ૪૦૦ મીટર દોડમાં વર્લ્ડ યુનિવર્સિટી ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરશે

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજ માતુશ્રી વિરબાઈમા મહિલા આર્ટસ કોલેજ રાજકોટ માટે આ એક અત્યંત ગૌરવની ક્ષણ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને તેની સંલગ્ન કોલેજ માતુશ્રી વિરબાઈમા મહિલા આર્ટસ કોલેજ રાજકોટ માટે આ એક અત્યંત ગૌરવની ક્ષણ છે કે તેજસ્વી એથ્લેટિક્સ પ્લેયર ઝાલા દેવયાનીબા આગામી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ૪૦૦ મીટર રનીંગ ઈવેન્ટમાં




ભારતની યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભાગ લેવા માટે આગામી તા. ૧૬ જુલાઈથી ૨૭ જુલાઈ દરમિયાન જર્મની ખાતે જશે. દેવયાનીબાએ પોતાની અસાધારણ રમત ક્ષમતા અને સખત પરિશ્રમના બળે આ સ્થાન હાંસલ કર્યું છે. તેમનું વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ માટે સિલેકશન થવું એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે પણ ગર્વની વાત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની સર્વ પ્રથમ ખેલાડી હશે જે



વર્લ્ડ યુનિવર્સીટી માટે થઈ હોય તેમણે અગાઉ કોલેજ, યુનિવર્સિટી, રાજ્ય અને ઓપન નેશનલમાં એથ્લેટિક્સમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે, જે તેમની પ્રતિભાનો પુરાવો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.ઉત્પલભાઈ જોશી અને શારીરિક શિક્ષણ નિયામક ડો.હરીશભાઈ રાબા એ અને પી.ટી.આઈ. ડો. પુનમબેન જુડાસિયા એ દેવયાનીબાને આ મોટી

(અનુ. આઠમા પાને)

# શિક્ષણના ક્ષેત્રે સફળતાના ચાર ચાંદ લગાવતી 'સ્વામીનારાયણ ગુરૂકુળ'



## ધો. ૧૦માં પલ ભાયાણીએ બોર્ડ ફર્સ્ટ આવી શાળા - પરિવારનું ગૌરવ વધાર્યુ

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટમાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની કૃપાદ્રષ્ટિ ,પૂજ્ય ગુરુ મહારાજ પૂ. મહંત સ્વામીના આશીર્વાદ અને અન્ય તમામ બ્રહ્મનિષ્ઠ સંતોના માર્ગદર્શનથી ગુરુકુળ વિદ્યાલયમાં અભ્યાસ કરતા ધોરણ ૧૦ ના બાળકોએ આ વર્ષે બોર્ડના પરિણામમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે જેના કારણે ગુરુકુળનો વિદ્યાર્થી ભાયાણી પલ યોગેશભાઈ ૯૯.૯૯ પી.આર સાથે સમગ્ર બોર્ડમાં ગુજરાત ફર્સ્ટ આવ્યો છે. સમગ્ર બોર્ડ ટોપ ૧૦ માં પણ ગુરુકુળના ૭- ૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થતાં સમગ્ર ગુરુકુળ પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. આ ઉપરાંત શાળાના કુલ ૫૩ બાળકો વિવિધ વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરીને બોર્ડમાં વિષય ફર્સ્ટ પણ આવ્યા છે.

વિગતે રીઝલ્ટ આ મુજબ છે. ૯૯.૯૯ પી.આર. બોર્ડ ફર્સ્ટ ૦૧ વિદ્યાર્થી, ૯૯+ પીઆર ૩૪ વિદ્યાર્થી, ૯૫+ પીઆર ૧૧૬ વિદ્યાર્થી, ૯૦+ પીઆર ૯૦ પીઆર. ૧૯૪ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયા છે. જ્યારે ગ્રેડ વાઈઝ પરિણામમાં ૮૬ વિદ્યાર્થીઓને એ-૧, ૧૭૦ વિદ્યાર્થીઓને એ-૨,ગ્રેડ પ્રાપ્ત થયો છે. ૧૦૦ માંથી ૧૦૦ લાવનાર વિદ્યાર્થી સંખ્યા કુલ ૫૩ છે. વિદ્યાલયના શ્રેષ્ઠ પરિણામ બદલ સંચાલક પૂ. નિર્ગુણ જીવનદાસજી સ્વામી, પૂ. જનમંગલ સ્વામી, પૂ. જીવનમુકત દાસજી સ્વામી વગેરેએ શાળાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

# ગુજરાતમાં દારૂ ઠાલવતી બિશ્નોઈ ગેંગ વિરૂદ્ધ ગુજસીટોકનો ગાળિયો કસાયો

## અલગ અલગ રાજ્યોમાંથી દારૂનો વેંપલો કરતા બિશ્નોઈ ગેંગના નવ સભ્યો અને શરાબ મંગાવનાર ગુજરાતના ચાર નશાના કારોબારી વિરૂદ્ધ એસએમસીની કાર્યવાહી

### કુલ ૧૩ શખ્સોં વિરૂદ્ધ ગુનો નોંધી બેની ધરપકડ કરતી સ્ટેટ મોનીટરીંગ સેલ



**અબતક, રાજકોટ**

શરાબબંદી ધરાવતા ગુજરાતમાં અલગ અલગ રાજ્યોમાંથી દારૂનો જથ્થો સપ્પાલ કરનાર બિશ્નોઈ ગેંગના ૯ બુટલેગરો તથા ગુજરાતમાં દારૂનો જથ્થો મંગાવનાર ૪ શખસો સહિત ૧૩ શખસોની ટોળકી સામે એસએમસી દ્વારા ગુજસીટોકનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ દ્વારા દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા શખસો સામે આકરી કરવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની સૂચના હેઠળ સ્ટેટ મોનિટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાયના સુપરવિઝનમાં ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ રાજસ્થાન, ગોવા, પંજાબ રાજ્યોમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ગુજરાત રાજ્યમાં મોકલનાર રાજસ્થાનની બિશ્નોઈ ગેંગના ૯ બુટલેગરો તેમજ ગુજરાત રાજ્યના વડોદરા શહેર, અમદાવાદ ગ્રામ્ય, મોરબી, રાજકોટ જિલ્લાઓમાં મોટો જથ્થો મંગાવનાર ગુજરાતના ૪ મળી કુલ ૧૩ સાગરીતોની સંગઠીત ગુના આચરતી ટોળકી વિરૂધ્ધ ધી ગુજરાત આંતકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (ગુજસીટોક ) એકટ ૨૦૧૫ની કલમ ૩(૧)ની પેટા (૨) તથા કલમ ૩(૨), કલમ ૩(૪) તથા કલમ ૩(૫) મુજબ ગુનો દાખલ કરવા પોલીસ કમિશ્નર વડોદરા શહેર પાસેથી મળેલ મંજુરી આધારે સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ



આર.જી.ખાંટ સરકાર તરફેની ફરીયાદ આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડીવાયએસપી આર.આઈ.દેસાઈને આ અંગેની તપાસ સોંપવામાં આવી છે.

તપાસ દરમિયાન સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમો દ્વારા આરોપી છબીનાથસિંહ ઉર્ફે છબીલનાથસિંહ ઉર્ફે પ્રદિપ રાજા કૌશલસિંહ રાધેશ્યામસિંહ રાજપુત(રહે.૩૫, સ્નેહ કુંજ સોસાયટી, નુતન નાગરીક બેંકની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ), રવિ ઉર્ફે જીગો ચામડો ઠાકોરભાઈ મગનભાઈ માછી (નાવીક)(રહે.ઘર નં.૧૧૬, સ્લમ કવાટર્સ, નાલંદા પાણીની ટાંકી સામે, વાઘોડીયા રોડ, વડોદરા) ને ઝડપી લીધા હતાં.

### ત્રણ માસમાં ત્રણ ગુજસીટોકના ગુના : એસએમસીનો સપાટો

સ્ટેટ મોનીટરીંગ સેલને સ્વતંત્ર પોલીસ મથક મળ્યા બાદ છેલ્લા ત્રણ માસમાં ગુજરાત રાજ્યમાં સંગઠીત ગુના આચારતી ટોળકીના કુલ ૨૯ સભ્યો વિરૂધ્ધ ગુજસીટોક એક્ટ હેઠળના કુલ ૩ ગુનાઓ દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# તે જ મારો થડો ઉપડાવ્યો છે કહી રીક્ષા ચાલક પર બેલડીનો હુમલો

## મનપાએ પાન-ફાકીનો થડો ખાલી કરાવ્યા બાદ જયદીપ રાતડીયા અને રાધે નામના શખ્સોંએ ઈંટ વડે માર માર્યો

**અબતક, રાજકોટ**

તે જ મારો થડો ઉપડાવ્યો છે કહી શહેરના કાલાવડ રોડ પર આવેલ લક્ષ્મીના ઢોરા નજીક જૂની અદાવતનો ખાર રાખી બે શખ્સોંએ રીક્ષાચાલક યુવકને ઈંટ વડે માર માર્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મામલામાં યુનિવર્સીટી પોલીસે બે શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

મામલામાં કાલાવડ રોડ પર લક્ષ્મીનારાયણ સોસાયટીમ રહેતા ૨૮ વર્ષીય રીક્ષા ચાલક યુવાન નિલેશભાઈ શાંતિભાઈ પરમારએ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જયદીપ રાજુભાઈ રાતડીયા અને રાધે ભરતભાઈનું નામ આપતાં જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલાં કટારીયા ચોકડી પાસે આવેલ લક્ષ્મીના ઢોરામાં કોસ્મોપ્લેક્ષ સિનેમાની ડાબી બાજુ ઢાળ ઉપર ગાત્રાળ નામની ચા તથા પાન ફાકીની હોટલ જયદીપ રાજુભાઈ રાતડીયા ધરાવતો હતો. જેની સામે મારા સગા મોટાભાઈ રવિભાઈની અલખધણી નામની ચા તથા ફાકીની હોટલ આવેલ હતી. જે બંનેનો ધંધો સરખો ચાલતો હોય દરમિયાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફતે જયદીપની દુકાનનો થડો ગેરકાયદેસર હોય જેથી તેઓએ ખાલી કરી નાખવા મનપા દ્વારા આદેશ આપવામાં આવ્યો હોય તેવું મારું માનવું છે. જે બાબતે જયદીપ અવાર-નવાર મારા મોટાભાઈ તથા તેમના થડે હું બેસતો હોય મારી સાથે તમે મારી દુકાન આરએમસીમાં કહી ઉપાડેલ છે તેવી શંકા-કુશંકા કરી મારી સાથે ઝઘડો કરતા હતા. જે બાબતે મેં અનેકવાર અમે નિર્દોષ હોય, તમારો ધંધો બંધ કરાવેલ નથી એમ કહેવા છતાં જયદીપ રાતડીયા ઝગડો કરતો હતો.

આ બાબતનો ખાર રાખી ગત તા. ૧૧/૦૫/૨૫ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યે અમારી જ્ઞાતિના રમેશભાઈ બગડાએ જ્યાં અગાઉ જયદીપનો થડો હોય ત્યાં પાન-ફાકીનો ધંધો શરૂ કર્યો હોય ત્યાં હું એકલો ફાકી ખાવા ઉભો રહેલ હતો. તે જગ્યાએ આ જયદીપ તથા તેનો મિત્ર રાધે ભરતભાઈ બંને મારી પાસે આવી જયદીપએ મારો કાંઠલો પકડી ભુંડી ગાળો આપી તું અહીં કેમ આવ્યો છે ? કહી તારે અહીંયા આવવું નહીં તેમ કહી તેની સાથે આવેલ રાધેએ મને પકડી ઢીકા-પાટુનો મુંઢમાર મારી મને ઊંધો પછાડી દીધેલ હતો. બાદમાં જયદીપએ ત્યાં નીચે પડેલ ઈંટ પકડી માથામાં પાછળના ભાગે એક ઘા મારી દીધો હતો. જે બાદ હું તુરંત જ ઉભો થઈ ભાગવા જતાં હવે અહીં આવ્યો તો જાનથી મારી નાખીશ તેવી ગર્ભિત ધમકી આપી હતી.

બાદમાં યુવક ઘરે પહોંચ્યો હતો અને ત્યાંથી માતા અને બહેને ૧૦૮ એમ્બયુલન્સ મારફતે સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. હોસ્પિટલના બિછાનેથી યુવકે ફરિયાદ નોંધાવતા યુનિવર્સીટી પોલીસે હુમલાખોર બેલડી સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. મામલાની તપાસ એસીપી એસસી-એસટી સેલ ચિંતન પટેલ ચલાવી રહ્યા છે.

# ભારતનગરમાં સ્કોર્પિયો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## શરાબની ૯૬ બોટલ, વાહન અને મોબાઈલ મળી કુલ રૂ.૪.૮૪ લાખના મુદ્દામાલ સાથે બુટલેગરની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા ભરતનગરમાં ત્રિશુલ કારખાનાની સામેથી સ્કોર્પિયોમાં વિદેશી દારૂની ૯૬ બોટલ અને મોબાઈલ મળી રૂ.૪.૮૪ લાખના મુદ્દામાલ સાથે નવા થોરાળાના બુટલેગરને થોરાળા પોલીસે ઝડપી લીધો છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ થોરાળા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન બાતમી મળી હતી કે, ભારતનગરમાં આવેલા ત્રીશુલ કારખાનાની સામે જીજે-૦૩-એફડી-૨૭૭૫ નંબરની સ્કોર્પિયો કારમાં વિદેશ દારૂના જથ્થા સાથે એક શખ્સ બેઠો છે.

થોરાળા પોલીસની ટીમે બાતમીના આધારે ભારતનગરમાં પહોંચી બાતમી વાળા સ્કોર્પિયોમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની ૯૬ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ, વાહન અને મોબાઈલ મળી રૂ.૪.૮૪ લાખના મુદ્દામાલ સાથે નવા થોરાળા સ્થિત આરાધના સોસાયટી શેરી નંબર-૨માં રહેતો અરબાઝ રફિકભાઈ રાઉમા નામના બુટલેગરને ઝડપી લઈ વિદેશી દારૂ ક્યાંથી લાવ્યો હતો અને કોને આપવાનો હતો સહીતની પૂછપરછ હાથ ધરી છે. આ દરોડાની કામગીરી પીએસઆઈ એન.આર ડોબરીયા, હેડ કોન્સ્ટેબ ઈલેશભાઈ પરમાર, કોન્સ્ટેબલ સંજયભાઈ માંડાણી, નિલેશભાઈ જમાડ અને દિનેશભાઈ પરમાર સહિતના સ્ટાફે કરી હતી.

# મોટી ટાંકી ચોક નજીક શોર્ટ લાગતા બીજા માળેથી પટકાયેલા શ્રમજીવીનું મોત

## સારવારમાં રહેલ શ્રમજીવીની ડિસ્ચાર્જ એન્ટ્રી નોંધાઈ ગઈ : હોસ્પિટલ તંત્રનો ભગો

**અબતક, રાજકોટ**

શહેરના મોટી ટાંકી ચોક નજીક બિલ્ડીંગના બીજા માળે કામ કરી રહેલા શ્રમજીવીને ઈલેક્ટ્રિક શોર્ટ લાગતા લિફ્ટના ગાળામાં નીચે પટકાયા બાદ સારવારમાં મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ જંગલેશ્વર શેરી નંબર ૧૧ માં રહેતા સુરેશ રામ કિશોર નિશા (ઉ.વ.૪૧) ગત તા. ૧૧ મેના રોજ સાંજે ૬/૩૦ વાગે લીમડા ચોક થી મોટી ટાંકી ચોક તરફ જતા રસ્તે આવેલી બિલ્ડીંગના બીજા માળે કામ કરતો હતો. ત્યારે લોખંડનો સળીયો વીજ તારને અડી જતા કરંટ લાગતા લિફ્ટના ગાળામાં નીચે પટકાઈને ગંભીર રીતે ઘાયલ થયો હતો.

ગંભીર રીતે ઘવાયેલા સુરેશ રામ કિશોર નિશાને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન તા.૧૧/૫/૨૫ ના રોજ ૧૯/૩૦ વાગ્યે દર્દીને ડિસ્ચાર્જ એન્ટ્રીની નોંધ કરી લેવામાં આવી હતી પરંતુ દર્દીને ક્યાંય લઈ જવાયો ન હતો. બાદમાં સારવાર દરમિયાન ૧૨/૫/૨૫ ના રોજ રાત્રે ૧૨/૩૦ કલાકે તેનું મૃત્યુ થયું હતું. દર્દી હોસ્પિટલમાં હોવા છતાં ડિસ્ચાર્જ એન્ટ્રીની નોંધે આ ઘટનામાં ભારે ચકચાર જગાવી છે.

# યુપીથી રાજકોટ આવી પહોંચેલી બાળકીનું પરિવાર સાથે મિલન કરાવતી રેલવે પોલીસ

## આગ્રા રેલવે સ્ટેશનથી નાની સાથે પોતાના ઘરે જતી હોય ભૂલથી બીજી ટ્રેનમાં ચડી ગઈ હતી

**અબતક, રાજકોટ**

ઉત્તરપ્રદેશથી અન્ય ટ્રેનમાં ચડી જઈ રાજકોટ પહોંચી આવેલી ૯ વર્ષની બાળકીને રેલવે પોલીસે પોતાના પરિવાર સાથે મિલન કરાવતાં રેલવે સ્ટેશન પર હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતાં તેમજ પરિવાર રેલવે પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

મળતી વિગતો મુજબ, ગત તા.૭નાં રોજ રેલવે પોલીસ મથકના એએસઆઈ મંજુલાબેન, હેડ કોન્સ્ટેબલ વિપુલ અને લોકરક્ષક કાજલબેન પોતાની ફરજ પર હતાં ત્યારે સાંજના પોણા સાતેક વાગ્યે રેલવે પોલીસ સ્ટેશન ખાતે એક જાગૃત નાગરિક આવ્યા હતાં અને એક નવ વર્ષની બાળકીને સોંપી હતી ત્યારબાદ પોલીસ મથકના સી-ટીમના કર્મચારીઓએ બાળકીનું નામઠામ પુછતાં તેણીનું નામ રશ્મીન રામ ગોપાલ' જાટવ (રહે.રામબાગ ટેડી બગ્યા, જી.આગ્રા રાજ્ય ઉત્તરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેણીની વિશેષ પુછપરછ કરવામાં આવતાં માતા પિતાનો મોબાઈલ, ફોન નંબર યાદ ન હોય અને તે આગ્રા રેલવે સ્ટેશનથી તેની નાની સાથે પોતાના ઘરે જતી હતી તે વખતે ભૂલથી બીજી ટ્રેનમાં ચડી જતાં રાજકોટ પહોંચી ગઈ હતી.


ત્યારબાદ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ આગ્રા પોલીસ અને યુપી પોલીસનો સંપર્ક કર્યો હતો અને ત્યારબાદ યુપી પોલીસ દ્વારા બાળકીના વાલી-વારસનો સંપર્ક થયો હતો. તેમજ તેમના માતા પિતા રાજકોટ પહોંચે એટલા સમય ગાળામાં બાળકીનો કબજો કાઠીયાવાડી બાલાશ્રમ ગોંડલ રોડને આપ્યો હતો. ત્યારબાદ બાળકીના વાલી વારસ તા.૧૦ના રાજકોટ પહોંચી જતાં તમની પાસેથી આધાર પુરાવાઓ ચેક કર્યા બાદ બાળકીનો કબજો તેમને સોંપી પરિવાર સાથે મિલન કરાવતાં રેલવે સ્ટેશન પર હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતાં તેમજ બાળકીના પરિવારજનોએ રેલવે પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

# પૂર્વ પત્નીની હત્યા નિપજાવવાના ગુનામાં આરોપીને આજીવન કેદ

## કેટરર્સના કામે ગયેલી પૂર્વ પત્નીનો પીછો કરી સબંધ રાખવા દબાણ કરી છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી તી

**અબતક, રાજકોટ**

સાત વર્ષ પૂર્વે છૂટાછેડા બાદ કેટરર્સના કામે ગયેલી પૂર્વ પત્નીનો પીછો કરી પાર્ટી પ્લોટ બહાર બોલાવી સબંધ રાખવા દબાણ કરી છરી વડે હુમલો કરી હત્યા નિપજાવવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી પૂર્વ પતિને આજીવન કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં આવેલા આંબેડકનગરમાં રહેતી દીપિકાબેન રમેશભાઈ સોલંકીના રાજકોટમાં જ રહેતા અશ્વિન ડાયાભાઈ પરમાર સાથે લગ્ન થયા હતા અને દંપતિ વચ્ચે અણ બનાવ બનતા વર્ષ ૨૦૧૮ માં છુટાછેડા થઈ હતા. છુટાછેડા બાદ દીપિકાબેન સોલંકી તેની બહેન આસ્થાબેન સોલંકી સાથે તા.૧૧/૩/૨૦૧૮ ના રોજ કાલાવડ રોડ ઉપર આવેલ જે.એસ. પાર્ટી પ્લોટમાં કેટરર્સના કામે ગઈ હતી ત્યારે પૂર્વ પતિ અશ્વિન પરમાર રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં જે.એસ. પાર્ટીપ્લોટ ખાતે પહોંચ્યો હતો અને બે માસ પૂર્વે જ છુટાછેડા થઈ ગયા હોવા છતાં દીપિકાબેન સાથે સંબંધ રાખવાની જીદ સાથે દીપિકાબેનને ફોન કરી બહાર



સરકારી વકીલ સંજયભાઈ



મૂળ ફરિયાદી નાં એડવોકેટ વિવેક સાતા

બોલાવતા દિપિકાબેન તેની નાની બહેન આસ્થાબેન સાથે પાર્ટી પ્લોટની બહાર આવી હતી. દીપિકાબેન પરમાર બહાર આવતાની સાથે જ પૂર્વ પતિ અશ્વિન પરમારે ઝઘડો કરી દિપિકાબેન ઉપર હુમલો કરી વાસા અને પેટના ભાગે છરીના ચાર જેટલા છરીના ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલી દીપિકાબેન પરમારને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગે તાલુકા પોલીસ મથકમાં દીપિકાબેન પરમારની માતાએ અશ્વિન પરમાર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા નજરે જોનાર સહિત કુલ ૧૭ જેટલા સાહેબોની જુબાની લેવામાં આવી હતી અને દીપિકાબેન આપેલ મરણોન્મુખ નિવેદન તેમજ સરકારી વકીલ અને ફરિયાદી પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે પૂર્વ પત્નીના હત્યારા આરોપી અશ્વિન ડાયાભાઈ પરમારને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા અને મૂળ ફરિયાદી વતી યુવા એડવોકેટ વિવેક એન. સાતા રોકાયા હતા.

# ઈન્સ્ટાગ્રામથી સંપર્ક કેળવી ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ

## રૈયાધારમાંથી ઉઠાવી મિત્રની ઓફિસે લઈ ગયા બાદ પોતાનાને ઘરે મૂકી તૌકીર ભાડુલા ફરાર

### આરોપીના બહેન-બનેવીએ જાણ કરતા પોલીસે સગીરાને મુક્ત કરાવી આરોપીની શોધખોળ શરૂ કરી

**અબતક, રાજકોટ**

રૈયાધાર વિસ્તારમાંથી ઈન્સ્ટાગ્રામ સંપર્કમાં આવેલ શખ્સ ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી શખ્સ નાસી છૂટતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. સગીરાનું અપહરણ કરી મિત્રની ઓફિસે લઈ ગયો, બાદમાં પોતાના ઘરે સગીરાને મૂકી નાસી છૂટ્યો હતો, આરોપીના બહેન-બનેવીએ જાણ કરતાં પોલીસે સગીરાને મુક્ત કરાવી અને મોડી રાતે આરોપીને પણ દબોચી લીધો હતો.

બનાવ અંગે રૈયાધાર વિસ્તારમાં રહેતાં ૪૨ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તૌકિર રહેમાન ભાડુલા (રહે. રાજકોટ) નું નામ આપતાં યુની. પોલીસે અપહરણ અને એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓના સંતાનમાં ૧૪ વર્ષની સગીર દિકરી છે. જે ગઈકાલે સવારે ઘરે હતી જે બાદ તેણી ૧૦ વાગ્યાથી ઘરેથી ક્યાંક ચાલી ગઈ હતી.જે બપોરના ત્રણ વાગ્યા સુધી ઘરે ન પહોંચતા પરીવારે તેની શોધખોળ આદરી હતી અને તુરંત યુની. પોલીસ મથકે પહોંચી બનાવ અંગે જાણ કરી હતી. જે બાદ પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે તપાસ આદરી સીસીટીવી ફૂટેજ તપાસવાનું ચાલું કરી સગીરાની શોધખોળ આદરી હતી.દરમિયાન રાતના ૧૦ વાગ્યાની આસપાસ આરોપી તૌકિરના બહેન-બનેવીની સગીરાના પરીવાર પર ફોન આવ્યો હતો કે, તમારી પુત્રી અમારા ઘરે છે, તેણીને તમે લઈ જાવ, જે બાદ પોલીસ આરોપીના ઘરે પહોંચી હતી અને સગીરાનો કબ્જો લીધો હતો. જ્યારે આરોપી ફરાર થઈ ગયો હતો. જે બાદ સગીરાને પોલીસ મથકે લઈ જઈ પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, સગીરા અને આરોપી ચાર મહિના પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવ્યાં હતાં. જે બાદ બંને વાતચીત કરતાં હતાં. દરમિયાન ગઈકાલે આરોપી સગીરાને ભગાડી જઈ તેમના મિત્રની ઓફિસે લઈ ગયો હતો અને અડપલાં કર્યાનું પ્રાથમિક સામે આવ્યું છે. જે બાદ પોલીસે મોડી રાતે જ આરોપી તૌકિરની ધરપકડ કરી હતી.

હાલ એસસીએસટી સેલ એસીપી ચિંતન પટેલ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. સગીરનું મેડિકલ તપાસ કર્યા બાદ તેણી સાથે દુષ્કર્મ થયું કે નહીં તે અંગેની વિગત સામે આવશે.

# ઘર યાદ આવતા કેદીએ બીમારીની વધુ પડતી દવા પીધી

## ભાવનગર પંથકના હત્યાના પ્રયાસના આરોપીને અડધી રાતે સિવિલમાં ખસેડાયો

**અબતક, રાજકોટ**

જેલવાસથી કંટાળેલા પાકા કામના કેદીએ બીમારીની વધુ પડતી દવા પી લેતા અર્ધબેભાન અવસ્થામાં સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ પોપટપરા સેન્ટ્રલ જેલમાં આજીવન કારાવાસની સજા ભોગવતા મૂળ ભાવનગર પંથકના હેપી સન ઓફ રાકેશભાઈ વોરા '૨૩' એ ગત રાત્રે ૯/૩૦ ના સુમારે વધુ પડતી બીમારીની દવા ખાઈ લેતા અર્ધ, બેભાન અવસ્થામાં સરી પડતા જેલ સત્તાવાળાઓએ તાત્કાલિક તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો, હવાલદાર શામળાભાઈએ જણાવ્યું હતું કે હેપી ને ઘરનું કંઈક ટેન્શન હોય ડિપ્રેશનમાં આવીને વધુ પડતી દવા પી લીધી હોવાનું માનવામાં આવી રહ્યું છે આ અંગે પોલીસે તપાસ હાથ ધરીછે.


**જાહેર નોટીસ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે ખાતા નં. ૪૬૮ પી.રે.સ.નં. ૧૧૯૨ (જુનારે સ.ન. ૩૨૫ પૈકી ૩), જરાયત હે ૧-૨૧-૭૯ ખેતર નામે પાટીની ખેતીની જમીન જયોતીબા નરેન્દ્રસિંહ જાડેજા વિગેરે - ૩ની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન અમારા અસીલે વેચાણ લેવા સોદો કરેલ છે.

જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતા તથા લાગતા - વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિગત, વાર્ણનવાળી ખેતીની જમીન સંબંધે ટાઈટલ સંબંધે કે તેના સ્થાનિક, પ્રત્યક્ષ કબજા કે તેના વેચાણ સંબંધે કોઈ વ્યકિત, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે, વારસદારો સરકારી અર્ધસરકારી કચેરી વિગેરે નો કોઈપણ પ્રકાર નો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હક્ક, ભરણ-પોષણ નો હક્ક, લેણું, બોજો, ગીરો, લીયન કે કે કોઈપણ જાતની જવાબદારી કે હકક કે અધિકારી સદરહું જમીન પરત્વે હોય અથવા અન્ય કોઈરીતે કાયદેસરનો કોઈ વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસીધ્ધ થવાથી દિવસ ૭ (સાત) માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદ્દત દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહી આવે તો કોઈ નો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, અને જે હોય તો જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહુ જમીન પરત્વે ના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે, નથા રજી, વેચાણ કરાર તેમજ રજી. વેચાણ દસ્તાવેજથી વેંચાણ લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરારો અમારા અસીલ ને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ. કાલાવડ
તા.: ૨૪-૦૪-૨૦૨૫

અમારા મારફતઃ-
સંજયસિંહ બી. ઝાલા
બી.કોમ.એલએલ.બી.
(એડવોકેટ)

**ઓફીસનું સરનામુંઃ** સંજયસિંહ બી. ઝાલા (એડવોકેટ) બસ સ્ટેશન અંદર, કાલાવડ (શિતલા). જી. જામનગર, મો. ૯૯૨૫૧ ૩૭૮૪૮



**જાહેર નોટીસ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે ખાતા નં. ૩૭૮ થી રે.સ.નં. ૧૧૯૩ (જુના રે.સ.નં. ૩૨૫/પૈકી ૪), જરાયત હૈ. ૧-૨૧-૭૯ ખેતર નામે પાટીની ખેતીની જમીન બીનાબા દિપકસિંહ જાડેજા વિગેરે - ૬ની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહુ ખેતીની જમીન અમારા અસીલે વેચાણ લેવા સોદો કરેલ છે.

જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતા તથા લાગતા - વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિગત, વર્ણનવાળી ખેતીની જમીન સંબંધે ટાઈટલ સંબંધે કે તેના સ્થાનિક, પ્રત્યક્ષ કબજા કે તેના વેંચાણ સંબંધે કોઈ વ્યકિત, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે, વારસદારો સરકારી અર્ધસરકારી કચેરી વિગેરે નો કોઈપણ પ્રકાર નો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હકક, ભરણ-પોષણ નો હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, કે અધિકારો સદરહુ જમીન પરત્વે હોય અથવા અન્ય કોઈ રીતે કાયદેસરનો કોઈ વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસીધ્ધ થયાથી. દિવસ ૭ (સાત) માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદ્દત દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહી આવે તો કોઈ નો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, અને જો હોય તો જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહુ જમીન પરત્વે ના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે, તથા રજી. વેચાણ કરાર તેમજ રજી. વેંચાણ દસ્તાવેજથી વેંચાણ લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરારો અમારા અસીલ ને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ. કાલાવડ
તા.: ૨૪-૦૪-૨૦૨૫

અમારા મારફતઃ-
સંજયસિંહ બી. ઝાલા
બી.કોમ.એલએલ.બી.
(એડવોકેટ)

**ઓફીસનું સરનામુંઃ** સંજયસિંહ બી. ઝાલા (એડવોકેટ) બસ સ્ટેશન અંદર, કાલાવડ (શિતલા). જી. જામનગર, મો. ૯૯૨૫૧ ૩૭૮૪૮



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**માટી અને છોડ સાથે પ્લાન્ટ પોટ નું રેગ પિકિંગ, જોગવાઈ અને જાળવણી**

સિનિયર ડીએમઈ, રાજકોટ આમંત્રિત કરે છે. **ટેન્ડર નોટિસ નં. M-2025-5-RJT-SC તારીખ: 09.05.2025. કાર્યનું નામ:** રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે બે વર્ષના સમયગાળા માટે માટી અને છોડ સાથે પ્લાન્ટ પોટ નું સેનિટેશન, રેગ પિકિંગ, જોગવાઈ અને જાળવણી સાથે યાંત્રિક અને મેન્યુઅલ સફાઈ, હાઉસકિપિંગ માટે સર્વગ્રાહી કોન્ટ્રાક્ટ. **અંદાજિત કિંમત:** ₹ ૮૩,૧૪,૭૪૬.૩૯/- **અર્નેસ્ટ મની:** ₹ ૧,૬૬,૩૦૦.૦૦/- **ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** ૩૦.૦૫.૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી અને ૩૦.૦૫.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલવા માટે. **ટેન્ડર જ્યાંથી ખરીદી શકાય તે ઓફિસનું સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન:** ડિવિઝનલ રેલ્વે મેનેજર (મિકેનિકલ) વેસ્ટર્ન રેલ્વે, રાજકોટ ડિવિઝન, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦૦૦૧. **વેબસાઇટ વિગત:** www.ireps.gov.in

RJT-026

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિશ્વસનીયતામાં સુધારો અને ELB ની બદલી**

**ઈ-ટેન્ડર સૂચના નંબર DRM-RJT 25-26-SnT-E-04, DT-08-05-2025 કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલ્વે મેનેજર (S & T), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઇટ વિગત: www.ireps.gov.in: ટેન્ડર નંબર: DRM-RJT-25-26-SnT-E-04; કાર્યનું નામ:** રાજકોટ ડિવિઝન - જૂના પોર્ટા કેબિન / સ્થાન બોક્સમાંથી નવા LC ગેટ હટમાં S&T ગિયર્સનું સ્થળાંતર કરીને વિશ્વસનીયતામાં સુધારો (i) LC ગેટ નંબર ૨૭, ૩૦ અને ૩૩ વિરમગામ - સુરેન્દ્રનગર (VG-SUNR) પર અને LC ગેટ નંબર ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ વિરમગામ - સુરેન્દ્રનગર (VG - SUNR સેક્શન) ના ૪ નંબર પર ELB અને અન્ય ગેટ સાધનોનું સ્થાનાંતરણ. (ii) LC ગેટ નંબર ૨૬૧, ૨૬૮, ૨૮૫ અને ૨૯૦ રાજકોટ - ઓખા (RJT-OKHA સેક્શન) પર. **ટેન્ડર કિંમત:** ₹ ૧૨૬૧૦૭૬૧.૫૮ (₹ એક કરોડ છવ્વીસ લાખ દસ હજાર સાતસો એકસઠ રૂપિયા અને અઠાવન પૈસા માત્ર). **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ ૨૧૩૧૦૦.૦૦ (₹ બે લાખ તેર હજાર એકસો માત્ર); **ટેન્ડર ફોર્મ ફી:** ₹ 00.00 (શૂન્ય) ફકરા-૩, GCC - જુલાઈ-2022 મુજબ. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ ૦૯-૦૬-૨૦૨૫ ના રોજ બપોરે ૧૫:૩૦ કલાક સુધી.

RJT - 026

અમને લાઈક કરો: facebook.com/WesternRly

તંત્રી લેખ

# મેડિકલની સાથે સાથે પેરામેડિકલ નેટવર્કને સુદ્રઢ બનાવવા કવાયત


ભારતભરમાં આરોગ્ય વ્યવસ્થા વધુમાં વધુ સુદ્રઢ બનાવવાના કેન્દ્ર સરકારના પ્રયાસોને અક્ષરસ સાકાર બનાવવા ગુજરાતમાં તબક્કાવાર આયોજન થઈ રહ્યું છે,

મેડિકલ ની સાથે સાથે પેરામેડિકલ માટે તંત્ર સજ્જ થયું હોય તેમ રાજ્યમાં સરકારી કોલેજો અને ખાનગી કોલેજની પેરા મેડિકલ ની બેઠકો વધારવા માટે સરકારે કવાયત શરૂ કરી છે, મેડિકલ કોલેજોની સ્થાપના માટે ઉત્સુક આરોગ્ય વિભાગ મેડિકલ કોલેજની સાથે સાથે પેરામેડિકલ નર્સિંગ કોલેજ શરૂ કરવાની દિશામાં પગલાં લેવાનું શરૂ કર્યું છે, મોરબી ,પોરબંદર સહિત ગુજરાત માં વધુ પાંચ નવી નર્સિંગ કોલેજ શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે, ગુજરાતની પેરામેડિકલ ની બેઠકોની સ્થિતિમાં સરકારી કોલેજોમાં૧૯૨૦ અને ખાનગી સસ્તાઓમાં૪૯૭ બેઠક મળી કુલ ૪૭,૧૭૦ બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવશે,

આરોગ્ય ક્ષેત્રે જેવી રીતે એમબીબીએસ તબીબો ની ખૂટતી સંખ્યા પૂરી કરવા માટે નવી મેડિકલ કોલેજ શરૂ કરવા માટે તંત્રોની પ્રતિબધતા ની જેમ નર્સિંગ સ્ટાફ ની અનિવાર્યતા પર પણ સરકારે સમયસર ધ્યાન આપ્યું છે, આગામી દિવસોમાં અન્ય ક્ષેત્રોની જેમ ગુજરાતમાં વૈશ્વિક ધોરણે મેડિકલ ટુરીઝમ ના વિકાસની મોટી તકો ઉપલબ્ધ છે અત્યારે પણ એશિયાના નાના-મોટા દેશોમાંથી ભારતમાં કેન્સર, હૃદય રોગ, કિડની ટ્રાન્સપ્લાન્ટ, અને ચર્મ રોગથી લઈ પ્લાસ્ટિક સર્જરી અને અંગ પ્રત્યારોપણ સારવાર માટે દર્દીઓ આવી રહ્યા છે,

ભારતની આરોગ્ય સેવા માં ગળગુણવત્તાની સાથે સાથે વિશ્વસનીયતા માનવતા અને અતિથ્ય ભાવ ના ઉચ્ચ મૂલ્યોના કારણે હવે તો અમેરિકા જાપાન ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા ભારત સાથે સામાજિક સંબંધો ધરાવતા દેશોના નાગરિકો પણ ભારતમાં સારવાર માટે આવી રહ્યા છે, આરોગ્ય ક્ષેત્રના સમતોલ વિકાસ માટે ડોક્ટરોની જેમ નર્સિંગ સ્ટાફની આવશ્યકતાને ધ્યાને લઈ સરકાર દ્વારા નવી નર્સિંગ કોલેજો શરૂ કરવાની નીતિ આવનાર દિવસોમાં રાજ્યના આરોગ્ય વ્યવસ્થાપન ની સુધારણા ની સાથે સાથે ગુજરાતને આરોગ્ય સુવિધા છેતરે દેશમાં જ નહીં દુનિયામાં ઝળહળાવશે. નર્સ ડોક્ટર અને તબીબને જોડતી મહત્વની કડી છે રાજ્ય સરકારે પેરા મેડિકલ સીટો વધારવાના નિર્ણય કર્યો છે તે જાહેર આરોગ્ય માટે આશીર્વાદરૂપ બનશે

# કરૂણા ફાઉન્ડેશનની અનન્ય કરૂણા: ૧૯૯૩૦ પશુ પક્ષીઓને આપ્યું જીવનદાન



**અબતક, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ૨૧ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૨૧ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય','એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે.

અનેક સુવિધાઓથી સજજ પશુ દવાખાનામાં પશુ-પક્ષીઓ માટે આઈસીયુ અને વેન્ટિલેટરનીસુવિધા, માટે તમામ પ્રકારના આધુનીક મશીન વડે તપાસની સુવિધા,પશુ-પક્ષીના તમામ પ્રકારના રોગો માટેની સારવાર, પશુ-પક્ષીઓને તમામ પ્રકારની રસી આપવાની સુવિધા અને પશુ-પક્ષીઓની જાળવણી, માવજત, ખોરાક સંબંધી માર્ગદર્શન વિગેરે પ્રકારની અતિ આધુનિક તમામ પ્રકારની સારવાર દવાખાનામાં નિઃશુલ્ક આપવામાં આવે છે.

સમગ્ર ભારતની નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રની નંબર વન સંસ્થા. જીવદયા ક્ષેત્રે ભારત સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટના દવાખાનામાં અત્યાર સુધીમાં ૧૩ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૧ (અગિયાર) એમ્બ્યુલન્સ તેમજ ત્રણ બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૧૨૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/ પાંજરાપોળ/ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. 'જીવદયા રથ' દ્વારા દરરોજ પશુ, પક્ષીઓ તેમજ કીડી, ખિસકોલી જેવા જીવો સહિતનાં પશુઓની ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ' અને 'કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન - રાજકોટ'નાં સથવારે નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર દવાખાનું શરુ કરવામાં આવ્યું છે. આ દવાખાનું શહેરનાં હાર્દ સમા વિસ્તાર તિરુપતિ નગર ૧, હનુમાન મઢી ચોક પાસે આવેલ છે. દવાખાનામાં તમામ પશુ પક્ષીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ દવાખાનામાં ૧૧૯૩૦ જેટલા પશુઓની સારવાર અને ૩૯૩ મેજર ઓપરેશન થયેલા છે. પશુ દવાખાનાનો સમય સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૮ છે. (રવિવાર સિવાય) આ અંગે વધુ માહિતી માટે તેમજ નિઃશુલ્ક પશુ, પક્ષી સારવારની જાણકારી લેવા, નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર કરાવવા માટે મો. ૭૫૬૭૦૭૫૬૮૦ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશીના હસ્તે જશવંતપુરના નવનિર્મિત ચેકડેમનું ખાતમુહુર્ત



**અબતક, રાજકોટ**

રાજકોટના ખ્યાતનામ બિઝનેસમેન મુકેશભાઈ પાબારીએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટને ચેકડેમ બનાવવાના લોકોપકારી કાર્યમાં ત્રીજી વખત આર્થિક સહયોગ પૂરો પાડ્યો છે. રાજકોટ જીલ્લાના જશવંતપુર ગામે નવનિર્મિત ચેકડેમનું ખાતમુહૂર્ત રાજકોટ શહેરના ભાજપાના પૂર્વપ્રમુખ મુકેશભાઈ દોશીના જન્મદિને એમના જ વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમ રિપેરિંગ કરવાનું, ઊંડા, ઊંચા કરવા તેમજ નવા બનાવવાનું કામ થયેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો ખેડૂતોને બહુ મોટો ફાયદો થવાની સાથે પશુ-પક્ષી અને જીવ-જંતુ સર્વેની રક્ષા થઈ રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ થયેલ છે, તેમાંથી અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ ચેકડેમો તૈયાર થઈ ચૂક્યા છે;

આ ખાતમુહુર્તના પ્રસંગમાં ઉપસ્થિત ખ્યાતનામ બિઝનેસમેન મુકેશભાઈ પાબારી, લોહાણા મહાજન પ્રમુખ અગ્રણી બિલ્ડર રાજુભાઈ પોબારુ, અગ્રણી ઉદ્યોગપતિ હરીશભાઈ લાખાણી, ડો. પીપળીયા સાહેબ, નલીનભાઈ તન્ના, સુનીલભાઈ વોરા, ગૌરાંગભાઈ ઠક્કર, દુર્લભજીભાઈ ગામી, પ્રવીણભાઈ ભુવા, મધુભાઈ કાવઠીયા, ગીરધરભાઈ રૈયાણી, ભરતભાઈ ભુવા, ભરતભાઈ હિરાણી, ભરતભાઈ ટીલવા, મુરલીભાઈ દવે, અલ્પેશભાઈ જોગરાણા, તેમજ ગામના સરપંચ ઘનશ્યામભાઈ રામાણી વગેરે લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# નરસિંહ મહેતાની જન્મ જયંતિએ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરતાં મનપાના પદાધિકારીઓ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા ભક્ત કવિ નરસિંહ મહેતાનીજન્મ જયંતિ પ્રસંગે તેઓની રામકૃષ્ણનગર ગાર્ડન ખાતે આવેલ પ્રતિમાને રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ પુષ્પાંજલી કરવામાં આવેલ.

આ પ્રતિમા પુષ્પાંજલી કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય-૬૯ ડો. દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીભાઈ ઠાકર, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન કંકુબેન ઉધરેજા,શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, કોર્પોરેટરો દેવાંગભાઈ માંકડ, વિનુભાઈ સોરઠીયા, વર્ષાબેન પાંધી,મંજુબેન કુંગસીયા, જયશ્રીબેન ચાવડા, ભાજપ અગ્રણી ઘનશ્યામભાઈ કુંગસીયા, પ્રવીણભાઈ ચાવડા, તેમજ નાગર બ્રહ્મ સમાજના આગેવાનો, મેનેજર કે.બી.ઉનાવા તથા સાંસ્કૃતિક વિકાસ વિભાગ તથા સોલિડ વેસ્ટ શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

# સામાજીક કાર્યકર નિલદીપભાઈ ભટ્ટીનો જન્મદિવસ



આજરોજ વોર્ડ નંબર ૭ ના કાર્યકર્તા નિલદીપભાઈ ભટ્ટીનો જન્મદિવસ છે. શિશુકાળથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છે. વીવીપી ઈજનેરી કોલેજના વહીવટી અધિકારી તરીકે કાર્યરત છે. ચૌધરી હાઈસ્કુલ તેમજ પીડીએમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. રાજપૂત સમાજ માં કમિટી મેમ્બર, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ , સેવા ભારતી, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને મારુતિ ખોડીયાર ગૌશાળામાં માં એક યા બીજી રીતે કાર્યરત છે. યુવા વર્ગને દેશભક્તિ તથા સમાજ કલ્યાણ અને સારામાં સારું સંસ્કારિક શિક્ષણ મળતું રહે તેમાં તેઓ સતત કાર્યરત છે. તેઓ કર્ણાટક રાજ્યના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાના પીએ તેજસભાઈ ભટ્ટીના નાના ભાઈ છે. આજરોજ અગ્રણીઓ, રાજપુત સમાજ, ભટ્ટી પરિવાર તથા સ્કૂલ મીત્રો અને કોલેજ મિત્રો દ્વારા તેમના મો. નં ૯૪૦૯૦૦૮૫૯૫ ઉપર જન્મદિવસની શુભેચ્છા વર્ષા આપવામાં આવી રહી છે.

# વોર્ડ નં.૧૪ના મહિલા મોરચાના મહામંત્રી દિપાલીબેન વોરાનો આજે જન્મદિવસ



જૈન મહિલા અગ્રણી બીજેપી વોર્ડ નંબર ૧૪ ના મહિલા મોરચાના મહામંત્રી દિપાલીબેન વોરા નો આજે જન્મદિવસ છે. બજરંગ સેનાના સૌરાષ્ટ્ર મહિલા મોરચાના પ્રદેશ પ્રભારી છે. જૈન વિઝન કમિટીમાં તેઓ મેમ્બર તરીકે પણ કાર્યરત છે અને નવનાત વણિક સમાજના રાજકોટ જિલ્લા મહિલા સંગઠનમાં પણ તેઓ મંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે. આ અગાઉ તેઓએ બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટમાં ૧૮ વર્ષ સતત સેવા આપી અને સરગમ કલબમાં પણ તેઓએ સેવા આપેલ છે. આજના જન્મદિવસે દિપાલીબેન વોરા ના મો. નં. ૯૯૨૫૫૨૯૩૯૮ ઉપર સમાજના અગ્રણીઓ દ્વારા શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# રઘુવંશી શૌર્ય સંગઠન દ્વારા સરકારી પરીક્ષાઓ માટે નિઃશુલ્ક કલાસ શરૂ કરાશે

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાત રાજ્યના લોહાણા સમાજના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે રઘુવંશી શૌર્ય સંગઠન સંસ્થા દ્વારા જીપીએસસી અને વર્ગ ૩ સરકારી પરીક્ષાઓ માટે નિ શુલ્ક (ગવર્મેન્ટ સ્કોલરશીપ અંતર્ગત ) ક્લાસની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ, જેમાં ધોરણ ૧૨ પાસ અને ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટેનો સોનેરી અવસર પ્રાપ્ત થઈ શકે છે. જે અંતર્ગત ટૂંક સમયમાં સેમિનારનું આયોજન થવા જઈ રહ્યું છે .

રઘુવંશી લોહાણા સમાજ દ્વારા સમાજ ના સામાજીક સમરસતા, ઉત્થાન, રોજગારી અને શૈક્ષણિક વિકાસ, વૈવાહિક સુગમતા અને રાજકીય નેતૃત્વ અને વિકાસ,ના ધ્યેય સાથે રઘુવંશી શોર્ય સંગઠન નામની સંસ્થા ની સ્થાપના કરવામાં આવી છે. આ સ્થાયી વરણી સમીતી દ્વારા સંસ્થાનું નામકરણ કરવામાં આવ્યું અને સંસ્થા,ના પ્રદેશ પ્રમુખ મયુરભાઈ નથવાણી અને વરિષ્ઠ ઉપપ્રમુખ મહેશભાઈ નગદીયાની વરણી કરવામાં આવી હતી.

સંસ્થાના સભ્યો જયદીપભાઈ તન્ના, અગ્રણી સંજયભાઈ પોપટ, અશોકભાઈ હિંડોચા, કપિલભાઈ નથવાણી, વિશાલભાઈ કેશરીયા, છે. જેની વધુ વિગત માટે અશોકભશઈ હિંડોચાનો મો. ૯૪૨૬૨૫૪૯૯૯ પર સંપર્ક કરવો.


# દેશસેવા કાજે જય જડેશ્વર બંગલો સોસાયટીના રક્તદાન કેમ્પમાં ૭૦ બોટલ રક્ત એકત્રિત



**અબતક, રાજકોટ**

રાજકોટમાં જય જડેશ્વર બંગલોઝ સોસાયટીના પરિવારજનો અને સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૭૦ બોટલ રક્તદાન થવું એ એક નોંધપાત્ર સિદ્ધિ છે ભારત અને પાકિસ્તાનની તણાવભરી પરિસ્થિતિને લઈને તેમજ ભારતીય સૈનિકો અને નાગરિકો માટે રક્તની જરૂરિયાત પહોંચી વળવા માટે રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું, અને ઘણા જરૂરિયાતમંદ લોકો માટે જીવનદાન સમાન બની રહેશે.આ પુણ્ય કાર્યમાં જય જડેશ્વર બંગલોઝ સોસાયટીના પ્રમુખ મધુસૂદનભાઈ બારોટ, વિપુલભાઈ, ગોહિલ લક્ષ્મણસિંહ તેમજ તમામ સભ્યોનો સક્રિય સહયોગ પ્રેરણાદાયી છે. તે જ રીતે, કૃષ્ણા બંગલોઝ-૩ સોસાયટીના પ્રમુખ રાજેશભાઈ સક્સેના અને ઉપપ્રમુખ નીરપેશભાઈ શર્માએ પણ આ સેવાકીય કાર્યમાં પોતાનું યોગદાન આપીને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉમદા કાર્યને સફળ બનાવવામાં પોતાનો કિંમતી સમય અને સહકાર આપ્યો. રક્તદાન એ એક મહાન દાન છે અને આ કેમ્પમાં જોડાયેલા દરેક વ્યક્તિએ માનવતાની સેવા કરી છે.

# દર્દી નારાયણની સેવાનું સાચું સરનામું એટલે સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ મેડિકલ



**અબતક, રાજકોટ**

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોર, (નાના મવા ચોક,આર.કે.પ્રાઈમ,સિલ્વર હાઈટસ પાસે,રાજકોટ) ખાતે ચાલી રહેલ, સદભાવના વૃદ્ધાશ્રમના મેડિકલ સ્ટોરમાં અત્યારે રોજનું ૧૦ લાખ રૂપિયાની દવાઓનું વેંચાણ થઈ રહ્યું છે અને માત્ર દસ મહિનાના ટૂંકા ગાળામાં કરોડો રૂપિયાની રાહત દર્દીઓને અપાઈ ચુકી છે, ૨૦% થી લઈ ૬૫% સુધી ડિસ્કાઉન્ટ અપાય છે, એટલે કે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોર દર્દીનારાયણ, દરિદ્ર નારાયણની સેવા માટે ભગીરથ કાર્ય કરવામાં નિમિત બન્યું છે. ૩૫ લોકોનો સ્ટાફ કાર્યરત છે,

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોર દ્વારા પડતર કિમતે દવા અને સર્જીકલ સાધનોનું વેચાણ કરતો એક સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોર શરૂ કરવો એવો નિર્ધાર કર્યો અને ૧૦ મહિના પૂર્વે નાના મવા સર્કલ પાસે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોર શરૂ કર્યો.

દવાની વધતી જતી માંગ અને દર્દીનારાયણને વધુને વધુ આ સેવાનો લાભ મળે તે હેતુથી સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોરના સંચાલકો દ્વારા જરૂરીયાતમંદ દર્દીનારાયણ-દરીદ્રનારાયણની સેવામાં વધુ એક મેડીકલ સ્ટોર રાજકોટના રૈયા રોડ ખાતે શરૂ કરાયો છે. વધુ વિગતો માટે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોર, મો. ૬૩૫૧૦ ૧૨૧૮૨ નો સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલસ્ટોરનાં માનદ સંચાલક ભુપતભાઈ રાદડિયાનો સંપર્ક કરવો.

# સાહિત્ય સેતુના પુસ્તક પરબને હોંશે હોંશે વધાવતા વાંચક પ્રેમીઓ



**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત વાંચન પ્રવૃતિને વેગ મળે,શહેરીજનો વાંચતા થાય તે માટે ૨ જી ઓક્ટોબર ૨૦૨૧ ગાંધી જયંતિના પવિત્ર દિવસે શરૂ કરવામાં આવેલ સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પરબનો ૪૫ મો મણકો કાલાવડ રોડ પર આવેલ કોટેચા ગર્લ્સ સ્કૂલમાં વાંચકો,ભાવકો,સર્જકો તેમજ પ્રબુધ્ધ નાગરિકોના બહોળા સમુદાયની ઉપસ્થિતિમાં ખુબજ ઉમળકાભેર સંપન્ન થયો હતો.

પુસ્તક પરબમાં વાંચનપ્રેમીઓ માટે ધાર્મિક આધ્યાત્મિક ચિંતનાત્મક ઐતિહાસિક વિજ્ઞાન પ્રવાસ સહિતના વિષયના પુસ્તકો રાખવામાં આવે છે

પુસ્તક પરબના ૪૫માં મણકામાં શહેરના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ,રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનીષભાઈ રાડિયા,સાહિત્યપ્રેમી વિનુભાઈ ઝગડા, કવિ હર્ષદ દવે, પહોચ્યા હતા. રાજકોટ નગરના પુસ્તકપ્રેમીઓ,વાંચકો,સાહિત્યપ્રેમીઓ સૌ કોઈને દર મહિનાના પહેલા રવિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધીમાં અનુકૂળતાએ પધારવાનું લાગણીસભર નિમંત્રણ છે

પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી પૂછપરછ માટે સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશી મો. નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

# એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિસે રેફ્રિજરેટર અને એર કન્ડિશનર ૧૫ ટકા સુધી કેશબેકની ઓફર

**અબતક, રાજકોટ**

એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિસે પોતાના હોમ એપ્લાયન્સિસ અપગ્રેડ કરવાની યોજના ધરાવતા ગ્રાહકો માટે વિશેષ ઉનાળાની ઓફર્સ રજૂ કરી છે. આ મર્યાદિત સમયગાળાનું કેમ્પેઈન રેફ્રિજરેટર્સ અને એર કન્ડિશનર્સ ઉપર ૧૫ ટકા સુધી કેશબેક તથા નો-કોસ્ટ ઈએમઆઈ વિકલ્પ આપીને ખરીદીને વધુ વાજબી બનાવે છે.

આ મર્યાદિત સમયગાળાનું કેમ્પેઈન ૦૧ મેથી ૩૧ મે, ૨૦૨૫ સુધી ચાલી રહ્યું છે, જે નો-કોસ્ટ ઈએમઆઈ પ્લાન, તાત્કાલિક મંજૂરી અને લઘુત્તમ દસ્તાવેજીકરણ સાથે વાજબીપણા અને સુવિધા બંન્નેને એકીકૃત કરે તે પ્રકારે ડિઝાઈન કરાયું છે. સમગ્ર ભારતમાં ઉપલબ્ધ આ ઓફર અગ્રણી ઉત્પાદકો અને વિતરકો સાથેની ભાગીદારી દ્વારા સંચાલિત છે.

તમે ઘરે નવું ફ્રિજ લાવો કે પછી ગરમીનો સામનો કરવા માટે એસી ઈન્સ્ટોલ કરો, એચડીબીએફએસ સુવિધા અને બચત સાથે તમારી અનુકૂળતા સુનિશ્ચિત કરે છે. આખરે તો, એસી હો યા ફ્રિજ, ઈએમઆઈ હો તો હો જાયેગા.

પ્રોડક્ટની યોગ્યતા, ઈએમઆઈ પ્લાન અને લોનની વિશેષતા વિશે વધુ જાણકારી માટે,

એચડીબી ઓન-ધ-ગો મોબાઈલ એપ ડાઉલોડ કરે

અથવા www.hdbfs.com અથવા એચડીબી ઓન-ધ-ગો મોબાઈલ એપ જૂએ

અથવા નજીકના એચડીબી પ્રતિનિધિનો સંપર્ક કરે

આ લોંચ ઓફર અંગે એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિસના સેલ્સ ફાઈનાન્સના વડા આકાશ બરારિયાએ કહ્યું હતું કે, અમે ઉનાળાના મહિનાઓમાં ઘરમાં સુવિધાની મહત્વતાને સમજીએ છીએ. આ કેમ્પેઈન વાજબીપણા, સુવિધા અને મૂલ્યને એકસાથે લાવીને ગ્રાહકોને નાણાકીય તણાવ વગર તેમના એપ્લાયન્સિસ અપગ્રેડ કરવા સક્ષમ કરે છે. અમે લઘુત્તમ દસ્તાવેજીકરણ, સરળ રિપેમેન્ટની શરતો અને તાત્કાલિક મંજૂરીઓ દ્વારા નો-કોસ્ટ ઈએમઆઈ વિકલ્પો ઓફર કરીએ છીએ, જેથી ગ્રાહકો માટે ઉનાળામાં ગરમીનો સામનો કરવો સરળ બની જાય છે.

એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસ સ્પર્ધાત્મક અને ગ્રાહક-કેન્દ્રિત નાણાકીય ઉકેલો પૂરા પાડવાની તેની નિરંતર કટીબદ્ધતાના ભાગરૂપે આ મર્યાદિત સમયની ઓફર રજૂ કરી રહી છે. ફ્લેક્સિબલ ફાઈનાન્સિંગ વિકલ્પો અને આકર્ષક કેશબેક ડીલ્સ ઓફર કરીને એચડીબીએફએસ ગ્રાહકોને તેમના ઘરો માટે સ્માર્ટ, સસ્તું પસંદગીઓ કરવા માટે સશક્ત બનાવે છે.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા દર્દીઓ માટે રાહતદરે મેડીકલ સાધનોની સુવિધા

**અબતક, રાજકોટ**

માનવ સેવા એજ પ્રભુ સેવા અને દર્દી દેવો ભવઃ ના સૂત્રને ખરા અર્થ માં ચરિતાર્થ કરવાના ભાગરૂપે સેવા સંસ્થા યુવા સેના ટ્રસ્ટ દ્વારા ગરીબ-જરૂરીયાતમંદ દર્દી ઓ માટે અદ્યતન અને અતિ કિંમતી એવા વિવિધ પ્રકારના મેડિકલ સાધનોની સુવિધા છેલ્લા ૧૧ વર્ષથી ઉપલબ્ધ છે. ડિપોઝીટ જમા કરાવી રોજના નજીવા ટોકન દરે ભાડે સંસ્થાના કાર્યાલય સેવા ભવન, ભોલેનાથ સોસાયટી શેરી નં.૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરુપ્રસાદ ચોક પાસે મેડિકલ સાધનો મળી રહે છે ડિપોઝીટની રકમ સાધન પરત કર્યે તુરત જ પાછી આપવામાં આવે છે. આ મેડિકલ સાથેનોની સેવા દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ સુધી ચાલુ હોવાનું વૃધ્ધોને મેડીકલ સાધન તેમના ઘરે પહોંચાડવા માટે સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવામા આવેલ છે. તેમ પ્રમુખ શ્રી પ્રધ્યુમનસિંહ ઝાલાએ જણાવ્યું છે.

રાજકોટ તથા આજુબાજુ ના વિસ્તારના લોકો બહોળી સંખ્યામાં મેડીકલ સાધનોનો લાભ લઈ રહયા છે.

ટ્રસ્ટમાં આધુનિક મેડિકલ સાથેનો જેવા કે વોટરબેડ, એરબેડ, વ્હીલચેર, ઓર્થોપેડીક પલંગ, નેબ્યુલાઈઝર, બેડપાન, વોકર, ગરમ પાણીની શેકની કોથળી તથા ઈલેકટ્રીક શેકની કોથળી, પ્લાસ્ટીક બેડ પેન, ટોયલેટ ચેર, પ્લાસ્ટીક યુરીનપોટ, કમર બેલ્ટ, નેક બેલ્ટ, હાથ-પગના મોજા, પેરાલીસીસ સ્ટીક, સકશન મશીન, સ્ટીમ ઈન્હેલર, મસાજર, પલ્સ ઓકિસમીટર તથા દરેક પ્રકારના પટ્ટા વિગરે અનેક પ્રકારના મેડિકલ, સર્જીકલ સાધનો ઉપલબ્ધ છે. વિશેષમાં આવા અત્યાધુનિક સાધનોનો વધુ ને વધુ જરૂરિયાતમંદ દર્દીઓ લાભ લઈ શકે તે યુવા સેના ટ્રસ્ટનો ઉદ્દેશ છે તથા ઘરે બીનઉપયોગી પડેલ હોય તેવા કોઈપણ મેડીકલ સાધનો આપવા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલાને ૮૪૬૦૬૯૬૧૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજકોટ સહિત દેશના ૩૨ એરપોર્ટ આજથી પુન: ધમધમ્યા

## ગુજરાતના કંડલા, કેશોદ, જામનગર, નલિયા, મુંદ્રા, હીરાસર (રાજકોટ) અને પોરબંદર એરપોર્ટ બે દિ'' પહેલા શરૂ :ઈન્ડિગોન એર ઈન્ડિયા દ્વારા બુકિંગ શરૂ કરાયા બાદ રાબેતા મુજબ ફ્લેટ શરૂ કરાશે

**અબતક રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે ઊભી થયેલી યુદ્ધની સ્થિતિને પગલે ૧૦ મેના રોજ રાજ્યનાં ૮ સહિત દેશભરનાં ૩૨ એરપોર્ટ્સ ૧૪ મે સુધી બંધ કરવામાં આવ્યાં હતાં. જોકે હવે ૧૦ મેના રોજ સાંજના ૫ વાગ્યે બન્ને દેશે સીઝફાયરની જાહેરાત કરી હતી, એને પગલે હવે જનજીવન પૂર્વવત થવા લાગ્યું છે. હાલની આ સ્થિતિને ધ્યાનમાં લઈ ગુજરાતના બંધ કરાયેલા ૮ એરપોર્ટ પણ શરૂ કરવામાં આવ્યા છે.એરપોર્ટ ઓથોરિટીએ પરમિશન આપતાં પેસેન્જર ફ્લાઈટ માટે ૧૪ મેને બદલે હવે ૨ દિવસ પહેલા જ આ એરપોર્ટ શરૂ કરવામાં આવ્યા છે. ઈન્ડિગો અને એર ઈન્ડિયા દ્વારા બુકિંગ શરૂ કરાયા બાદ ફ્લાઈટ રાબેતા મુજબ શરૂ કરાશે.ઉલ્લેખનીય છે કે, ૧૦ મેના રોજ ૧૪ મે સુધી ગુજરાતના ભુજ, કંડલા, કેશોદ, જામનગર, નલિયા, મુંદ્રા, હીરાસર (રાજકોટ) અને પોરબંદર એરપોર્ટ બંધ કરાયાં હતાં. યુદ્ધવિરામ બાદ સ્થિતિ સામાન્ય થતાં સરકારી કર્મચારીઓની રદ થયેલી રજાઓ મામલે પણ આજે મહત્ત્વનો નિર્ણય લેવાઈ શકે.ટૂંક સમયમાં ઈન્ડિગો-એર ઈન્ડિયામાં બુકિંગ શરૂ થશે પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈકને કારણે રાજકોટ




ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી તમામ ફ્લાઈટ્સ ૭થી ૧૪ મે સુધી રદ કરવા માટેની જાહેરાત કરાઈ હતી, જોકે યુદ્ધવિરામની જાહેરાત થતાં આજથી મુસાફર લક્ષી ફ્લાઈટ્સ શરૂ કરવા માટે એરપોર્ટ ઓથોરિટી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ઈન્ડિગો અને એર ઈન્ડિયા એરલાઈન્સ દ્વારા બુકિંગ શરૂ કરવામાં આવશે અને ત્યાર બાદ ફ્લાઈટ્સનો પ્રારંભ થશે.રાજકોટ-અમદાવાદ હાઈવે પર હીરાસરમાં સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઊપડનારી તમામ ૧૦ ફ્લાઈટ્સ ૭થી ૧૪ મે સુધી રદ કરવામાં આવી હતી, જેથી દૈનિક ૩,૨૦૦ હવાઈ મુસાફરને ટ્રેન, બસ અથવા તો કાર મારફત જવું પડતું હતું. ઈન્ડિગો અને એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવતાં દરરોજ રાજકોટ એરપોર્ટ પર આવતાં ૧૫૦૦ તો અહીંથી હવાઈ ઉડાન ભરી જતાં ૧૭૦૦ મુસાફર મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, એટલે કે ૩૨૦૦થી વધુ મુસાફરો હેરાનગતિમાં મુકાયા હતા. તમામ જરૂરી તૈયારીઓ નિર્ધારિત સમય કરતાં પહેલાં પૂર્ણ થઈ ગઈ હોય અને એરપોર્ટ ઓથોરિટી દ્વારા જરૂરી મંજૂરીઓ પણ સમયસર મળી ગઈ જો કે નવી સુવિધા રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર માટે વિકાસના નવા દરવાજા ખોલશે અને લોકોના જીવનધોરણમાં સુધારો લાવવામાં મદદરૂપ સાબિત થશે,જોકે રાજકોટ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તાજેતરમાં જ પેસેન્જર ફ્લાઈટ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે જેથી મુસાફરોને રાહત થઈ છે.ઈન્ડિગો અને એર ઈન્ડિયા જેવી મોટી એરલાઈન્સે અહીંથી ફ્લાઈટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે, જે રાજકોટને દેશના મુખ્ય મેટ્રો શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને હૈદરાબાદ સાથે સીધી હવાઈ માર્ગે જોડશે. ભવિષ્યમાં અન્ય એરલાઈન્સ પણ આ સેવામાં જોડાવાની શક્યતા છે. આનાથી પ્રવાસીઓ માટે ટિકિટ બુકિંગ અને મુસાફરીનું આયોજન વધુ સરળ બનશે. સીધી ફ્લાઈટ સેવાઓ શરૂ થવાથી લોકોના સમય અને મુસાફરી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. પહેલાં મોટા શહેરોમાં જવા માટે લોકોને અમદાવાદ અથવા અન્ય દૂરના એરપોર્ટ પર નિર્ભર રહેવું પડતું હતું, જે હવે ટળશે.આંતરરાષ્ટ્રીય સ્તરનું એરપોર્ટ હોવાથી ભવિષ્યમાં અહીંથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ શરૂ થઈ શકે છે, જે આ ક્ષેત્રને સીધું વિશ્વના અન્ય ભાગો સાથે જોડશે. આનાથી આયાત-નિકાસ અને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને વધુ વેગ મળશે.

# કમળાનો કહેર યથાવત:વધુ ચાર દર્દી મળ્યા,મેલેરિયા અને ટાઈફોઈડનો પણ એક-એક કેસ

## શરદી-ઉધરસના ૫૯૪ કેસ, સામાન્ય તાવના ૬૫૦ કેસ અને ઝાડા -ઉલટીના ૨૦૪ કેસ નોંધાયા:પાણીનું એક સેમ્પલ પરીક્ષણમાં ફેઈલ

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા આજે રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. સતત વરસાદી વાતાવરણના કારણે શહેરમાં પાણીજન્ય રોગચાળાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે.ગત સપ્તાહે શહેરમાં કમળા તાવના નવા ચાર દર્દીઓ મળી આવ્યા હતા.જ્યારે મેલેરિયાએ પણ દેખા દીધી છે મેલેરીયા અને ટાઈફોડ તાવના નવો એક એક કેસ મળી આવ્યો હતો.

છેલ્લા એક સપ્તાહમાં શહેરની અલગ અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલમાંથી શરદી ઉધરસના ૫૯૪ કેસ મળી આવ્યા હતા. જ્યારે સામાન્ય તાવના ૬૫૦ દર્દીઓ નોંધાયા છે.ઝાડા- ઉલટીના ૨૦૪



કેસ નોંધાયા છે.કમળાના કહેર યથાવત રહ્યો છે નવા ચાર દર્દીઓ મળી આવ્યા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા ચાર મહિનામાં શહેરમાં કમળા તાવના ૪૧ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનની ટીમો દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૨૪૧૯૮ ઘરોમાં પોરા નાશક કામગીરી કરવામાં આવી હતી. જ્યારે ફિલ્ડ વર્ક રો દ્વારા ૨૦૫ ઘરોમાં ફોગિંગની કામગીરી કરવામાં આવી છે. બાંધકામ સાઈટ,સ્કૂલ, હોસ્પિટલ, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ ભંગારના ડેલા, સેલર, કોમ્યુનિટી હોલ, વાડી, પાર્ટી પ્લોટ ધાર્મિક સ્થળો પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની હોય તેવી ૬૧૬ મિલકતોમાં મચ્છરોના ઉપદ્રવ અંગે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું .જે પૈકી ૩૮ સ્થળેથી મચ્છરોના પોરા મળી આવતા તમામને નોટિસ આપવામાં આવી છે.આ ઉપરાંત રહેણાંક હેતુની ૯૬ મિલકતોમાં મચ્છરના લારવા મળી આવ્યા હતા છે જે તમામને નોટિસ આપવામાં આવી છે.જ્યાં માનવ સમુદાય વધુ એકત્રિત થતો હોય તેવા સ્થળો પર ફોગિંગ કરવામાં આવી રહ્યું છે.પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે અલગ અલગ વિસ્તારોમાંથી ૪૫૧ સ્થળેથી પાણીના નમૂના લઈ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યો હતો.જે પૈકી માત્ર એક જ નમૂનો પરીક્ષણમાં નાપાસ જાહેર થયો છે.છેલ્લા એકાદ સપ્તાહથી શહેરમાં વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે જેના કારણે રોગચાળો વકાર્યો હોય તેવું લાગી રહ્યું છે.

કોર્પોરેશન ની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાચા આંકડાઓ ક્યારેય જાહેર કરવામાં આવતા નથી. ૨૦ લાખની વસ્તી વચ્ચે મેલેરિયા અને ટાઈફોડના માત્ર એક - એક કેસ જ નોંધાય તે વાત પ્રથમ નજરે જ માની શકાય તેવી નથી.

# ૨૪૦ સીટમાં આટલું જ યુધ્ધ જોવા મળે,આખું યુદ્ધ જોવું હોય તો ૪૦૦ બેઠકો આપવી પડે:ભાજપના કોર્પોરેટરની પોસ્ટથી વિવાદ

## વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર અને ટીપી સમિતિના ચેરમેન ચેતન સુરેજાએ ભાજપના ગ્રુપમાં મુકેલી પોસ્ટથી ખળભળાટ

**અબતક રાજકોટ**

જમ્મુ કાશ્મીર ના પહેલગામમાં થયેલા આતંક હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ ભારે તણાવ જેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ પામી છે દરમ્યાન છેલ્લા બે દિવસથી થોડી શાંતિ થઈ જવા પામી છે. દરમ્યાન આજે શહેરના વોર્ડ નં. ૧૦ ના ભાજપના કોર્પોરેટર અને ટીપી સમિતિના ચેરમેન ચેતનભાઈ સુરેજાએ ભાજપના એક ગ્રુપમાં એવી પોસ્ટ મૂકી હતી કે ૨૪૦ બેઠકોમાં આટલું યુદ્ધ જ જોવા મળે જો આખું યુદ્ધ જોવું હોય તો ૪૦૦ બેઠકો આપવી પડે.તેઓની આ પોસ્ટથી ભારે વિવાદ સર્જાયો છે સામાન્ય રીતે યુદ્ધની પરિસ્થિતિમાં ત્યારે રાજકારણ રમવું જોઈએ નહીં પરંતુ તેઓની યુદ્ધ સાથે પણ લોકસભાની બેઠકોની ગણતરી કરતા વિપક્ષ તેઓની પર તૂટી પડ્યો છે.અત્રે ઉલ્લેખની છે કે છેલ્લા બે ત્રણ દિવસથી સોશિયલ મીડિયામાં એવું ફરી રહ્યું છે કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો સુધી સીમિત રાખવામાં આવ્યો હતો. ૨૪૦ બેઠકો હોય ત્યારે આટલું જ યુદ્ધ જોવા મળે જો આખું યુદ્ધ જોવું હોય તો ભાજપને ૪૦૦ બેઠકો આપવી પડે.સોશિયલ મીડિયા પર ફરતી આ પોસ્ટને વોર્ડ નં.૧૦



ના ભાજપના કોર્પોરેટર ચેતનભાઈ સુરેજાએ પોતાની પોસ્ટ ગણાવી ભાજપના એક ગ્રુપમાં મૂકી દીધી છે. જેના કારણે વારે વિવાદ ઉભો થયો છે.ભાજપમાં ગ્રુપમાં મૂકેલી આ પોસ્ટમાં તેઓ હાસ્ય કરતા હોય તેવો ફોટો મૂકવામાં આવ્યો છે જેના કારણે પણ વિવાદ વધુ વકર્યો છે.આ ઘટનાને લઈને વિપક્ષ કોંગ્રેસ પણ આ ચેતન સુરેજા પર તૂટી પડ્યું છે. વિવાદ વકારતા તેઓએ તાત્કાલિક અસરથી આ પોસ્ટને ડીલીટ પણ કરી નાખી. સામાન્ય રીતે જ્યારે યુદ્ધની પરિસ્થિતિ હોય ત્યારે સેનાની મનોબળ વધુ મજબૂત થાય તેવા પ્રયાસો કરવા જોઈએ નહીં કે રાજકારણને વધુ રંગ મળે તેવા હિન્ન પ્રયાસ.પહેલગામ હુમલા બાદ તમામ વિપક્ષે એક અવાજે સરકારને સમર્થન જાહેર કર્યું છેકેન્દ્ર સરકાર દ્વારા કોઈપણ પગલાં લેવામાં આવે તેને સમર્થન આપી દેવામાં આવ્યો છે ત્યારે સામાન્ય નાગરિકો દ્વારા જે પોસ્ટ છેલ્લા બે ચાર દિવસથી સોશિયલ મીડિયા પર વાયરસ કરવામાં આવી રહી છે આ પોસ્ટને ભાજપના જ કોર્પોરેટરે ભાજપના એક ગ્રુપમાં મુકતા પક્ષની હાલત શરમભનક સ્થિતિમાં મુકાય ગયું છે. આગામી દિવસોમાં આ પોસ્ટને લઈને નવો જ વિવાદ ઉભો થવાની શક્યતા પણ નકારી શકાતી નથી.

# ૬૦ વેપારીઓ પાસેથી પકડાયું માત્ર ૫ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક

## ગંદકી કરનારાઓ પાસેથી રૂ.૧૬૪૫૦ નો દંડ વસુલ કરાયો

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા છેલ્લા ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૫.૨૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામા આવ્યું હતું.ગંદકી કરનારા આસામીઓ પાસેથી રૂ ૧૬૪૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૩.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૮૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૩૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

### નકલંક મહાદેવ મંદિરના લાભાર્થે

# લીંબડીયા હનુમાન દાદાનો બુધવારે પંચાવ માંડવો

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં લીબડીયા હનુમાનદાદા સેવકએ આપી માહિતી

**અબતક,રાજકોટ**

શ્રી લીંબડીયા હનુમાન દાદા સમસ્ત સેવક દળ દ્વારા આજીડેમ ચોકડીથી આગળ લક્કિરાજ પાર્ટી પ્લોટ પાછળ જૂનો મહિકા મેઈન રોડ હિંગળાજ પાન વાળી શેરી નકલંક પાર્ક ખાતે તા ૧૪-૫ બુધવારના રોજ નકલંક મહાદેવ મંદિરના લાભાર્થે શ્રી લીંબડીયા હનુમાન ખાતે ૨૪ કલાક માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે

મંગલ ધાર્મિક સોનેરી અવસરો મંડપ થાંભલી રોપવાનું મુહુર્ત : બુધવાર તા ૧૪-૫-૨૦૨૫ ના સવારે ૭:૦૦ કલાકે, મહાપ્રસાદ : બુધવાર તા ૧૪-૫-૨૦૨૫ ના બપોરે ૧૧:૦૦ કલાકે, સાંજે ૭:૦૦ કલાકે, થાંભલી વધાવવાનું શુભ મુહુર્ત



: ગુરૂવાર તા ૧૫-૫-૨૦૨૫ ના સવારે ૭:૦૦ કલાકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

નવરંગા માંડવામાં રાવળદેવ તરીકે ગુરુ ચેલાની જોડી જયદિપભાઈ ગોહિલ અને જીતુભાઈ બેડલા રંગ જમાવશે.

આ નવરંગા માંડવામાં મહંત ગિરનારી બાપુ (જળીયા મહાદેવની જગ્યા), મહંત વાલજીભગત (કાળાસર જગ્યા-કોળી સમાજ), સનાતન ધર્મ પરિષદ રાષ્ટ્રીય સચિવ ૧૦૦૮ મહંત રઘુવીર દાસ બાપુ, લક્ષ્મીઆઈ (મોગલ ધામ-આજીડેમ) સહિત અનેક સાધુ સંતો હાજરી આપશે

લીંબડીયા હનુમાન દાદા સમસ્ત સેવક તેમજ વિર વચ્છરાજ સેવા ગૃપ - વિરપર, નવદુર્ગા સેવા ગૃપ - ગુંદા, મોગલ ગૃપ -ઢાંઢણી, આધ્યા શક્તિ સેવા મંડળ - ભેઠુડા, બજરંગ સેવા મંડળ - જીવાપર, મેલડી માં મિત્ર મંડળ- ગંજીવાડા, લીંબડીયા હનુમાન ગૃપ - માંડા ડુંગર, બાલક હનુમાન ગૃપ - માંડા ડુંગર, માંધાતા રામામંડળ - માંડા ડુંગર, હરસિધ્ધી હનુમાન ગૃપ માંડા ડુંગર, ત્રંબકેશ્વર મહાદેવ તીરૂમાલા ગૃપ - માંડા ડુંગર, રઘુનંદન ગરબી મંડળ ગૃપ - માંડા ડુંગર, સતગુરૂ ગરબી મંડળ ગૃપ -માંડા ડુંગર, ગોકુળ પાર્ક ગરબી મંડળ ગૃપ - માંડા ડુંગર, માધવ વાટીકા ગરબી મંડળ ગૃપ- માંડા ડુંગર, માંડા ડુંગર મહાકાળી ગરબી મંડળ ગ્રુપ, સહિતના મંડળએ તીરૂમાલ, સર્વે શકિત ગરબી મંડળ સેવાઓ આપશે.

# પાકે આંતકવાદ સામેની લડાઈને પોતાનો જંગ માનતા ભારતે જડબાતોડ જવાબ આપ્યો

## પાકની નાપાક પ્રવૃત્તિઓના અડ્ડાઓ તબાહ : ત્રણેય સેનાના વડાઓનો ખુલાસો


## આતંકવાદ સામેની લડાઈમાં પાકિસ્તાને ઝુકાવતા ભારતે દાંત ખાટા કરી દીધા

## પાકનો ચાઈનીઝ મિસાઈલથી હુમલાનો પ્રયાસ નિષ્ફળ : સેનાએ તોડી પાડ્યું

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) વચ્ચે યુદ્ધવિરામ લાગુ કરવા માટે થયેલા કરાર બાદ પાકિસ્તાન દ્વારા વારંવાર ઉલ્લંઘનને કારણે તણાવ વધ્યો હતો. બંને પક્ષો ભારતીય સમય મુજબ સાંજે ૫:૦૦ વાગ્યે જમીન, હવા અને સમુદ્ર પર તમામ લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા હોવા છતાં પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના અખનૂર સેક્ટરમાં ગોળીબાર શરૂ કર્યો હતો જયારે સરહદ પર ડ્રોન તૈનાત કરીને થોડા કલાકોમાં જ સમજૂતીનો ભંગ કર્યો હતો. જેનો ભારતીય સેના દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ પાકિસ્તાનની પીએલ-૧૫ મિસાઈલને તોડી પાડી હતી. ઉપરાંત પાકિસ્તાની ડ્રોનને લેસરગનથી તોડી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યવાહી અંગે સેનાની ત્રણેય પાંખના વડાઓએ પત્રકાર પરીષદ સંબોધી સમગ્ર વિગતો આપી હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ પણ હાજર હતા. અહીં તેમણે કહ્યું કે, 'જમ્મુ અને કાશ્મીરમાં ઘણા સમયથી આતંકવાદી હુમલાઓ થઈ રહ્યા હતા. પહલગામમાં આતંકવાદના પાપનો ઘડો ભરાઈ ગયો હતો. અમે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પહેલાથી જ તૈયાર કરી દીધી હતી. પાકિસ્તાન વાયુસેનાએ હુમલો કરવાના અનેક પ્રયાસો કર્યા, પરંતુ બધા નિષ્ફળ ગયા હતા.



લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનના દેશના ડ્રોન અને શસ્ત્રોનો નાશ કરવાના પ્રયાસો નિષ્ફળ ગયા અને બાકીના ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. હું બીએસએફની પણ પ્રશંસા કરવા માંગુ છું. રક્ષકો અમારા અભિયાનમાં જોડાયા અને બહાદુરીથી અમને ટેકો આપ્યો હતો. આના કારણે પાકિસ્તાનની નાપાક પ્રવૃત્તિઓનો નાશ થયો હતો. જ્યારે ઉત્સાહ ઊંચો હોય છે, ત્યારે લક્ષ્યસ્થાનો પણ તમારા પગ ચુંબન કરે છે.

વાઈસ એડમિરલ એએન પ્રમોદે જણાવ્યું હતું કે, દરિયાઈ દળનો ઉપયોગ હવાઈ ક્ષેત્ર સહિત સતત દેખરેખને સ્થિર કરવા માટે કરવામાં આવ્યો હતો. નૌકાદળ વારાફરતી હવા, સપાટી અને ભૂગર્ભના જોખમોને શોધી કાઢવામાં સક્ષમ હતું. દરિયાઈ દળ સતત દેખરેખ સુનિશ્ચિત કરવામાં સક્ષમ હતું. બહુવિધ સેન્સર અને ઈનપુટ્સનો અસરકારક રીતે ઉપયોગ કરીને અમે સતત દેખરેખ રાખી રહ્યા છીએ. તેથી જ અમે આ જોખમોને નિષ્ક્રિય કરવામાં સક્ષમ હતા. અમે મહત્તમ રડારનો ઉપયોગ કર્યો અને બધી ઉડતી વસ્તુઓ પર નજર રાખી, પછી ભલે તે ડ્રોન હોય, ફાઈટર જેટ હોય.

તેમણે વધુમાં કહ્યું કે, આ બધા એક જટિલ સ્તરીય સંરક્ષણ મિકેનિઝમના છત્ર હેઠળ સંચાલિત થાય છે. કોઈપણ હવાઈ લક્ષ્ય જે આ પરપોટામાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે તેને શોધી કાઢવામાં આવે છે અને વ્યાપારી, તટસ્થ અને જોખમી પદાર્થો વચ્ચે તફાવત કરવા માટે ઓળખવામાં આવે છે.

પ્રેસ બ્રીફિંગમાં એર માર્શલ એકે ભારતીએ કહ્યું કે, અમારી લડાઈ આતંકવાદ અને આતંકવાદીઓ સામે છે, તેથી અમે પહેલા આતંકવાદીઓના ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. પરંતુ પાકિસ્તાને આતંકવાદીઓને ટેકો આપવાનું યોગ્ય માન્યું. તેથી, પાકિસ્તાને આ લડાઈને પોતાની લડાઈ બનાવી, તેથી તેમને જવાબ આપવો જરૂરી હતો. એર માર્શલ એકે ભારતીએ વધુમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની સેના આતંકવાદ સામેની લડાઈને પોતાની લડાઈ માને છે. આપણા હવાઈ સંરક્ષણમાં પ્રવેશ કરવો અશક્ય છે.

### ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ અભેદ્ય : એ કે ભારતી

વાયુસેના મિશનના ડીજીએઓ અવધેશ કુમાર ભારતીએ જણાવ્યું હતું કે, આપણું વાયુ સંરક્ષણ અભેદ્ય છે. પાકિસ્તાને ચાઈનીઝ પીએલ ૧૫-ઈ થી હુમલો કર્યો, પરંતુ તે આપણી હવાઈ સંરક્ષણ બંદૂકને ભેદી શક્યું નહીં. તે જ સમયે, ભારતના મિસાઈલ હુમલાને કારણે રહીમ યાર ખાન એરબેઝ પર એક મોટો ખાડો રચાયો હતો. તેમણે કહ્યું કે, ભારતીય હુમલામાં નૂર યાર અને રહીમ યાર ખાન એરબેઝ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. તેમણે કહ્યું કે, ભારતના સંરક્ષણ કવચએ ખૂબ સારું કામ કર્યું છે. પાકિસ્તાનના તમામ ડ્રોનને લેસર ગનથી તોડી પાડવામાં આવ્યા હતા.

# જિલ્લા શિક્ષણાધિકારીની કાયમી નિમણૂક કરવા માંગ

## રાજકોટ શહેર અને જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આજે સાંસદના કાર્યાલય વી.બી ભેસદડિયાને આવેદન અપાયુ

## રાજકોટની વિવિધ શાળાઓના પડતર પ્રશ્નો અંગે તાત્કાલિક નિવારણ લાવવા રજૂઆત કરવામાં આવી



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષકો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકો તેમજ ઓ. એસ. અને કારકુનો પોતાની મનમાનીથી વહીવટી કામગીરી કરતાં હોય, આમ શાળાઓના, વિદ્યાર્થીઓના તેમજ કર્મચારીઓના શૈક્ષણિક અને વહીવટી તમામ કામો ઠપ થઈ ગયેલ છે, શાળાઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના શૈક્ષણિક તેમજ વહીવટી કામો સંપૂર્ણપણે અટકી ગયા છે અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો વહીવટ ખૂબ જ ખરાબ થઈ ગયો છે. શિક્ષણ પ્રણાલી પર નકારાત્મક અસર પડી રહી છે અને જે તે વ્યક્તિઓના હક્કો પણ સમયસર મળતા નથી. આશા છે કે તમારી રજૂઆતને ધ્યાનમાં લઈને વહેલી તકે કાયમી જિલ્લા શિક્ષણાધિકારીની નિમણૂક કરવામાં આવશે અને વહીવટી કાર્યમાં સુધારો લાવવામાં આવશે.અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો વહીવટ ખાડે ગયેલ હોય, ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર કચ્છમાં રાજકોટ -જિલ્લા શિક્ષણાધિકારીની જગ્યા મહત્વની હોય, જે લાંબાગાળાથી ઈન્ચાર્જથી ચાલતી હોય, જેના કારણે આ પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે, તો સત્વરે કાયમી જિલ્લા શિક્ષણાધિકારી મળે અને પ્રશ્નોનો ઉકેલ આવે તે અંગે સાંસદ કાર્યાલયે આવેદન પાઠવવામાં આવ્યું હતું જેમાં અધ્યક્ષ ડો.પ્રિયવદન કોરાટ,ઉપાધ્યક્ષ દિનેશ ભુવા,પ્રમુખ રસિક ભંડેરી, સહિતના ઉપસ્થિત રહ્યા હતા જે વહીવટી પ્રક્રિયાની ખામી દર્શાવે છે. આ પ્રક્રિયાને સરળ બનાવવાની જરૂર રાજકોટ જિલ્લામાં વ્યાયામ શિક્ષકોની સંખ્યા અને ખાલી જગ્યાઓ કર્મચારીઓની મનમાનીના કારણે શાળાઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના શૈક્ષણિક અને વહીવટી કામો ઠપ થઈ ગયા છે અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો વહીવટ કથળી ગયો છે.

સૌરાષ્ટ્ર કચ્છમાં રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની મહત્વની જગ્યા લાંબા સમયથી ઈન્ચાર્જથી ચાલતી હોવાથી આ સમસ્યાઓ વધી છેકે સત્વરે કાયમી જિલ્લા શિક્ષણાધિકારીની નિમણૂક થાય અને વિવિધ પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે યોગ્ય કાર્યવાહી કરવામાં માટે રજૂઆત કરવામાં આવી છે

### વ્યાયામ શિક્ષકની ખાલી જગ્યા સહિતના પ્રશ્નો અંગે ગુંચવણ

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં શાળાઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના શૈક્ષણિક તેમજ વહીવટી કામો અટકી ગયા છે અને કચેરીનો વહીવટ કથળી ગયો છે. સૌરાષ્ટ્ર કચ્છમાં રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની મહત્વની જગ્યા લાંબા સમયથી ઈન્ચાર્જથી ચાલતી હોવાથી આ પરિસ્થિતિ વધુ વણસી છે. આવેદનમાં તાત્કાલિક કાયમી જિલ્લા શિક્ષણાધિકારીની નિમણૂક કરવા અને ઉ.પ.પો.ના ૪૫૦થી વધુ કેસ પડતર હોય. મંજુર થવા અંગે, વર્ષિત પેન્શન યોજના અંતર્ગત નિવૃત થતાં ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને રજાનું રોકડમાં રૂપાંતરનો લાભ,શારીરિક શિક્ષણ નિયામકની લાંબા સમયથી ખાલી પડેલ જગ્યા અંગે, વિદ્યાર્થીઓના નામ, અટક, જન્મતારીખના સુધારા અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ શાળામાં ભાષા શિક્ષકો માટે ભરતી સમયે બંને માધ્યમ પસંદ કરી શકે તે માટે તેમજ જિલ્લામાં વ્યાયામ શિક્ષકની સંખ્યા અને ખાલી જગ્યા જાહેર કરવા સહિતના પ્રશ્નને લઈને આવેદન પાઠવવામાં આવ્યું હતું.

# પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યનું જુનાગઢમાં ૯૩ વર્ષની જૈફ વયે નિધન

## જનસંઘના પાયાના પથ્થર એવા પ્રખર જનસંઘી આજીવન ખાદીધારી અને ભાજપના વરિષ્ઠ આગેવાન પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યનું ટૂંકી બીમારી બાદ નિધન થતા અંતિમ યાત્રામાં નામી-અનામી લોકોએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા



**અબતક, દર્શન જોષી, જુનાગઢ**

ગુજરાત રાજયના પૂર્વ આરોગ્ય મંત્રી જુનાગઢ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા ભાજપના પીઢ મહિલા અગ્રણી અને જુના જનસંઘી એવા હેમાબેન આચાર્યનું ગઈકાલે સવારે અવસાન થયું. જુનાગઢમાં ગમગીની વ્યાપી જવા પામી હતી અને તેમના નિવાસસ્થાને જુનાગઢ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતના રાજકીય સામાજિક અગ્રણીઓ પહોંચ્યા હતા અને એમાં બેનને શ્રદ્ધા સુમનના અર્પણ કર્યા હતા સાંજે હજારો લોકો ની ઉપસ્થિતિ વચ્ચે હેમાબેનની અંતિમયાત્રા નીકળી હતી

હેમાબેન મંત્રી હતા તે દરમ્યાન જ મચ્છુડેમ તુટયો અને મોરબીમાં જળ હોનારત થઈ ત્યારે તેઓ દિલ્હી બેઠકમાં ગયા હતા ત્યાંથી તુરત રેલ્વેમાં વડોદરા સુધી પહોંચ્યા અને ચોમાસાનો સમય હોઈ લીંબડી વિસ્તારમાં ભોગાવા નદીનુ પાણી ફરી વળ્યા હતા ત્યારે તેઓ ટ્રકમાં બેસીને મોરબી પહોંચ્યા હતા. મોરબી હોનારત સમયે બાબુભાઈ જશાભાઈ પટેલ સરકારનુ આખુ મંત્રીમંડળ સતત એકમાસ મોરબી રહીને કાર્ય સંપન્ન કર્યુ હતુ. તેમાં આરોગ્ય મંત્રી તરીકે હેમાબેને જે કામ કર્યુ તે બદલ ઈન્ટર નેશનલ રોટરી કલબ ધ્વારા '' જીન હેરીઝ એવોર્ડ '' તેમને પ્રાપ્ત થયેલ હતી.હેમાબેન સૂર્યકાંતભાઈ આચાર્ય પરિવાર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લક્ષ્મણભાઈ ઈનામદાર (વકિલ સાહેબ), નટવરસિંહજી વાઘેલા, અટલજી, કુશાભાવ ઠાકરે, સુંદરસિંહજી ભંડારી, રાજમાતા સિંધિયાજી, કેશુભાઈ પટેલ, હરિસિંહજી ગોહિલ, ચીમનભાઈ શુકલ, દત્તો પંતજી નો પુરો સ્નેહ રહયો હતો. હેમાબેનના અવસાનના સમાચાર સાંભળતા જ જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્ય સંજય કોરડીયા, અર્જુનભાઈ મોઢવાડિયા, દેવાભાઈ માલમ, સહકારી ક્ષેત્રના અગ્રણી ડોલરભાઈ કોટેચા, દિલીપભાઈ સંઘાણી, ડો. ડી.પી. ચીખલીયા, મેયર ધર્મેશ પોશીયા, ડે.મેયર આકાશ કટારા, સ્ટેન્ડિંગ ચેરમેન પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા મનન અંભાણી, દંડક કલ્પેશ અજવાણી, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ, ભીખાભાઈ જોષી, પુનીત શર્મા, અશોક ભટ્ટ, યોગી પઢિયાર, અમર ડેરી ચેરમેન અશ્વિન સાવલિયા, અમરેલી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જંતીભાઈ પાનસુરીયા સહિતના જુનાગઢ સહિત રાજય ભરમાંથી આવી પહોંચેલા.રાજકીય, સામાજિક અગ્રણીઓ એ દિવંગત હેમાબેન આચાર્યને શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા. સદગત હેમાબેનનું બેસણું, પ્રાર્થના સભા ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે સાંજના ૪ થી ૬ દરમિયાન રાખેલ છે.વડાપ્રધાને ફોન કરી હેમાબેનના પરિવારજનોને શાંતવના આપી હેમાબેનને માં કહી બોલાવતા અને આચાર્ય પરિવાર સાથે પરિવાર જેવો નાતો ધરાવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ ફોન કરી હેમાબેનના પરિવારજનોને શાંતવના પાઠવી હતી.

# ગર્ભાવસ્થાની નાજુક સ્થિતિમાં કારગત પરિણામો મેળવતી ગિરિરાજ હોસ્પિટલ

## ચાર કેસમાં જોખમી સ્થિતિ વચ્ચે તબીબોની કુનેહપૂર્વકની સેવાથી માતા અને બાળકોને નવુ જીવન મળ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ૧૫૦ ફુટ રીંગરોડ ઉપર આવેલ ગિરિરાજ હોસ્પિટલે તાજેતરમાં મોટા જોખમવાળા ગર્ભાવસ્થાના ચાર જેટલા કેસોમાં જટીલ સારવાર પુરી પાડી માતા અને બાળકોને નવજીવન પ્રદાન કર્યુંહતુ. ગર્ભાવસ્થાનો સમય ખુબ નાજુક માનવા માં આવે છે. તેમાંય જો ગર્ભધારણ કરનાર મહિલાની તબીયતને કોઈ અસર પહોંચે તો આખા પરિવારની ચિંતા વધી જતી હોય છે. ઘણી વખત કેસ બગડવાથી આવી ખુશીની આતુરતાથી રાહ જોતા પરિવારોએ વિષાદની ઘડીઓનો સામનો કરવો પડતો હોય છે.

તાજેતરમાં ચાર જેટલા ગર્ભાવસ્થાના કેસોમાં ખુબ નાજુક પરિસ્થિતિ સર્જાતા રાજકોટની સુપ્રસિધ્ધ અને અનુભવી તબીબોથી સજ્જ ગિરિરાજ હોસ્પિટલે કારગત સારવાર આપી માતા અને બાળકોને નવજીવન પુરૂ પાડયુ હતુ.

એક કેસ એવો આવેલો કે જેમાં ૩૫ વર્ષિય મહિલાને ૮ મહીનાની ગર્ભાવસ્થા હતી. પરંતુ આઈ.ટી.પી. બીમારી હોવાના કારણે પ્લેટલેટ કાઉન્ટ ઘટીને માત્ર ૫૦૦૦ની સ્થિતિએ પહોંચી ગયા હતા.આવી તેમછતા ગિરિરાજ હોસ્પિટલના તબીબોએ આ કેસ હાથમાં લીધો અને કાળજી પૂર્વક આખો કેસ હેન્ડલ કરી સીઝેરીયનથી સફળ ડીલેવરી કરાવી હતી. આટલા ઓછા પ્લેટલેટ કાઉન્ટમાં પણ બન્ને બાળકો તેમજ માતાને નવુ જીવન આપ્યુ હતુ.

બીજા કેસની વિગત મુજબ એક ગર્ભવતી મહીલાને ડીલેવરીના ૨ દિવસમાં દ્રષ્ટ જતી રહી હતી. મગજમાં સોજા આવી ગયા. પ્લેટલેટ કાઉન્ટ ઘટી ગયા. લીવર પર પણ સોજો આવી ગયો. હ્રદયના પમ્પીંગની ક્ષમતા ઘટી ગઈ. હોસ્પિટલના તજજ્ઞોની ટીમે તામ જોખમો વચ્ચે કોઈપણ ભોગે દર્દીને સાજા કરવાના પ્રયાસો શરૂ કરી દીધા. દર્દીને આઈસીયુમાં માત્ર ૧ જ દિવસમાં સ્થિરતા આવી ગઈ. બીજા દિવસે વોર્ડમાં ખસેડવામાં આવ્યા. ચારેક દિવસની સારવાર આપી તંદુરસ્ત હાલતમાં આ મહીલા દર્દીને રજા આપવામાં આવી હતી.

ત્રીજા એક કેસની વિગત એવી હતી કે ગાયનેક ઓપીડીમાં કાર્ડીયાક એરેસ્ટનો ભોગ બનેલ ગર્ભવતી મહીલાને ગીરીરાજ હોસ્પિટલમાં ખસેડવામાં આવી. ફરજ પરના સ્ટાફે તુરંત ઓપીડીમાં જ સીપીઆર આપવાનું શરૂ કરીદીવેલ. તાત્કાલીક સીઝેરીયન માટે વ્યવસ્થા કરી આપી થોડી જ વારમાં કિલકિલાટ કરતા જોડયા બાળકો માતાના ખોળામાં મુકી દીધા હતા.

ચોથા એક કેસની વિગત મુજબ એકદર્દી સિસ્ટમિકલ્યુપસ એરીમેટોસાસથી પીડાતા હતા. દર્દીના પોતાના રોગપ્રતિકાસ્ક કોષો શરીરના વિવિધ અવયવોને નુકશાન પહોંચાડી રહ્યા હતા. તેમને પોસ્ટપાર્ટમ મેનેજમેન્ટ માટે ગિરિરાજ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા. આ દર્દીના પ્લેટલેટ કાઉન્ટ ઘટી ગયા હતા. આખા શરીરમાં સોજા ચડી ગયા હતા. સીરમક્રિએટીનનુ સ્તર વધી ગયુ હતુ.તેમછતા હોસ્પિટલના તબીબોએ જટીલ સારવાર આપી આ દર્દીને સ્વસ્થતા પ્રદાન કરવામાં સફળતા મેળવી હતી. થોડા દિવસની સારવાર અનેદવાઓ પછી રજા અપાઈ હતી.

આમ ગીરીરાજ હોસ્પિટલ દ્વારા ગર્ભાવસ્થાના જટીલ કેસોમાં માતા અને બાળકોના જીવન બચાવી લઈ પરિવારોને ખુશી ભેટ આપી હતી.

# હિટ એન્ડ રનઃ ગ્રીનલેન્ડ ચોકડી પાસે કારે રિક્ષાને ઉડાડતા યુવકનુ મોત

## માતાની દફનવિધિ માટે પોરબંદર જતા યુવાનને રાજકોટના પાદરમાં જ કાળ ભેંટી ગયો

**અબતક, રાજકોટ**

શહેરમા આજે વહેલી સવારે વધુ એક હિટ એન્ડ રનમાં પોરબંદરના યુવકનું કાર- રીક્ષા અકસ્માતમાં પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. પ્રાપ્ત વિગત મુજબ આજે વહેલી સવારે ૫/૩૦ કલાકે રાજકોટના જુના માર્કેટિંગ યાર્ડ પાસે અમદાવાદ પોરબંદર નેશનલ હાઈવે ના પુલ ઉતરી રહેલી પેસેન્જર રિક્ષાને પુરપાટ ઝડપે ધસી આવેલી મોટરે હડફેટે લેતા પોરબંદરના યુસુફભાઈ અનવરભાઈ મુકાદમ ૪૦ નું ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે રિક્ષામાં બેઠેલા પેસેન્જર વિવેક ત્રિમોહન શુકલ'૨૪' હાલ ગોંડલ મૂળ ઉત્તર પ્રદેશ, ગોપાલભાઈ કરસનભાઈ પઢારીયા' ૪૧' રામપાર્ક, જેઠાભાઈ મંગળભાઈ ચૌહાણ ૬૩' સરખેજને ઈજા થતા રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા,

આ બનાવમાં મોતને ભેટેલ યુસુફભાઈ અનવરભાઈ મુકાદમ ૪૦' અમદાવાદ ગયા હતા અને ત્યાં માતાના મૃત્યુના સમાચાર આવતા માતાની દફનવિધિ માટે પોરબંદર જવા માટે અમદાવાદથી પોરબંદર જઈ રહ્યા હતા ત્યારે ગ્રીનલેન્ડ ચોકડીએ બસમાંથી ઉતરી રિક્ષામાં બેસી ગોંડલ ચોકડી જઈ રહ્યા હતા ત્યારે વહેલી સવારે ૫:૩૦ વાગે મોટર કાળ બનીને ત્રાટકી હતી. આજીડેમ પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ હરપાલભાઈ સોલંકી અને સ્ટાફે ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ બનાવ નો ભોગ બનેલ પોરબંદરના યુસુફભાઈ અનવરભાઈ મુકાદમ લોઠી ૪૦ અમદાવાદ ફિશ કંપનીમાં નોકરી કરે છે અને સંતાનમાં બે દીકરા અને બે દીકરી છે યુસુફભાઈ બે ભાઈ એક બહેનમાં સૌથી મોટા હતા તે પોરબંદર તુર્કી એપાર્ટમેન્ટ શીતલા ચોક માં રહે છે. ગઈકાલે યુસુફભાઈના માં બાનુબેન નું બીમારી સબબ મોત થતા તેમને ટેલીફોનિક જાણ કરી હતી યુસુફભાઈ ના મૃત્યુથી એક જ ઘરમાં માતાના મોત બાદ પુત્રના અવસાન એ પરિવાર પર દુઃખના ડુંગર આવી પડ્યા હોય તેવી સ્થિતિ ઊભી થઈ હતી, હોસ્પિટલમાં પરિવારજનોએ કરુણ કલ્પાત કરી મૂક્યો હતો.

(પહેલા પાનાનું ચાલું)

**સેન્સેક્સ...**

બેંકો ૨.૮૪%, ઈંઝ ૨.૩૯% અને ઓટોમાં ૨.૩૩%ની તેજી છે.

યુદ્ધવિરામ બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઘટ્યો છે. આ બાબતને લગતા તમામ ડેવલપમેન્ટ પર રોકાણકારોની નજર રહેશે.એપ્રિલ મહિનાના રિટેલ મોંઘવારીના આંકડા ૧૩ મેના રોજ જાહેર કરવામાં આવશે. એપ્રિલમાં ફુગાવો ૩% થી નીચે રહેવાની ધારણા છે.ગયા અઠવાડિયે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ખરીદીનો દોર ચાલુ રાખ્યો અને આ સેગમેન્ટમાં લગભગ રૂ. ૫,૦૮૭ કરોડની ખરીદી કરી.ભારતીય બજારમાં વિદેશી રોકાણકારો દ્વારા ખરીદી ચાલુ છે. ૮ મેના રોજ, વિદેશી રોકાણકારોએ ૨,૦૦૭.૯૬ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન રૂ. ૫૯૬.૨૫ કરોડના શેર વેચ્યા હતા.એપ્રિલમાં વિદેશી રોકાણકારો દ્વારા નેટ ખરીદી રૂ. ૨,૭૩૫.૦૨ કરોડ રહી હતી. સ્થાનિક રોકાણકારોએ પણ મહિના દરમિયાન રૂ. ૨૮,૨૨૮.૪૫ કરોડની નેટ ખરીદી કરી હતી

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈમાં સામાન્ય તેજી છે. તે ૩૭,૫૨૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. કોરિયાનો કોસ્પી ૦.૪૧% વધીને ૨,૫૮૮ પર બંધ રહ્યો હતો.હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૧૫૬ પોઈન્ટ (૦.૬૮%) વધીને ૨૩,૦૨૪ પર ટ્રેડ થઈ રહ્યો છે. તેમજ, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ થોડો ઘટાડો થયા પછી ૩,૩૫૫ પર બંધ થયો.૯ મેના રોજ, યુએસ ડાઉ જોન્સ ૧૧૯ પોઈન્ટ (૦.૨૯%) ઘટીને ૪૧,૨૫૦ પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ ૧૭,૯૨૯ ના સ્તર પર નજીવો વધારો સાથે બંધ થયો. એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ પણ નજીવો ઘટાડો થયો અને ૫,૬૬૦ પર બંધ થયો.

ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવાર, ૯ મે ના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૮૮૦ પોઈન્ટ (૧.૧૦%) ઘટીને ૭૯,૪૫૪ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૨૬૬ પોઈન્ટ (૧.૧૦%) ઘટીને ૨૪,૦૦૮ પર બંધ થયો હતો.

**સોનાના ભાવ...**

અંગેનો મોટો સોદો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ સોદા વિશે જણાવ્યું. અહીં, ૧૦ મેના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયો હતો. તેની પણ અસર પડી છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં, સ્પોટ ગોલ્ડ ૧.૪ ટકા ઘટીને ૩,૨૭૭.૮૪ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યું હતું. યુએસ ગોલ્ડ ફ્યુચર્સ ૨ ટકા ઘટીને ૩,૨૭૯.૨૦ ડોલર પ્રતિ ઔંસ પર બંધ થયા. નિષ્ણાતો કહે છે કે સોનાના ભાવ પર સૌથી મોટી અસર વેપાર યુદ્ધમાં ઘટાડો થવાની અપેક્ષાએ થઈ છે. યુએસ સરકારી અધિકારીઓએ ૧૧ મેના રોજ ચીન સાથે વેપાર કરારની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ કરાર અમેરિકાની વેપાર ખાધ ઘટાડશે. આ સોદાની પુષ્ટિ ચીન દ્વારા કરવામાં આવી હતી. ચીની અધિકારીઓએ જણાવ્યું હતું કે અમેરિકા સાથે એક સોદો થયો છે.

ભૂ-રાજકીય તણાવ અને ટેરિફ યુદ્ધમાં ઘટાડો થવાની અપેક્ષાને કારણે સોનામાં વેચવાલી જોવા મળી હતી. સામાન્ય રીતે, જ્યારે દુનિયામાં અશાંતિ વધે છે, ત્યારે સોનાની ચમક વધે છે. આ પાછળનું કારણ એ છે કે તેને સૌથી સુરક્ષિત રોકાણ વિકલ્પ માનવામાં આવે છે. જેમ જેમ જોખમ વધે છે, લોકો શેરમાંથી પૈસા ઉપાડે છે અને તેને સોનામાં રોકાણ કરે છે. જ્યારે જોખમ ઓછું થાય છે, ત્યારે લોકો સોનામાંથી પૈસા ઉપાડે છે અને તેને શેરમાં રોકાણ કરે છે. નોંધનીય છે કે ૨૨ એપ્રિલે સોનાના ભાવે નવા રેકોર્ડ ઊંચાઈ હાંસલ કર્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું પ્રતિ ઔંસ ૩,૫૦૦ ડોલરની સપાટીએ પહોંચી ગયું હતું. ભારતમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧ લાખ રૂપિયાને પાર કરી ગયું હતું.

**યુરોપ સાથે મુક્ત વેપાર...**

દ્વારા આને એક નવા સ્તરે લઈ જવા માટે પ્રતિબદ્ધ છે જે માલ અને સેવાઓ માટે બજારો ખોલે છે.

સેફકોવિકે જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાના આ સમયગાળામાં, બંને પ્રદેશોના વ્યવસાયો તક, સુલભતા અને નિશ્ચિતતા ઈચ્છે છે. અમે આ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. ગોયલે કહ્યું હતું કે ભારતની ટીમો અને ૨૭ દેશોના આ જૂથે કરાર પર વાટાઘાટો કરી હતી. અમે ૨૦૨૫ ના અંત સુધીમાં વાટાઘાટો પૂર્ણ કરવાની અમારી સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

**સાયબર એટેક...**

ઈમેઈલ્સ અને સોશિયલ મીડિયા બોગસ એકાઉન્ટ અંગે ચેતવણી આપી હતી. કર્મચારીઓને આંતરિક બેઠકોમાંથી સત્તાવાર દસ્તાવેજો, ઓળખ કાર્ડ અથવા ફોટા પોસ્ટ કરવા અથવા શેર કરવા અંગે સલાહ આપવામાં આવી છે. તેમને શંકાસ્પદ લિંક્સ, દસ્તાવેજો અથવા ક્યુઆર કોડ્સ પર ક્લિક કરવા સામે પણ ચેતવણી આપવામાં આવી છે. સલાહકાર મજબૂત, અનન્ય પાસવર્ડ્સ, ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશનની જરૂરિયાત પર ભાર મૂકે છે અને સત્તાવાર ઈમેઈલ્સને વ્યક્તિગત અથવા તૃતીય-પક્ષ એપ્લિકેશનો સાથે લિંક કરવાનું ટાળવા અંગે પણ સલાહ આપવામાં આવી છે.

એક અગ્રણી સાયબર સુરક્ષા કંપની રેડવેરના અહેવાલ મુજબ મે મહિનાની શરૂઆતથી જ કેન્દ્ર અને રાજ્યના માળખાગત સુવિધાઓને નિશાન બનાવતા ઘણા હેકટીવિસ્ટ જૂથો સાયબર હુમલાઓ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાંથી રિપરસેક સૌથી વધુ સક્રિય તરીકે ઉભરી આવ્યું હતું, જેણે ડીડીઓએસ હુમલાઓનો દાવો કર્યો હતો. ૬ અને ૭ મે પછીના દિવસોમાં દાવો કરાયેલા હુમલાઓમાં કીમસ પ્લસ, સિલહટ ગેંગ અને શ્રી હમઝાનો પણ મોટો હિસ્સો હતો તેવું પણ જાણવા મળ્યું છે.

રાજ્ય સરકારે એક એડવાઈઝરી જારી કરીને અધિકારીઓને સરકારની તટસ્થતા અથવા છબીને અસર કરી શકે તેવા મંતવ્યો, રાજકીય મંતવ્યો અથવા સમાચાર શેર કરવા સામે ચેતવણી આપી છે. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે, વોટ્સએપ જૂથો અથવા અન્ય પ્લેટફોર્મમાં સામગ્રી ફોરવર્ડ કરતા પહેલા સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. તમામ ઓનલાઈન ક્રિયા પ્રતિક્રિયાઓમાં વ્યાવસાયિક શિષ્ટાચાર જાળવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

**તીસરી આંખ...**

આપવી પડશે. આપણે આપણા ૭,૦૦૦ કિમી દરિયા કિનારાના વિસ્તારોનું નિરીક્ષણ કરવું પડશે. અત્યાર સુધીમાં ઈસરોએ કુલ ૧૨૭ ભારતીય ઉપગ્રહો લોન્ચ કર્યા છે, જેમાં ખાનગી ઓપરેટરો અને શૈક્ષણિક સંસ્થાઓના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. આમાંથી ૨૨ લો અર્થ ઓર્બિટમાં છે અને ૨૯ જીઓ-સિંક્રનસ અર્થ ઓર્બિટમાં છે, જે કેન્દ્ર સરકારની માલિકીની છે. ભારતમાં લગભગ એક ડઝન જાસૂસી અથવા સર્વેલન્સ ઉપગ્રહો છે. તેમાં કાર્ટોસેટ અને રિસાત શ્રેણી, તેમજ એમીસેટ અને માઈક્રોસેટ શ્રેણીનો સમાવેશ થાય છે, જે ચોક્કસ દેખરેખ કાર્યો માટે રચાયેલ છે.

**ભારતનો સ્પષ્ટ સંદેશ...**

વર્ષથી આતંકવાદને પ્રોત્સાહન આપવા અને ભંડોળ પૂરું પાડવા માટે પાકિસ્તાનને રાજકીય અને લશ્કરી કિંમત ચૂકવવી પડશે. આ બાબતનો જ્યાં સુધી ઉકેલ નહિ આવે ત્યાં સુધી સિંધુ જળ સંધી સ્થગિત જ રહેશે. વધુમાં ભારતે સ્પષ્ટ કર્યું છે કે, ભારતમાં આતંકવાદ ફેલાવવામાં સામેલ કોઈપણ વ્યક્તિને અમે ભૂલ્યા નથી. અમે તેનો હૃદયપૂર્વક જવાબ આપીશું. તમે ગોળીબાર કરશો તો અમે તેનો વળતો જવાબ આપીશું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્પષ્ટતા કરી હતી કે, વહાં સે ગોલી ચલેગી, તો યહાં સે ગોલા ચલેગા.

**પીઓકે...**

પરંતુ ભારતે ટ્રમ્પની દરખાસ્ત ફગાવીને અમેરિકન પ્રમુખને રોકડું પરખાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર મુદ્દે ભારતને કોઈની મધ્યસ્થતાની જરૂર નથી. વધુમાં ભારત માત્ર પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ક્યારે ખાલી કરાશે તે મુદ્દે જ ચર્ચા કરશે.ટ્રમ્પની આ ટ્વીટથી ભારતમાં રાજકીય હોબાળો મચી ગયો હતો. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે ટ્રમ્પની દરખાસ્ત ધરાર ફગાવી દીધી હતી. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, કાશ્મીર મુદ્દે ભારતનું વલણ એકદમ સ્પષ્ટ છે. તેમાં કોઈ ત્રીજા પક્ષની દખલ સ્વીકાર્ય નથી. એટલું જ નહીં ભારત પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાકિસ્તાન ખાલી ક્યારે કરે છેમાત્ર એ બાબત પર જ વાતચીત કરવા તૈયાર છે. આ સિવાય અન્ય કોઈ મુદ્દા પર વાતચીતની કોઈ શક્યતા જ નથી અને અમે ટ્રમ્પ જ નહીં કોઈની પણ મધ્યસ્થીની સ્વીકારતા નથી.

**કરાચી...**

વિમાનોને તરત જ સમુદ્રમાં તૈનાત કરી દીધા હતા. જ્યારે ઓપરેશન સિંદૂરમાં પાક.ના કરાચી પોર્ટ સહિતના અનેક સૈન્ય મથકો ઉડાવવાની તૈયારી હતી, અમને માત્ર સરકાર તરફથી આદેશની જ રાહ હતી.

**હરામીઓ ઠાર...**

ઓપરેશનના ડીજી એર માર્શલ એ કે ભારતીએ કહ્યું હતું કે આતંકી સ્થળો પર એર સ્ટ્રાઈકમાં એર ટુ સરફેસ ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ કરાયો હતો કે જેથી આસપાસ અન્ય કોઈ નુકસાન ના થાય. એરફોર્સે પાક.ના મુરીદકે અને બહાવલપુરમાં આતંકીઓના ટ્રેનિંગ કેમ્પ પર એકદમ સટીક નિશાન લગાવ્યું હતું, આ સ્ટાઈરનો હેતુ સફળ રહ્યો, બહાવલપુરમાં હાઈ વેલ્યુ ટાર્ગેટ હતો. પાક.ના ડ્રોન હુમલાને પહોંચી વળવામાં આપણી એર ડિફેન્સ સિસ્ટમ સંપૂર્ણરીતે સફળ રહી. જે બાદ વળતા પ્રહારમાં આપણે પાકિસ્તાનના એર બેઝ, કમાંડ સેન્ટર, એર ડિફેન્સ સિસ્ટમને સરહદે તમામ સ્થળોએથી નિશાન બનાવ્યા હતા.

(ચોથા પાનાનું ચાલુ)

**ક્રિસ્ટલ સ્કૂલ...**

સફળતાનો શ્રેય તેના મમ્મી-પપ્પાના આર્શિવાદ સાથે ક્રિસ્ટલ સ્કૂલ્સમાંથી મળતુ સતત ઉત્સાહવર્ધક વાતાવરણ, શિક્ષકોના પ્રેમાળ પ્રયત્નને કારણે જ શક્ય બન્યું છે. તેવું જણાવે છે. આ ઉપરાંત પ્રાપ્તી જણાવે છે કે ક્રિસ્ટલ સ્કૂલ્સનાં સંચાલકો દ્વારા થતાં મોટીવેશનલ સેમિનારે તેનો સતત ઉત્સાહ વધાર્યો છે.શ્રેષ્ઠ પરિણામ મારા કારકીર્દી ઘડતર કરી માતા-પિતાનું નામ રોશન કરવાની ઈચ્છા ધરાવનાર પ્રાપ્તી અને પ્રદ્યુમનને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે

**"સોના વાટકડી રે"...**

ડો કુમાર જૈમિનિ શાસ્ત્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ હતી, આ એવોર્ડ બહુ મોટાગજાના લોકસાહિત્ય સંશોધક પુષ્કર ચંદ્રવાકરના નામ પરથી છે. પુસ્તક દ્વારા ગુજરાતી સાહિત્ય અને લોકસાહિત્યને સમૃદ્ધ કર્યું છે અને આ એવોર્ડ તેની યોગ્ય કદર છે. ઉતરોતર સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ વરસી રહી છે.

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ...**

સિદ્ધિ બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે. અમે તેમના જર્મની ખાતેના પ્રદર્શન માટે ઉત્સુક છીએ અને તેમને સફળતા માટે અમારી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. અમને પૂરો વિશ્વાસ છે કે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની આગવી ઓળખ બનાવશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને કોલેજ તેમજ દેશનું નામ રોશન કરશે. અમે દેવયાનીબાને તેમની જર્મનીની વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ માટે ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવીએ છીએ.

(૧૨માં પાનાનું ચાલુ)

**વીવીપી**

વી.વી.પી. અ+ ગ્રેડ ધરાતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી (જી.ટી.યુ) સાથે સંકળાયેલ છે. જી.ટી.યુ.ના પરીણામોમાં વી.વી.પી. મહદ્અંશે સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રથમ ક્રમાંક અને ગુજરાતમાં ટોપ ફાઈવમાં ક્રમાંક પ્રાપ્ત કરે છે.

કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા અને મેનેજમેન્ટ કવોટા પ્રવેશ માર્ગદર્શન માટે વી.વી.પી.ની મુલાકાત લેવા સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ, ડો. નવીનભાઈ શેઠ તથા આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાએ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓને અનુરોધ કર્યો છે.

**પરિધિ રાયફલ શૂટિંગ કલબ**

પ્રશંસનીય છે, લોકોમાં આત્મવિશ્વાસ જાગે અને દરેક પરિસ્થિતિને પહોંચી વળે તે માટે સ્વરક્ષણ તાલીમ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.જેમાં તેઓને કરાટે, તેમજ હથિયાર વિશેની પ્રાથમિક માહિતી અને તેના વપરાશ અંગેની તાલીમ આપવામાં આવશે.આ માટે હેલ્પલાઈન ૭૬૦૦૫૦૫૦૫૦ પણ જાહેર કરવામાં આવી છે તેમ સનાતન ગ્રૂપના ડેનિશભાઈ આડેસરાએ જણાવ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ભરઉનાળે...**

આવ્યાનો પણ લોકો આરોપ લગાવી રહ્યાં છે. જેસીબી મદદથી ફસાયેલા વાહનોને અંડરપાસમાંથી બહાર કઢવામાં આવી રહ્યાં છે. અંડરપાસમાં ફસાયેલા લોકોને પણ જેસીબીની મદદથી રેસ્ક્યૂ કરાયું હતું. રાત્રે કડીના અનેક રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા હતા.

**સેશન્સ જજની બદલી...**

જામનગર, પી.એસ.સિધીની સુરત ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે રાજકોટ શહેર-જીલ્લામાં સિવિલ કોર્ટમાં મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે ફરજ બજાવતા જે.જે.જાદવ-ખેડા, એમ ડી પરમાર-તાપી, એન.ટી.કારિયા-સાબરકાંઠા, એ.એ.દવે-અરવલ્લી, જુંગલ દવે અમદાવાદ,પી. બી.ગામીત-વડોદરા, આર.આર. બારૈયા નવસારી, આર.કે.જાની બનાસકાંઠા, એ.પી.દવે અમદાવાદ, કે.એન.જોષી મહેસાણા, દામીની દીક્ષિત ગાંધીનગર, એન.ડી જોષીપરા, સી.સી.ગોંડલીયા અમદાવાદ અને કુમદેવસિહ ચુડાસમાની અમદાવાદ જ્યુડિશિયલ રૂરલમાં બદલી કરવામાં આવી છે.

**રાજકોટ ખાતે...**

સુરત જૂનાગઢના બી સી ઠાકરને નડિયાદ વંથલીના એન.આર જૈન બારડોલી ભચાઉ એચ.વી જોષી ને વિસાવદર ભુજના વી વી શાહને અમદાવાદ રાજકોટના એમ જે બ્રહ્મભટ્ટને નડિયાદ સુરતના એ આર પટેલને કોડીનાર રાજકોટના એમ એચ પઠાણને અમદાવાદ ભાવનગરના એમ પી મેતાને અમદાવાદ ભુજ એસ એમ કાનાબારને ડીસા ગોધરાના પી.એ માલવીયા ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ રાજકોટ રાજકોટના એસ.સી મકવાણા ને વડોદરા અને ભાવનગર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના બી એન પરમારને અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે.

**સૌરાષ્ટ્રના સૌથી વધુ...**

ડાભીને અમદાવાદ ભાવનગરના પી.પી મોકસીને ભરૂચ રાજકોટના જેવી પરમારને હિંમતનગર સુરેન્દ્રનગરના જ્યોતિબેન ચૌહાણને વડોદરા સોમનાથના જયશ્રીબેન શિવાભાઈ ને પાટણ જામનગરના ટી જે પટેલ વડોદરા સુરતના એચ.વી ચોટાયા ને રાજકોટ ભાવનગરના અમિત મામેતોરા ને હિંમતનગર, પોરબંદરના એમબી દવે ને બાલાસિનોર ભાવનગરના તુષાર પંજાબીને અમદાવાદ મોરબીના ડી એ રાવલને ઊંઝા ભરૂચ બી એન શ્રીવાસ્તવને રાજકોટ જેતપુરના એસડી ત્રિવેદીને ખેડા બોટાદના પી.બી પટેલને પાલનપુર રાજકોટ જિલ્લા સત્તા મંડળના સેક્રેટરી કિરીટકુમાર ગોહિલને અમદાવાદ ગોંડલના એ આર કુમારને કડી વડોદરાના બીવી વસાવાને જૂનાગઢના એચ આર પરમાર ને લુણાવાડા ઉનાના વીઆર સોલંકીને અંકલેશ્વર મોરબીના એ એન ગજર ને સુરત વડોદરાના આર આર મિસ્ત્રીને રાજકોટ મોરબીના દુર્ગેશ કે જુનાગઢ રાજકોટ સ્મોલ કોર્ટના સીપી ચારણ જામનગર ગીર સોમનાથના કિશોરકુમાર પટેલને આણંદ ખંભાળિયાના રાજીવ ચોપડાને ખેડા રાજકોટના પીએસ સિંધીને સુરત એપી ડેર ને અમદાવાદ સીટી એન એન દવે ને પાટણ યોગેશકુમાર બી ગામીતને તાપી જેતપુરના એ એચ હીરાણીને કલોલ રાજકોટના એમએમ શેખને અમદાવાદ અરવલ્લીના પી ડી મોદીને રાજકોટ વડોદરાના આર કે ત્રિવેદીને સ્મોલ કોર્ટ રાજકોટ ના શીતલ વીને સુરત એમ એ પીપરાણી ને અમદાવાદ અને કલોલના યુ બી દાવડાને ગોંડલ ખાતે બદલી કરવામાં આવી છે.

**સીએની પરીક્ષા...**

આવશે. જ્યારે ઈન્ટર મીડિયેટ એકઝામ (ગ્રૂપ-બે) પેપર-૫ આગામી ૨૨મીને ગુરુવારના રોજ લેવાશે. ઈન્ટર મીડિયેટ એક્ઝામ (ગ્રૂપ બે) પેપર ૬ આગામી તા.૨૪મીને શનિવારના રોજ લેવામાં આવશે. આમ, હવે સ્થગિત કરાયેલી પરીક્ષાઓ ૧૬મીથી ૨૪મી મેની વચ્ચે નવા શિડ્યુલ પ્રમાણે લેવામાં આવશે. સાથે જ આઈસીએઆઈ દ્વારા એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, ફાઉન્ડેશનની પરીક્ષા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી તે પ્રમાણે નિર્ધારિત શિડ્યુલ પ્રમાણે જ એટલે કે ૧૫, ૧૭, ૧૯ અને ૨૧મી મેના રોજ લેવામાં આવશે. ફાઈનલ અને ઈન્ટર મીડિયેટની પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. બાકીની તમામ પરીક્ષાઓ નિર્ધારિત શિડ્યુલ પ્રમાણે યથાવત રહેશે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** હિનેષભાઈ રમેશભાઈ આડેસરા (ઉ.વ.૩૭) તે સ્વ. રમેશભાઈ અમૃતલાલ આડેસરા, પારુલબેન રમેશભાઈ આડેસરાના પુત્ર, મયુરીબેન આડેસરાના પતિ, હેતાંશી, આરવના પિતા, અલ્પેશભાઈ, મિતેશભાઈ (શ્રી કૃષ્ણ સિલ્વર આર્ટ વાળા), જીજ્ઞાબેન પ્રશાંતકુમાર ફીચડીયા, જલ્પાબેન મયુરકુમાર ફીચડીયાના નાના ભાઈ, રાજેન્દ્રભાઈ શશીકાંતભાઈ માંડલીયા (ખીલોસ વાળા) ના જમાઈનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેણસુ તા. ૧૨ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન નૂતનનગર કોમ્યુનીટી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સેવાના સંકલ્પથી શૈક્ષણિક સફળતા મેળવતી પંચનાથ પેરામેડીકલ કોલેજ

## ટ્રસ્ટ સંચાલિત મેડીકલ કોલેજનું અભૂતપૂર્વ પ્રથમ વર્ષ પૂર્ણ, વિદ્યાર્થીઓને રોજગારી આપી નિષ્ણાંત ડોકટરો દ્વારા માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

શ્રી પંચનાથ દાદાના આશીર્વાદથી તેમના પ્રાંગણ માં જ એટલે કે પંચનાથ મંદિરના કેમ્પસ માં જ શરૂ થયેલ પેરામેડિકલ શિક્ષણ સંસ્થાએ પ્રથમ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે!જેમાં ધોરણ ૧૨ પાસ કર્યા પછી ના તેમ જ ગ્રેજયુએશન પછી થતા પેરામેડીકલ કોર્ષ આવરી લેવાયા છે. જેથી કરીને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું પણ મેડીકલ ક્ષેત્રે કારકિર્દી આગળ વધારવાનું સ્વપન પૂરું થઇ શકે. શ્રી પંચનાથ પેરા મેડીકલ ટ્રસ્ટ નામની નવી પેરામેડિકલ શિક્ષણનો હેતુ યુવા પેઢીને ઉચ્ચ ગુણવત્તાનુંમેડીકલ શિક્ષણ આપીને આરોગ્ય ક્ષેત્રમાં નિપુણ બનાવવાનો છે.

આ એક વર્ષ દરમિયાન, કોલેજે ઉચ્ચ ગુણવત્તાવાળી શૈક્ષણિક તાલીમ, મેડિકલ ક્ષેત્રમાં શ્રેષ્ઠ તબીબી અભ્યાસ, અને વિદ્યાર્થીઓને વ્યવસાયિક દષ્ટિએ તૈયાર કરવા માટે અનેક મંચો પર અવિરત પ્રયત્નો કર્યા છે.આ એક વર્ષમાં, કોલેજના વિદ્યાર્થીઓએ પોતાની પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે અને વિવિધ હોસ્પિટલો અને મેડિકલ સંસ્થાઓમાં તેમની નોકરીઓ અને ઈન્ટર્નશિપ માટે તાત્કાલિક સ્થાન પ્રાપ્ત કર્યા છે. મેડિકલ ક્ષેત્રમાં ઉચ્ચ માંગ અને મુશ્કેલીઓ છતાં, અહી વિદ્યાર્થીઓને ઝડપથી નોકરી મળી રહી છે, જે મેડિકલ કોલેજના શિક્ષણના ગુણવત્તાને અને ખ્યાતનામતા આપે છે.



શ્રી પંચનાથ મંદિરના ટ્રસ્ટીઓના જણાવ્યા મુજબ, આ એક વર્ષ એ ખૂબ મોટી ઉપલબ્ધિ છે. આ વિદ્યાર્થીઓની મહેનત, માર્ગદર્શન, અને શૈક્ષણિક તકનીકીઓનો પરિણામ છે. અમારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ નોકરીઓ મળવી, આ અમારી તાલીમ પ્રણાલી અને શૈક્ષણિક ધ્યેયોને સમર્થિત કરે છે. અમે ગૌરવ અનુભવીએ છીએ કે અમારા વિદ્યાર્થીઓને તેની કઠિન પરિશ્રમ અને દૃઢ પ્રયાસો માટે વિવિધ શાખાઓમાં કામ કરવાની તક મળી છે. ફક્ત એક વર્ષના કોર્ષ બાદ વિધ્યાર્થીઓને તેમણે ખર્ચ કરેલ ફી લગભગ દોઢ જ મહિના માં વસૂલી શકે તે પ્રકારની નોકરી મેળવી શક્ય છે તેમ જ પંચનાથ દાદાના આશીર્વાદથી દિવસે ને દિવસે આગળ મેડિકલ ક્ષેત્રે તેમનો વિકાસ નિશ્ચિત છે. આ મેડિકલ કોલેજ આંગળી પર ગણતરી કરવાના વર્ષોમાં વિકાસ માટે કટિબદ્ધ છે અને તબીબી શિક્ષણ, સંશોધન, અને સમાજ સેવા માટે નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે.

આજ ના સ્પર્ધાત્મક યુગમાં ધોરણ ૧૨ અથવા ગ્રેજ્યુએશન બાદ રોજગાર લક્ષી પેરા મેડીકલ કોર્સ માં જોડાઈને કારકિર્દી ને નવી ઉંચાઈ અને સમાજ માં ઓળખ મળી શકે તે પ્રકારના અહી શ્રેષ્ઠ અભ્યાસક્રમો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ની માન્યતા પ્રાપ્ત ડીએમએલટી ડીપ્લોમાં ઈન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી કોર્સ(બીએસસી પાસ કર્યા પછી)કરાવવામાં આવશે

અમૃતા શર્મા નામની વિધાયર્થી અહીં પેરામેડિકલ ઈન્સ્ટિટયૂટ માં જીડીએ માં અભ્યાસ કરતી હતી જે પંચનાથ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ તરીકે જોબ કરે છે નર્સિંગની બધી કામગીરી નું પ્રેક્ટીકલ નોલેજ મળી ગયેલ હોવાથી તે કોઈપણ દર્દીને વીગો મૂકી શકે છે, કેથેટર કરી શકે છે, ડ્રેસિંગ કરી શકે છે અને કોઈપણ પ્રકારના ઈન્જેક્શન પણ આપી શકે છે. તદઉપરાંત

તેને દરેક પ્રકારની દવાઓથી પણ માહિતગાર છે.

વિશ્વા સોલંકીનામની વિધાયર્થી પણ પંચનાથ હોસ્પિટલમાં અત્યારે જોબ કરે છે તે પણ નર્સિંગ સ્ટાફ તરીકેનીદરેક કામગીરી જેવીકે વિગો મૂકવી, કેથેટર કરવું, કોઈપણ જાતના ડ્રેસિંગ પણ જાતના ડ્રેસિંગ પણકરી શકે છે. તેમજ બધા પેશન્ટની ટ્રીટમેનૂટ તથા સારવાર ખૂબ જ ચોકસાઈપૂર્વક કરે છે.તેમણે જનરલ વોર્ડ, ઈમર્જન્સી વિભાગ તથા સેમી સ્પેશિયલ રૂમમાં પણ કામ કરેલ છે તદુપરાંત આઈસીયુ ના પેશન્ટની પણ સારવાર કરેલ છે અત્યાર સુધીમાં તેણે અંદાજિત અનેક પેશન્ટની સારવારપણ કરેલી છે. તદ ઉપરાંત આનંદની લાગણી સાથે જણાવવાનું કે પ્રથમ બેચના તમામ વિદ્યાર્થીઓ જીડીએ કોર્સમાં ફર્સ્ટ ક્લાસ મેળવી નેકોર્ષ પૂર્ણ કરેલ છે, અને પોતાના માટે મેડિકલ ક્ષેત્રમાં રોજગારીની તકો ઉજવળ કરેલ છે.

પંચનાથ પેરામેડિકલ ઈનસ્ટીટ્યુટમાં અનુભવી અને નિષ્ણાંત એવાબી.એચ.એમ.એસ. ડોક્ટરને પ્રિન્સિપલ તરીકે નીમવામાં આવેલ છે. જેઓ કોલેજમાં અભ્યાસને લગતી તમામ જવાબદારીઓ કુશળતાપૂર્વક નિભાવશે.પેરામેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માંગતા અને ભવિષ્યને ઉજ્જવળ બનાવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓના વાલીઓ સંસ્થામાં જોડાવા માટે પંચનાથ મંદિરની ઓફીસ ખાતે રૂબરૂ મળે તથા મો.૯૭૨૬૮૪૯૭૭૮ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# મહિલા અગ્રણી પ્રતિમા કુમારખાણીયા કોંગ્રેસમાં જોડાયા



**અબતક, રાજકોટ**

સામાજીક કાર્યકર અને મહિલા અગ્રણી પ્રતિમાબેન કુમારખાણીયા આમ આદમી પાર્ટીમાંથી કોંગ્રેસમાં જોડાયા છે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ કાર્યાલય ખાતે વોર્ડ નંબર ૧૫માં આપ પક્ષમાંથી ગત ચૂંટણીના રાજકોટ મહાનગરપાલિકાના ઉમેદવાર પ્રતિમાબેન કોંગ્રેસમાં જોડાતા રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ તેમને આવકારી કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી એ કોંગ્રેસનો ખેસ પહેરાવી કોંગ્રેસ સમિતિ વતી આવકારવામાં આવ્યા હતા. આ તકે પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, કોળી ઠાકોર સેનાના પ્રમુખ જયેશભાઈ ઠાકોર, મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, ભરતભાઈ કુમારખાણીયા, મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકી, કોર્પોરેટર કોમલબેન ભારાઈ, મકબુલભાઈ દાવદાણી અને વોર્ડ નંબર ૧૫ ના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંઘેડીયા પરિવારનું ગૌરવ

**અબતક, રાજકોટ**

ખંઘેડીયા પરિવારની પુત્રી સલોની વિક્રમભાઇ ખંઘેડીયાએ તાજેતરમાં આવેલ ધો. ૧૦ ના પરિણામમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી ૯૯.૬૦ પી.આર. (૯૬ ટકા) મેળવી સમગ્ર રઘુવંશી પરિવારનું ગૌરવ વધારેલ છે. સલોની તેના પરિણામનો શ્રેય નિયમિત મહેનત, સિસ્ટર નિવેદિતા માધ્યમિક શાળાના શિક્ષકોનું માર્ગદર્શન અને માતા-પિતાના



આશીર્વાદને આપે છે.

# ધોળકિયા સ્કુલ અને શિયાર પરિવારનું ગૌરવ

**અબતક, રાજકોટ**

ગુજરાત બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર થયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં મૂળ ધ્રોલ તાલુકાના હમાપર અને હાલ રાજકોટ રહેતા પરેશભાઈ દેવદાનભાઈ શિયારના પુત્ર હર્ષ કે જે રાજકોટ ધોળકિયા સ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે. આ પરિણામમાં હર્ષએ ૯૯.૯૮ પીઆર સાથે એ-૧ ગ્રેડ મેળવી ઝળહળતું પરિણામ મેળવ્યું છે. હર્ષે કુલ ૭૦૦ માર્કસમાંથી ૬૭૨ માર્કસ મેળવ્યા છે સ્ટેટીકસમાં ૧૦૦માંથી ૧૦૦, એકાઉન્ટમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે



ઉપરાંત ઈકોનોમીક્સમાં ૧૦૦માંથી ૯૯ માર્કસ મેળવ્યા છે. હર્ષે પોતાની અથાગ મહેનત થકી આ ઝળહળતી સિધ્ધી પ્રાપ્ત કરી સ્કૂલ અને પરિવારનું હમાપર ગામનુ ગૌરવ વધાર્યુ છે.

# કિશાન ગૌશાળામાં ૨૩૦૦ ગૌમાતાઓને અપાયો આશરો



**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ 'કિશાન ગૌશાળા' માં આશરે ૨૩૦૦ જેટલા અબોલ પશુ-પક્ષીઓ ગાય, બળદ, વાછડા વિગેરેનો સુંદર નિભાવ થઈ રહયો છે, જેમા રસ્તે રઝડતા, બીનવારસી, અંધ, અપંગ, બીમાર, લૂલા-લંગડા માંદા પશુઓ સ્વીકારવામાં આવે છે અને જો કોઈ પશુ બીમાર હોય તો તેની સારવાર કરવામાં આવે છે અને તેની સેવાચાકરી કરવામાં આવે છે. સંસ્થાને કોઈ કાયમી ભંડોળ નથી કે કોઈ નિયમીત આવકનું સાધન નથી, સંસ્થા સંપૂર્ણપણે દાતાઓના શ્રીદાન પર નિર્ભર છે. પ્રવર્તમાન મોંઘવારીના સ્થિતિના હિસાબે, ગૌ સેવા-જીવદયા પ્રવૃતિઓનો નિર્વાહ કરવો ખુબ મુશ્કેલ બન્યો છે. કિશાન ગૌશાળા દ્વારા ગાય આધારીત પ્રાકૃતિક ખેતી માટે ગૌમૂત્ર, જુની પડતર છાશ, જીવામૃત, ઘનજીવામૃત વિગેરે રાહત ભાવે બનાવી આપવામાં આવે છે તેમજ કિશાન ગૌશાળાના ચંદ્રેશભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતી અભિયાન ચલાવવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતી માટેનું કિશાન ગૌશાળાના ચંદ્રેશભાઈ પટેલ દ્વારા એક મોડલ ફાર્મ પણ થોરાળા ગામ ખાતે તૈયાર કરવામાં આવેલ છે જેમાં કોઈપણ ખેડૂત જો રૂબરૂ મુલાકાત લ્યે તો પ્રાકૃતિક ખેતી શું છે અને કેવી રીતે થઈ શકે તે જાણી શકાય.

રાજકોટમાં આજીડેમ ચોકડી પાસે, રામવનની સામે આવેલ 'કિશાન ગૌશાળા', અંગેની વિશેષ માહિતી માટે ચંદ્રેશભાઈ પટેલ (મો.નં. ૯૭૨૫૨ ૧૯૭૬૧) પર સંપર્ક કરવો.

# શ્રીશ્રી રવિશંકરજીના જન્મદિન નિમિતે કાલે રકતદાન કેમ્પ

**અબતક,રાજકોટ**

આર્ટ ઓફ લિવિંગ રાજકોટ ચેપ્ટર દ્વારા ગુરૂદેવના જન્મદિવસ એટલેકે આવતીકાલે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જરૂરીયાતમંદોને મદદ કરવાની રીત અને કોઈના જીવનમાં નોંધપાત્ર ફેરફાર લાવવાનો સરળ માર્ગ એ રકતદાન છે. આથી ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરજીના જન્મદિન નિમિતે આવતીકાલે આર્ટઓફ લિવિંગ રાજકોટ ચેપ્ટર દ્વારા બ્લડ બેંક, સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે સવારે ૮.૩૦ થી ૧૨ અને



બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે. વધુ માહિતી માટે ૯૮૭૯૧૨૪૭૭૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# યુજીસી નેટની પરીક્ષાના ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ

## કોલેજોમાં પ્રોફેસર બનવા માટે અને જૂનિયર રિસર્ચ ફેલોશીપ માટે લેવાનારી યુજીસી નેટની આગામી ૨૧મીથી ૩૦મી જૂનની વચ્ચે લેવામાં આવશે

**અબતક, રાજકોટ**

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા કોલેજોમાં પ્રોફેસર બનવા માટે લેવાનારી નેટની એકઝામ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત ૭મી મે સુધી હતી, તે વધારીને ૧૨મી મે કરવામાં આવી એટલે કે આજે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. સાથોસાથ ફોર્મ સબમીટ કરવા સહિતની મુદતમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રોફેસર બનવા માટે અને જૂનિયર રિસર્ચ ફેલોશીપ માટે લેવાનારી યુજીસી નેટની આગામી ૨૧મીથી ૩૦મી જૂનની વચ્ચે લેવામાં આવશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવાનારી આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત ૭મી મે નક્કી કરવામાં આવી હતી. આ ઉપરાંત ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરવા માટે ૮મી મે અને ફોર્મમાં સુધારા કરવા માટે ૯થી ૧૦ મે સુધીનો સમય આપવામાં આવ્યો હતો. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા હવે આ સમયમર્યાદામાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ઉમેદવારોની રજૂઆત અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે ઓનલાઈન ફોર્મ ભરવા માટેની મુદત વધારીને ૧૨મી મે કરવામાં આવી છે. આ જ રીતે ફી ભરીને ફોર્મ સબમીટ કરવા માટે ૧૩મી મે સુધીની મુદત લંબાવવામાં આવી છે. જો કોઈ ઉમેદવારોએ ફોર્મમાં સુધારા-વધારા કરવા હોય તો તો ૧૪ અને ૧૫મી મે દરમિયાન કરી શકશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

આમ, નેટ યુજીસી આપવા ઈચ્છતાં ઉમેદવારો પૈકી જેઓના ફોર્મ ભરવાના બાકી છે, તેઓ હવે નવી મુદત પ્રમાણે ફોર્મ ભરી શકશે. મહત્ત્વની વાત એ છે કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા વર્ષમાં બે વખત યુજીસી નેટ લેવામાં આવે છે. અગાઉ ડિસેમ્બરમા નેટ લેવામાં આવી હતી. આ પરીક્ષા બાદ હવે આગામી ૨૧મીથી ૩૦મી જૂન વચ્ચે લેવાનારી પરીક્ષા માટે હાલમાં ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો હતો.

# સમસ્ત કોળી સમાજના સમુહલગ્નોત્સવમાં ૧૫ દિકરીઓ માંડશે પ્રભુતામાં પગલા

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં કોળી સમાજના સભ્યોએ આપી માહીતી

**અબતક, રાજકોટ**

સમસ્ત કોળી એકતા ટ્રસ્ટ ના પ્રમુખ કલ્પેશભાઈ બાવરીયા ઉપપ્રમુખ ધીરુભાઈ ધોળકીયાના નેતૃત્વ હેઠળ રાજકોટ શહેરના આંગણે સમસ્ત કોળી સમાજની ૧૫ દિકરીઓનો શાહી રજવાડી સમુહલગ્ન તા. ૧૫-૫ ગુરુવારના રોજ સાંજે ૪ કલાકે યોજાશે. સ્થળ લકકીરાજ પાર્ટી પ્લોટ, આજી ડેમ ચોકડી, મહિકાના પાટીયા પાસે, રાજકોટ, દિકરીઓને કરીયાવરમાં ૧૦૧થી વધારે ઘર વપરાશની વસ્તુઓ સમિતિ તથા દાતાઓ તરફથી આપવામાંઅ આવશે. તેમજ મહેમાનો અને જાનૈયાઓ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

'અબતક'ની શુભેચ્છા મુલાકાતમા કલ્પેશભાઈ બાવરીયાએ જણાવ્યું હતું કે સમસ્ત કોળી સમાજના સંતો મહંતો, આગેવાનો, વડિલો, મહિલા મંડળો, ગ્રુપો અને સર્વ જ્ઞાતિના દાતાઓ અને આગેવાનો તથા મહેમાનો સમુહલગ્નમાં સહભાગી બનશે. દિકરીઓનું સ્વપ્ન હોય કે તેમના માતા-પિતા દિકરીઓના લગ્ન યાદગાર અને રજવાડી ઘરે કરે તે ધ્યાનમાં રાખીને સમુહલગ્નની આયોજક ટીમ દ્વારા સમુહલગ્નમાં વર-કન્યા માટે બ્યુટીપાર્લરની વ્યવસ્થા, વર-કન્યાની રજવાડી એન્ટ્રી સાથે કેક શેરમની અને વર-કન્યાને રથમાં બેસાડીને ફુલેકુ કાઢવામાં આવશે. ડી.જે. સાથે વાજતે ગાજતે લગ્નમંડપમાં લઈ જવામાં આવશે. આ સમુહલગ્ન પાટી પ્લોટમાં રાખવામાં આવેલ છે. આ સમુહલગ્નના મુખ્ય આયોજક કલ્પેશભાઈ બાવરીયા, ધીરુભાઈ ધોળકીયા, બાબુભાઈ વસવેલીયા, શૈલેશભાઈ માલમ, સુરેશભાઈ જાંબુકીયા, અરુણાબેન મગવાનીયા, સમુહલગ્નને સફળ બનાવવા સમુહલગ્નની આયોજક ટીમ, મહિલા મંડળો અને સમુહલગ્ન સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે. મો. નં. ૭૯૮૪૫ ૯૪૪૨૪ - ૭૪૦૫૭ ૭૭૦૯૧ જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ સાથે કલ્પેશભાઈની અખબાર યાદીમાં જણાવેલ છે.

# પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીના જીવન પર આધારિત પુસ્તકનું વિમોચન

## 'એકસ્ટ્રા ઓર્ડિનરી સ્ટોરી ઓફ ઓન ઓર્ડિનરી મેન'ના લોકાર્પણ પ્રસંગે અનેક કલાકારો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

જાણીતા હાસ્યકલાકાર, લેખક અને ઉમદા સમાજસેવક પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીના સંઘર્ષમય જીવન ચરિત્ર પર નિશ્ચલ સંઘવી દ્વારા લખાયેલા અંગ્રેજી પુસ્તક એકસ્ટ્રાઓડિનરી સ્ટોરી ઓફ ઓન ઓર્ડિનરી મેનનું લોકાર્પણ થયું આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં હેમુ ગઢવી હોલ ખાતે ડો. શરદ ઠાકર, જય વસાવડા, સાંઈરામ દવે, સુભાષ ભટ્ટ અને આરજે દેવકી ખાસ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જ્વલંત છાયા, જગદીશ મહેતા, જયંત પીઠડીયા, તુષાર ભટ્ટ, દેવેન્દ્ર જાની તેમજ ડો. ભદ્રાયુ વછરાજાની, રાજુ યાજ્ઞિક, ભરત ત્રિવેદી, મિલન ત્રિવેદી, ગુણવંત ચુડાસમા, ચંદ્રેશ ગઢવી, તરૂણ કાટબામણા, સંજુ વાળા, સુનિલ જાદવ સહીત અનેક સાહિત્યકારો કલાકારો તેમજ સાહિત્યરસિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

તદુપરાંત રાજકોટ રેન્જના ડીઆઈજી અશોકકુમાર યાદવ, યુબીક સોલ્યુશન પ્રા. લિ. ના એમ.ડી. ઈલેશ ખખ્ખર, ફાલ્કન પંપ પ્રા.લિ.ના કમલનયન સોજીત્રા, રાજ બેંક પરિવારના કમલભાઈ ધામી તેમજ અગ્રગણ્ય ઉધોગપતિ વિક્રમભાઈ સંઘાણીએ પણ ખાસ હાજરી આપી હતી.

કાર્યક્રમનું સંચાલન હાસ્યકલાકાર ડો. અવની વ્યાસે કર્યું હતું. સાંઈલક્ષ્મી ફાઉન્ડેશનના ચેરમેન અમિત દવે એ માનવ મહેરામણનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

### દાનનો મહિમા લોકોને સમજાવો જરૂરી : સાઈરામ દવે

અબતક સાથેની વાતચીતમાં સાઈરામ દવેએ જણાવ્યું હતું કે, શ્રી સાઈ લક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા ''જીવન એક ઉત્સવ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પદ્મશ્રી જગદીશ ત્રિવેદીના જીવનચરિત્ર પર લખાયેલ Extraordinary story of an ordinary પુસ્તકનું




વિમોચન કરવામાં આવ્યું હતું. ઝેરોક્ષ કરનારો વ્યક્તિ કઈ રીતે પદ્મશ્રી એવોર્ડ સુધી પહોંચ્યો તેની વાતો કરવામાં આવી હતી. દાનનો મહિમા કેટલો છે એ વાતો પણ લોકોએ માણી હતી.

### સફળ થવું હોય તો પોતાની પ્રતિમાને પોતે જ કંડારવી પડશેઃ જગદીશ ત્રિવેદી



અબતક સાથેની વાતચીતમાં જગદીશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, મધર્સ ડે નિમિત્તે હેમુ ગઢવી હોલ ખાતે જીવન ચરિત્ર પર લખાયેલી પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.Extraordinary story of an ordinary પુસ્તકમાં જન્મ થી લઈને પદ્મશ્રી સુધીની ૫૮ વર્ષની સંઘર્ષ યાત્રાને ગુણ અને દોષ સાથે લેખિત જીવનકથાનું વર્ણન કરવામાં આવ્યું છે.કાર્યક્રમમાં ગુજરાતના ગૌરવ સન્માન વક્તાઓ અને રાજકોટ વાસીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તક જે વાંચશે તે કોઈ દિવસ આપઘાત કરવાનો વિચાર નહીં કરે, કઠોળ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી જીવનમાં સફળ થવું હોય તો રાત દિવસ મહેનત કરવી જોશે, પોતાની પ્રતિમા પોતે જ કંડારવી પડશે.

# સમસ્ત મહાજન દ્વારા નિઃશુલ્ક પાણીનું પરબ શરૂ



**અબતક, રાજકોટ**

સમસ્ત મહાજન દ્વારા સંચાલિત કે.કે.વી. હોલ, રાજકોટ ખાતે ઉનાળાના તાપમાનને ધ્યાને રાખી અને નાગરિકોને તાજગી અને આરામ આપવાના હેતુથી પાણીનું પરબ શરૂ કરવામાં આવ્યું છે. આ પરબ દ્વારા ઉનાળાના ગરમ દિવસોમાં પ્રવાસીઓ અને સ્થાનિક નાગરિકોને નિઃશુલ્ક સ્વચ્છ પીવાનું પાણી પ્રદાન કરવામાં આવે છે. આ ઉપરાંત, આ લોકેશન પર બપોરના સમયે બે થી ત્રણ છાશ કેન્દ્ર પણ ચાલુ રાખવામાં આવેલ છે, આ પરબનું ઉદઘાટન સમસ્ત મહાજનના માર્ગદર્શક ગિરીશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ અને દાતા પરિવારના દેવાનું પ્રિય મધુબેન પ્રમોદભાઈ દેસાઈના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું. પરબને ચાલુ રાખવા માટે અમિતભાઈ, રૂપલબેન, હનીબેન, જીયાન તથા દેસાઈ પરિવારના અન્ય સભ્યોએ પ્રતિબદ્ધતા દર્શાવી છે. વધુ માહિતી માટે જીવદયા પ્રેમી કેતનભાઈ સંઘવીના મો.નં. ૭૭૭૮૯૫૨૪૪૮ પર સંપર્ક કરવો.

# આકાશતીર : ભારતનું ગેમ-ચેન્જર, જેણે અમેરિકા, ચીન અને દુનિયાને ચોંકાવી દીધા !

## આ સીસ્ટમ મિશનમાં ફેરફાર થાય તો પણ આપમેળે રસ્તો શોધી શકવા સમર્થઃ પાક. અને ચીનના રડાર સિસ્ટમમાં આ ડ્રોન દેખાતા નથી

હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ છે, જેમાં ભારતે પાકિસ્તાનના ડ્રોન હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે પોતાની નવી સંરક્ષણ સિસ્ટમ 'આકાશતીર'થી દુશ્મનના તમામ ડ્રોનને નિષ્ફળ બનાવ્યા છે, જેણે વિશ્વના મોટા દેશોને ચોંકાવી દીધા છે. DRDO અને BEL દ્વારા ઈસરોના સહયોગથી બનેલી આકાશતીર દુશ્મનોને તરત જ શોધીને ઘેરી લે છે. તે ઈસરોના સેટેલાઈટ અને ભારતના NAVIC GPSનો ઉપયોગ કરે છે અને તેમાં રડારથી બચી શકે તેવા સ્ટીલ્થ ડ્રોનનો સમાવેશ થાય છે.

આ પહેલીવાર છે જ્યારે કોઈ પશ્ચિમી દેશ સિવાય કોઈ દેશે પોતાની રીતે બનાવેલી, AI સંચાલિત અને સેટેલાઈટથી જોડાયેલી ડ્રોનની સેના બતાવી છે, જે યુદ્ધ અને હવાઈ ક્ષેત્રના નિયમો બદલી નાખશે.





### શું છે આકાશતીર સીસ્ટમ ?

આકાશતીર એક એવી અત્યાધુનિક સંરક્ષણ અને હુમલો કરવાની સિસ્ટમ છે જે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તે ઈસરોના સેટેલાઈટથી મળતી તસવીરો, ભારતીય GPS (NAVIC), રડારથી બચી શકે તેવા ડ્રોનના સમૂહ, ઝડપી નિર્ણય લેવા માટેનું અઈ અને સુરક્ષિત કોમ્યુનિકેશન સિસ્ટમ જેવી વસ્તુઓથી બનેલી છે. આ બધું મળીને એક એવી સિસ્ટમ બનાવે છે જે આપમેળે માહિતી મેળવીને દુશ્મનો પર હુમલો કરી શકે છે. તે માત્ર એક ડ્રોન નથી, પરંતુ અનેક ટેકનોલોજીનું સંયોજન છે.

### આકાશતીર પૃથ્વી પર સૌથી શ્રેષ્ઠ શા માટે છે?

આ સીસ્ટમ સંપૂર્ણપણે ભારતમાં બનેલી ટેકનોલોજીનો ઉપયોગ કરે છે, જેમાં કોઈ આયાતી વસ્તુઓ નથી. ઈસરો, ઈઊક અને ઉછઈઉઘ જેવી મોટી સંસ્થાઓએ સાથે મળીને તેને બનાવ્યું છે, જે તેની સંપૂર્ણતા દર્શાવે છે. તે અમેરિકાના ૠછજ કે અન્ય દેશોની ટેકનોલોજી પર આધારિત નથી, જે ભારતને સંરક્ષણમાં સ્વતંત્ર બનાવે છે. આ ઉપરાંત રડારથી બચી શકે તેવા ડ્રોન, તેની ઝડપ અને ડ્રોન પરના કંટ્રોલને એકસાથે જોડે છે, જે બીજી કોઈ સિસ્ટમ પાસે નથી. તેને લેપટોપ જેટલા નાના કમાન્ડ સેન્ટરથી પણ ચલાવી શકાય છે, જે તેને ગમે ત્યાં સરળતાથી ઉપયોગમાં લઈ શકાય તેવી બનાવે છે.

આ સીસ્ટમ ભારતને લશ્કરી બાબતોમાં સ્વતંત્રતા આપે છે. તે વિશ્વને બતાવે છે કે ભારત હવે એક નવી લશ્કરી તાકાત બની રહ્યું છે. તે દુશ્મનો માટે ડર અને મૂંઝવણ ઊભી કરે છે. ભારત-પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં પણ તે ફાયદો અપાવી રહ્યું છે અને હવે વિશ્વના મોટા દેશો પણ માને છે કે ભારત ટેકનોલોજીમાં પાછળ નથી, પરંતુ યુદ્ધની ટેકનોલોજીમાં આગળ વધી રહ્યું છે. ભારતનું એક એવું હથિયાર છે જે હંમેશા પોતાના નિશાન પર લાગે છે. આ સામાન્ય ડ્રોન નથી. આ લડાઈ માટે ખાસ બનાવેલા ઈન્ટેલિજન્ટ યુનિટ છે, જે કોઈ પણ ચેતવણી આપ્યા વિના અંદર જઈ શકે છે, જોઈ શકે છે અને દુશ્મનોને ખતમ કરી શકે છે.

### દુનિયા ચોંકી ઉઠી !!

જૂની પદ્ધતિઓમાં મળતી માહિતીનો ઉપયોગ કરવામાં વિલંબ થતો હતો, જ્યારે આકાશતીર ઈસરોના કાર્ટોસેટ અને છઈંજઅઝ મિશનથી સીધી તસવીરો મેળવે છે. તેનાથી તરત જ નિશાન તાકી શકાય છે અને પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લઈ શકાય છે. આ સિસ્ટમ બીજા દેશોના સેટેલાઈટ પર આધાર રાખતી નથી અને ૧૦૦% પોતાની માહિતીનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત આકાશતીર ભારતના ગઅટઈંઈ સિસ્ટમનો ઉપયોગ કરે છે, જે દક્ષિણ એશિયામાં ૠછજ કરતાં વધુ સારું કામ કરે છે. તેનાથી પહાડો અને રણ જેવા મુશ્કેલ વિસ્તારોમાં પણ ચોક્કસ નિશાન લગાવી શકાય છે. અમેરિકા કે ચીનની ૠછજ આધારિત સિસ્ટમ્સ ઘણીવાર આવી જગ્યાએ નિષ્ફળ જાય છે, જ્યારે આકાશતીરને સ્થાનિક ફાયદો મળે છે.

### દુનિયાભરની પ્રતિક્રિયાઓઃ

* અમેરિકાઃ તેમના નિષ્ણાતો સ્તબ્ધ થઈ ગયા કારણ કે આકાશતીરના ડ્રોને પાકિસ્તાન અને ચીનના રડારને પણ ચકમો આપી દીધો. તેઓ હવે તપાસ કરી રહ્યા છે કે ભારતની પોતાની ટેકનોલોજીને સમજવામાં તેઓ ક્યાં પાછળ રહી ગયા.

* ચીનઃ તેમની ડ્રોન અને સેટેલાઈટ સિસ્ટમ હવે ભારતીય સિસ્ટમનો સામનો કરવા માટે બદલાઈ રહી છે, પરંતુ તેઓ ભારતની સેટેલાઈટ અને અઈના મિશ્રણને સમજી શક્યા નથી. ચીનના લશ્કરી અધિકારીઓ આશ્ચર્યથી શાંત થઈ ગયા છે.

* તુર્કીઃ તેમના શ્રેષ્ઠ ડ્રોનને પણ આકાશતીરના ડ્રોનથી ચડિયાતા જોઈને તેઓ સ્તબ્ધ છે અને તાત્કાલિક અપગ્રેડ શોધી રહ્યા છે.

* પાકિસ્તાનઃ તેમના રડાર અને એર કમાન્ડ સેન્ટર આકાશતીરના ડ્રોનને શોધી શક્યા નહીં, જેના કારણે તેમના અમેરિકન સિસ્ટમ પરનો વિશ્વાસ તૂટી ગયો છે.

આમ, આકાશતીરે વિશ્વના મોટા દેશોને પણ પોતાની ટેકનોલોજીની તાકાતનો અહેસાસ કરાવ્યો છે.

### આકાશતીરની ખાસિયત :

આકાશતીરનું દરેક ડ્રોન ૫-૧૦ કિલો વજન (વિસ્ફોટકો, જામર, જાસૂસી સાધનો) લઈ જઈ શકે છે. તેમજ રડારથી બચવા માટેની ટેકનોલોજી સાથે નીચી ઉડાન ભરે છે. ખાસ તો મિશનમાં ફેરફાર થાય તો પણ આપમેળે પોતાનો રસ્તો શોધી શકે છે. તેમજ પાકિસ્તાન અને ચીનના પરંપરાગત રડાર સિસ્ટમમાં દેખાતું નથી.

અઈ + ડ્રોનનું ઝૂંડ એવું આકાશતીરનું કોમ્બેટ ક્લાઉડ એજ-અઈનો ઉપયોગ કરીને સેટેલાઈટ ડેટા, દુશ્મનના રડારના સિગ્નલ, જમીન પરની હિલચાલ, તેમજ હવામાન અને ભૌગોલિક અવરોધો શોધી કાઢે છે. માત્ર થોડીક સેકન્ડોમાં, તે મિશન બદલી શકે છે, નિશાન પસંદ કરી શકે છે અને ડ્રોનના રસ્તાને ફરીથી નક્કી કરી શકે છે. આમાં માણસની કોઈ દખલગીરી હોતી નથી, જે નાટો કે ઙકઅ સિસ્ટમ કરતાં ઘણું આગળ છે.

# ૨૦૨૨ આતંકવાદી હુમલાનું કાવતરૂ ઘડનાર ખાલિસ્તાનીનો "મુખી" ઝડપાયો

## આતંકને પીઠબળ આપતો ખાલિસ્તાની કાશ્મીર સિંહ ગલવડી વિદેશમાં બેઠેલા બબ્બર ખાલસાના આતંકવાદી સાથે જોડાયેલો હોવાનું આવ્યું સામે

**અબતક, રાજકોટ**

દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓને ભરી પીવા સરકાર સજ્જ બની છે. દેશની અંદર રહેલા ગદ્દારો હોય કે બહારથી દેશ પર હુમલો કરતા આતંકી હોય. દરેકને ખૂણે ખૂણેથી વીણીને ઠેકાણે પાડી દેવામાં આવશે. ત્યારે આ ઝુંબેશમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી(એનઆઈએ) ને એક મોટી સફળતા મળી છે. તેમણે રવિવારે ૨૦૨૨ ના ખાલિસ્તાની આતંકવાદી કાવતરા ઘડવાના કેસમાં એક મુખ્ય ખાલિસ્તાની કાર્યકર કાશ્મીર સિંહ ગલવડીની ધરપકડ કરી છે. એનઆઈએ અધિકારીઓએ જણાવ્યું કે લુધિયાણાનો આ ખાલિસ્તાની કાર્યકર વિદેશમાં બેઠેલા બબ્બર ખાલસાના આતંકવાદી હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંડા સાથે જોડાયેલો છે.

સ્થાનિક પોલીસની મદદથી કાશ્મીર સિંહ ગલવડીને બિહારના મોતીહારીમાંથી પકડવામાં આવ્યો હતો. એનઆઈએ અનુસાર, તે એક ખતરનાક ગુનેગાર છે અને ૨૦૧૬ માં પંજાબની નાભા જેલમાંથી ભાગી ગયેલા છ લોકોમાંનો એક હતો. વધુમાં જણાવ્યું કે નાભા જેલમાંથી ભાગ્યા પછી કાશ્મીર સિંહ રિંડા સહિત અન્ય ખાલિસ્તાની આતંકવાદીઓના સંપર્કમાં હતો અને તેમની સાથે કામ કરતો હતો. તેના પર ખાલિસ્તાની આતંકવાદીઓના મદદગારોને આશ્રય આપવા, તેમને સાધનસામગ્રી પૂરી પાડવા અને આતંકવાદી ભંડોળ આપવાનો આરોપ છે. આ આતંકી ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કર્યા પછી નેપાળ ભાગી ગયા હતા, જેમાં મે ૨૦૨૨ માં મોહાલીમાં પંજાબ પોલીસના ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટર પર થયેલા રોકેટ હુમલાનો પણ સમાવેશ થાય છે.

દિલ્હીની એનઆઈએ સ્પેશિયલ કોર્ટે કાશ્મીર સિંહને ૨૦૨૨ ના આતંકવાદી કાવતરાના કેસમાં ભાગેડુ ગુનેગાર જાહેર કર્યો હતો અને છેલ્લા બે વર્ષમાં તેની સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ બહાર પાડ્યા હતા. તેમજ ધરપકડ કરાવવામાં મદદરૂપ થનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ પણ આપવાની જાહેરાત કરી હતી.

ઓગસ્ટ ૨૦૨૨ માં, એનઆઈએએ બબ્બર ખાલસા, ખાલિસ્તાન લિબરેશન ફોર્સ અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની આતંકવાદી પ્રવૃત્તિઓની તપાસ માટે પોતાની રીતે આ કેસ દાખલ કર્યો હતો. તપાસમાં આતંકવાદીઓ અને ગુનેગારો વચ્ચેનું જોડાણ સામે આવ્યું હતું. આ જૂથો સંગઠિત ગુનાહિત ગેંગ સાથે મળીને દેશના અલગ-અલગ ભાગોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે સરહદ પારથી હથિયારો, દારૂગોળો, વિસ્ફોટકો અને આઈઈડી જેવા સાધનોની દાણચોરીમાં સામેલ હતા.જુલાઈ ૨૦૨૩ માં, એનઆઈએ એ આ કેસમાં સંધુ અને લખબીર સિંહ ઉર્ફે લંડા સહિત નવ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ત્યારબાદ અન્ય છ લોકો સામે બે વધુ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૪ માં, એનઆઈએએ યુએઈથી લંડાના ભાઈ તરસેમ સિંહનું પ્રત્યાર્પણ કરાવવામાં સફળતા મેળવી હતી અને ડિસેમ્બરમાં ત્રીજી પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી.

### મુલતવી રહેલ આઈપીએલ શુક્રવારથી શરૂ?

# ગુજરાત ટાઇટન્સે નેટ પ્રેક્ટિસ શરૂ કરી દીધી!

## ફાઈનલ મેચ ૩૦ મેના રોજ યોજાવાની શક્યતા, નવું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે

**અબતક, અમદાવાદ**

૧૬ મેથી ફરી આઈપીએલ શરૂ થઈ શકે છે. વર્તમાન સિઝનની બાકીની મેચ ચાર સ્થળોએ રમી શકાશે. ફાઈનલ મેચ ૩૦ મેના રોજ યોજાવાની શક્યતા છે.નવું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગુજરાત ટાઈટન્સની ટિમ દ્વારા અત્યારથી જ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે નેટ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. લીગની બાકીની મેચ આવતા અઠવાડિયાથી શરૂ થશે.સ્થળો ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.




લીગ બેંગલુરુ અને લખનૌ મેચ સાથે ફરી શરૂ થશે.પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે ૯ મેના રોજ આઈપીએલ ૨૦૨૫ સ્થગિત કરવી પડી હતી. લીગ બંધ કરતી વખતે, બીસીસીઆઈ એ કહ્યું હતું કે દેશ હાલમાં યુદ્ધની સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં, ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન યોગ્ય નથી. ૨૦૨૫ના નવા શેડ્યૂલ થોડો ફેરફાર થઈ શકે છે. જેમાં પ્લેઑફના સ્થળો યથાવત રહેશે. હૈદરાબાદ ક્વોલિફાયર ૧ અને એલિમિનેટરનું આયોજન કરશે, જ્યારે કોલકાતા ક્વોલિફાયર ૨નું આયોજન કરશે. જોકે, ફાઈનલના સ્થળમાં ફેરફાર થઈ શકે છે. પીટીઆઈના એક સૂત્રને ટાંકીને જણાવ્યું હતું કે ફાઈનલ મેચ કોલકાતાની બહાર યોજાઈ શકે છે. કોલકાતામાં ૩૦ મેના રોજ વરસાદ અને વાદળછાયા હવામાનની આગાહીને કારણે, ફાઈનલને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવાની શક્યતા છે. ફાઈનલ હવે ૩૦ મે અથવા ૧ જૂનના રોજ રમાઈ શકે છે, જે હવામાન અને લોજિસ્ટિક્સ પર આધારિત છે.

# ૫.૬ની તીવ્રતાના ભૂકંપથી તિબેટની ધરા ધણધણી!!!

## ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૯ કિમીની ઊંડાઈએ હતું જેના કારણે ભારે આંચકા અનુભવાયા

**અબતક, નવી દિલ્હી**

૧૧-૧૨મેની રાત્રે ૨:૪૧ વાગ્યે ચીનના કબજા હેઠળના તિબેટમાં જોરદાર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા ૫.૬ મપાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૯ કિમીની ઊંડાઈએ હતું જેના કારણે ભારે આંચકા અનુભવાયા હતા. ભારતના રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર એ આ ભૂકંપની તીવ્રતા નોંધીને પુષ્ટી કરી હતી.



ભૂકંપના જોરદાર આંચકા અનુભવાતા લોકો પોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ભૂકંપની તીવ્રતા અને વ્યાપ એટલો વધારે હતો કે પાડોશી દેશ નેપાળ અને ભુતાનમાં પણ આંચકા અનુભવાયા હતા. જ્યારે ભારતમાં ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય વગેરે જેવા ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ પાડોશી દેશ બાંગ્લાદેશમાં પણ અનુભવાયો હતો. જોકે અત્યાર સુધી ભૂકંપને કારણે કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી.

### ભાઈઓ તો ભાઈઓ બહેનો પણ કમ નહીં!

# શ્રીલંકાને કચડી ટ્રાય સિરીઝમાં ટીમ ઈન્ડિયા "ચેમ્પિયન" બની

## ઓપનર અને ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૧૦૧ બોલમાં ૧૧૬ રનની ઈનિંગ રમી વનડે કરિયરની ૧૧મી સદી ફટકારી

**અબતક, નવી દિલ્હી**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શ્રીલંકામાં ટ્રાઈ સીરીઝ જીતીને તિરંગો લહેરાવ્યો. ભારતે શ્રીલંકા સામે ૯૭ રનોની શાનદાર જીત મેળવી છે. ટીમના કેપ્ટન હરમનપ્રીત કૌરે ફાઈનલમાં યજમાન શ્રીલંકાને હરાવ્યા બાદ કહ્યું કે, મને અમારી ટીમના શાનદાર પ્રદર્શન અને ફાઈનલમાં જીત માટે સારું રમવા માટે ગર્વ છે. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં ભારતે શ્રીલંકાને ૯૭ રનથી હરાવ્યું. મેચમાં યજમાન શ્રીલંકાને જીતવા માટે ૩૪૩ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ તેની આખી ટીમ ૪૮.૨ ઓવરમાં ૨૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ




ત્રિકોણીય શ્રેણીમાં દક્ષિણ આફ્રિકાનો સમાવેશ ત્રીજી ટીમમાં થયો હતો. શ્રીલંકન ટીમ માટે કેપ્ટન ચમારી અટાપટ્ટુએ ૬૬ બોલમાં ૫૧ રન બનાવ્યા, જેમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે નીલાક્ષી ડી સિલ્વાએ ૫૮ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૪૮ રનની ઈનિંગ રમી. વિશ્મી ગુણારત્ને (૩૬), અનુષ્કા સંજીવાની (૨૮), સુગંધિકા કુમારી (૨૭) અને હર્ષિતા સમરવિક્રમા (૨૬) પણ ઉપયોગી નોક્સ રમવામાં સફળ રહી. ભારત તરફથી સ્પિનર સ્નેહ રાણાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી. જ્યારે ઝડપી બોલર અમનજોત કૌરે ત્રણ વિકેટ લીધી. અગાઉ, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કર્યા બાદ, ભારતીય ટીમે સાત વિકેટે ૩૪૨ રનનો મોટો સ્કોર બનાવ્યો. ઓપનર અને ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૧૦૧ બોલમાં ૧૧૬ રનની ઈનિંગ રમી, જેમાં ૧૫ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. આ દરમિયાન, મંધાનાએ શ્રીલંકાના કેપ્ટન ચમારી અટાપટ્ટુ સામે સતત ચાર ચોગ્ગા ફટકારીને પોતાની વનડે કારકિર્દીની ૧૧મી સદી પૂર્ણ કરી.

# સુરતમાં ૧૬૦થી વધુ ગેરકાયદે રહેતા બાંગ્લાદેશી ઝડપાયા!!!

## મોબાઈલમાં '+૮૮' ડાયલ કરતા જ તમામ ઘૂસણખોરો ખુલ્લા પડ્યાઃ બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવા જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટર જવાબદારી સોંપાઈ

**અબતક, સુરત**

સુરતમાં ૨૬ એપ્રિલના પોલીસ દ્વારા એક સાથે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને ઝડપી પાડવાનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સુરત પોલીસે ૧૬૦થી વધુ બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા. જોકે, હવે તેમને દેશમાંથી બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે સુરત પોલીસે આ તમામ બાંગ્લાદેશીઓને ઝડપી કાયદેસર રીતે તેમના મૂળ વતન પરત મોકલવા માટે (જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટર)ને જવાબદારી સોંપી છે. જે હવે કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ સાથે સંકલનમાં રહી આગળની કાર્યવાહી કરાશે.સુરતના ભેસ્તાનના ઊન વિસ્તારમાંથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી પકડાયા હતા. આ લોકો ઈસ્માઈલનગર અને સાયરાનગર જેવા વિસ્તારોમાં ભાડાની ઝૂંપડીઓમાં વસવાટ કરતા હતા.

પોલીસે જ્યારે તેમને ઝડપી લીધા ત્યાર બાદ આ વિસ્તારોમાં ધડાધડ મકાન બંધ જોવા મળ્યા અને અનેક બાંગ્લાદેશીઓ ભયભીત થઈ ભાગી છૂટ્યા હતા.ઓપરેશન દરમિયાન કેટલાક રસપ્રદ અને ચોંકાવનારા કિસ્સાઓ પણ સામે આવ્યા છે. બે મહિલાઓએ પોલીસ સમક્ષ ખુલાસો કર્યો કે, તેમના પતિ બાંગ્લાદેશી છે તે વાત તેમને લગ્નના કેટલાય વર્ષ પછી ખબર પડી છે. એક મહિલા સાત વર્ષના લગ્નજીવન બાદ અને બે બાળકોની માતા હોવા છતાં આ સત્યથી અજાણ રહી હતી. બીજી મહિલાએ ત્રણ વર્ષના લગ્ન પછી કહ્યું કે તે બાંગ્લાદેશ જવા તૈયાર નથી અને હવે પતિથી છૂટાછેડા લેવા માગે છે. પોલીસ માટે પણ આ કિસ્સાઓ આશ્ચર્યજનક બન્યા હતા.પોલીસે ગેરકાયદેસર વસવાટ કરનાર બાંગ્લાદેશીઓને ઓળખવા એક નવી ટેકનિક અપનાવી હતી. મોટા ભાગના બાંગ્લાદેશીઓ પોતાની ઓળખ છુપાવતાં હતા, પણ તેમના મોબાઈલ ફોનમાં +૮૮ કોડથી ચાલતી ચેટ્સ અને કોલ લોગ્સ ચકાસતા તેમની ઓળખ સામે આવી હતી. ચેટ્સમાં તેઓ બાંગ્લાદેશમાં રહેલા પરિવારજનો સાથે વાતચીત કરતા હતા જેનો પુરાવો બન્યો.

# આરટીઈના પ્રથમ રાઉન્ડના અંતે કુલ ૧૩૩૮૪ બેઠકો ખાલી!!!

## ૫૮૯૮ અરજદારોના પ્રવેશ કન્ફર્મ ન થયાઃ કાલે બીજો રાઉન્ડ જાહેર થાય તેવી શક્યતા

**અબતક, રાજકોટ**

રાઈટ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ધો.૧માં વિના મુલ્યે પ્રવેશ માટેની રાજ્ય સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયા અંતર્ગત પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. પ્રથમ રાઉન્ડના અંતે હવે કુલ ૧૩,૩૮૪ બેઠકો ખાલી રહી છે. પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૭૪ બેઠકોમાં પ્રવેશ ફાળવાયો હતો. જેમાંથી ૮૦,૩૭૮ બેઠકોમાં વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. હવે આગામી થોડા દિવસમાં બીજો રાઉન્ડ શરૂ થશે. આરટીઈ હેઠળ આ વર્ષે ગુજરાતની ૯૭૪૧ ખાનગી સ્કૂલોમાં ૨૫% પ્રમાણે કુલ ૯૩,૮૬૦ બેઠકો ઉપલબ્ધ થઈ હતી.જેની સામે આ વર્ષે ૨,૩૮,૯૧૬ અરજીઓ ઓનલાઈન થઈ હતી. જેમાંથી સ્ક્રુટિનીને અંતે જીલ્લા લેવલે ૧,૭૫,૬૮૫ અરજીઓ માન્ય થઈ હતી. જ્યારે ૧૩,૭૬૧ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી હતી અને ૪૯,૪૭૦ અરજીઓ ડુપ્લિકેટ હોવા સહિતના કારણોને લીધે કેન્સલ થઈ હતી. સરકારે આ વર્ષે આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે ૧.૫૦ લાખથી વધારીને ૬ લાખ અને ગ્રામ્ય માટે ૧.૨૦ લાખથી વધારી ૬ લાખ કરી છે. આમ હવે સમાનપણે ૬ લાખ આવક મર્યાદા કરી દેવાતા ૪૫,૦૦૦ જેટલી અરજીઓ વધી હતી. આરટીઈમાં અરજી પ્રક્રિયા બાદ વાલીઓની સ્કૂલ પસંદગી, કેટેગરી અને વિવિધ માપદંડો-મેરિટ્સના આધારે ગત ૨૮મીએ ૮૬,૨૭૪ બેઠકોમાં પ્રવેશ ફાળવણી થઈ હતી. જ્યારે ૭૫૮૬ બેઠકો વાલીની પસંદગીના અભાવે ખાલી રહી હતી. પ્રવેશ ફાળવણી બાદ વાલીઓને સ્કૂલ ખાતે રૂબરૂ જઈને ડોક્યુમેન્ટ જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરવા માટે ૮મે સુધીનો સમય આપવામા આવ્યો હતો. કુલ ૮૦,૩૭૬ વાલીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે.

### ૧૧માંથી ૭ દરખાસ્તો તો માત્ર ટીપીની જ

# કોર્પોરેશનમાં ૨૦મીએ મળનારૂં જનરલ બોર્ડ "ટીપી બોર્ડ" બની રહેશે

## ઘંટેશ્વર અને મોટા મવામાં નવી ટીપી સ્કીમ બનાવવા માટે ઈરાદો જાહેર કરાશે: ભાજપના ૧૨ કોર્પોરેટરોએ ૧૯ પ્રશ્નો જ્યારે કોંગ્રેસના એકમાત્ર નગરસેવીકાએ ત્રણ પ્રશ્નો રજૂ કર્યા



**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકામાં આગામી ૨૦મી મેના રોજ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને જનરલ બોર્ડની બેઠક મળશે.જેમાં અલગ - અલગ ૧૧ દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવશે.જનરલ બોર્ડની બેઠક ટીપી બોર્ડની બેઠક બની રહેશે એવું પણ કહી શકાય કારણ કે ૧૧ દરખાસ્તો પૈકી અલગ અલગ ૭ દરખાસ્ત માત્ર ટીપી શાખાને લગતી છે.બોર્ડમાં ભાજપ અને કોંગ્રેસના કુલ ૧૩ કોર્પોરેટરોએ ૨૨ પ્રશ્નો પૂછ્યા છે.ટીપીની દરખાસ્ત વધુ હોય વિપક્ષ કોંગ્રેસના કોર્પોરેટરો શાસકો અને અધિકારીઓ પણ તડાપીટ બોલાવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

કોર્પોરેશનમાં આગામી ૨૦મી મેંના રોજ મળનારી જનરલ બોર્ડની બેઠકમાં કામચલાઉ પ્રારંભિક ટી.પી. સ્કીમ નંબર ૧૮ (રાજકોટ) માં સમાવિષ્ટ સમૂચિત સત્તામંડળને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડ અને ટીપી રસ્તાની દરખાસ્તોને પરામર્શ આપવા, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની સૂચિત મુસદ્દારૂપ ટીપી સ્કીમ નંબર ૪૬ (ઘંટેશ્વર) બનાવવા માટે ઈરાદો જાહેર કરવા, પ્રારંભિક નગર યોજના નંબર ૩૧(રાજકોટ) માં રાજકોટ મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો અને રસ્તાઓ અન્વયે ફેર કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તને પરામર્શ આપવા, રાજકોટની આખરી નગર રચના યોજના નંબર ૧ (રાજકોટ)ના અનામત પ્લોટ નંબર ૧૦૮૫ને બસ ટર્મિનસના હેતુમાંથી રહેણાંક વેચાણ હેતુ માટે જમીનનો હેતુફેર (વેરિડ) કરવા ટીપી સ્કીમ નંબર ૧માં દ્વિતીય ફેરફાર બનાવવા માટે ઈરાદો જાહેર કરવા, કામચલાઉ પ્રારંભિક નગર રચના યોજના ૨૩ મોટા મવા (રાજકોટ)માં સમાવિષ્ટ સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો તથા ટીપી રસ્તાઓની દરખાસ્તને પરામર્શ આપવા,કામચલાઉ પ્રારંભિક નગર રચના યોજના ૨૨ મોટા મવા (રાજકોટ)માં સમાવિષ્ટ સત્તા મંડળને ફાળવવામાં આવેલા ખંડો અને ટીપી રસ્તાની દરખાસ્ત પરામર્શ આપવા અને ટીપીને લગતી સાતમી દરખાસ્તમાં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની સૂચિત મુસદ્દારો નગર રચના યોજના નંબર ૪૪ (મોટા મવા) બનાવવા માટે ઈરાદો જાહેર કરવા સહિતની ટીપીને લગતી અલગ અલગ સાત દરખાસ્તો અંગે જનરલ બોર્ડની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

આ ઉપરાંત જનરલ બોર્ડમાં મંજૂરી અર્થે અલગ અલગ અન્ય ચાર દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

જેમાં વોર્ડ નં. ૪માં જુના મોરબી રોડ વચ્ચે આવેલા ૫૦ ફૂટ રોડ ડી માર્ટથી આર કે ડ્રીમલેન્ડ સુધીના માર્ગને વાઘજીભાઈ તળશીભાઈ લુણાગરિયા નામકરણ કરવા,કુવાડવા રોડથી જુના મોરબી રોડ વચ્ચે આવેલા ૫૦ ફૂટ રોડના ચોકને પ્રભા ચોક નામ આપવા, પાણી અને મિલકત વેરાની બાકી નીકળતી રકમની વસૂલાત માટે વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ યોજનાને મંજૂરી આપવા અને વોર્ડ નં.૫૫ામાં બ્રામણિયાપરા મેઈન રોડ પર ગોવિંદા શાક માર્કેટ પાસે વોર્ડ નં. ૫ની વોર્ડ ઓફિસ વાળા ચોકને રંગીલા હનુમાનજી ચોક નામકરણ કરવા અંગેની દરખાસ્તો પર નિર્ણય લેવામાં આવશે. કોર્પોરેશનમાં દર બે મહિને મળતી જનરલ બોર્ડની બેઠકમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ પોતાને પ્રશ્નો રજૂ કરી શકે છે.

૨૦ મી મેએ મળનારી જનરલ બોર્ડની બેઠકમાં ભાજપના ૧૨ કોર્પોરેટર હોય ૧૯ પ્રશ્નો રજૂ કર્યા છે. જ્યારે કોંગ્રેસના એકમાત્ર નગરસેવિકા કોમલબેન ભારાઈએ ત્રણ પ્રશ્નો રજૂ કર્યા છે.બોર્ડમાં કુલ ૧૩ કોર્પોરેટરો દ્વારા ૨૨ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે.

જેમાં સૌથી પહેલો પ્રશ્ન રસીલાબેન સાકરીયાનો છે તેઓએ અલગ અલગ ગ્રાન્ટ અંગેની માહિતી માંગી છે.બોર્ડની વણલખી પરંપરા મુજબ પ્રશ્નોત્તરી કાળના એક કલાકનો સમય એક જ પ્રશ્નની ચર્ચામાં વેડફી નાખવામાં આવે છે. બાકીના એક પણ પ્રશ્નની ચર્ચા થતી નથી.રસીલાબેન સાકરીયા ઉપરાંત કંચનબેન સિદ્ધપુરા, જયશ્રીબેન ચાવડા, કોમલબેન ભારાઈ, દિલીપભાઈ લુણાગરિયા, નીતિનભાઈ રામાણી, ડો.દર્શનાબેન પંડ્યા, ચેતનભાઈ સુરેજા અલ્પાબેન દવે, કંકુબેન ઉધરેજા, મીનાબા જાડેજા, સંજયસિંહ રાણા અને ડો. અલ્પેશભાઈ મોરઝરીયાએ પ્રશ્નો રજૂ કર્યા છે.

# યાજ્ઞિક રોડ પર ગેરકાયદે રવિવારી રાત્રી બજાર ભરાવા લાગી:લોકોમાં ભારે રોષ

## ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ વકરી, ન્યૂસન્સ ફેલાવા લાગ્યું: દુકાનદારો અને રહેવાસીઓમાં ભારે રોષ: ટૂંક સમયમાં બેઠક બોલાવી મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર આપશે





**અબતક રાજકોટ**

શહેરના પોશ વિસ્તાર એવા વોર્ડ નં.૭માં યાજ્ઞિક રોડ ઉપર ફરી એક વાર ગેરકાયદે રવિવારી રાત્રિ બજાર ધમધમવા લાગી છે.જેના કારણે ટ્રાફિકજામ સહિતની અનેક સમસ્યા ઉભી થવા લાગી છે.આસપાસ શાંત ગણાતા જાગનાથ પ્લોટ,રામકૃષ્ણનગર અને સરદાર નગર સહિતના વિસ્તારોની શાંતિ હણાય જવા પામી છે. સ્થાનીક લોકો અને દુકાનદારોમાં ભારે નારાજગી વ્યાપી જવા પામી છે. આ અંગે હવે વોર્ડના કોર્પોરેટરોને સાથે રાખી કોર્પોરેશનમાં રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા જણાય રહી છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર યાજ્ઞિક રોડ પર છેલ્લા ઘણા સમયથી રવિવારે રાત્રિ બજાર ભરવા લાગી છે.ગઈકાલે રવિવારે રાત્રે ૭થી ૧૨ વાગ્યા સુધી પણ રાત્રિ બજાર ભરાય હતી.જેના કારણે હીરા પન્ના કોમ્પલેકસથી લઈ હોટલ ઈમ્પિરિયલ પેલેસ સુધી રોડની બન્ને બાજુ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.વાહનચાલકો ત્રાહીમામ પોકારી ગયા છે.રોડની બંને બાજુ રહેણાંક વિસ્તાર આવેલા છે.આટલું નહીં રોડ પર કોમર્શિયલ વિસ્તાર પણ વધુ છે.જેના કારણે આ ગેરકાયદે ભરતી રવિવારી રાત્રિ બજારથી ન્યૂસન્સ ફેલાય રહ્યું છે.

યાજ્ઞિક રોડ પરના દુકાનદાર વેપારીઓ અને શોરૂમ માલિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.ગ્રાહકો દુકાનમાં પ્રવેશી શકે તેટલી જગ્યા પણ ફેરિયા ખુલી છોડતા નથી.દુકાનની આડે ન બેસવાનું કહેવામાં આવે તો ઝઘડા પર ઉતરી આવે છે.જેના કારણે દુકાનદારોમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે.

છેલ્લા ઘણ સમયથી દુકાનદાર,વેપારીઓ ઉપરાંત સ્થાનિક રહેવાસીઓ દ્વારા આ રવિવારી રાત્રિ બજાર અંગે વારંવાર ફરિયાદ કરવા છતાં કોર્પોરેશનની દબાણ હટાવ શાખા દ્વારા કોઈ જ પ્રકારની કામગીરી કરવામાં આવતી ન હોવાની ફરિયાદ ઉઠી રહી છે.

યાજ્ઞિક રોડ પર હીરા પન્ના કોમ્પ્લેકસ બહાર પોલીસ કમિશ્નરના જાહેરનામાંથી રસ્તો બંધ કરાયો હોવા છતાં ત્યાં પણ ફેરિયા બેસી જાય છે.ફેરિયાઓ દ્વારા લાઉડ સ્પીકર પર સતત દેકારા કરવામાં આવતા હોવાથી યાજ્ઞિક રોડ આસપાસ વસવાટ કરતા રહીશો કંટાળી ગયા છે.આગામી દિવસોમાં વેપારીઓ દ્વારા આ અંગે એક મહત્વપૂર્ણ મિટિંગ બોલાવવામાં આવશે. ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવા વિચારણા પણ ચાલી રહી છે.

# 'લક્ષ્યવેધી પ્રદર્શન': રાજકુમાર કોલેજની બે વિદ્યાર્થીનીઓએ શુટીંગમાં જીત્યા મેડલ

## રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ્યશ્રીબા ચૌહાણે બ્રોન્ઝ મેડલ, રાજય સ્તરની સ્પર્ધામાં દ્રષ્ટિ શિયાણીએ ગોલ્ડ મેડલ જીત્યો



**અબતક,રાજકોટ**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ માં અંડર-૧૭ એર રાઈફલ પીપ સાઈટ મહિલા વ્યકિતગત ઈવેન્ટમાં રાજકુમાર કોલેજ - રાજકોટની વિદ્યાર્થીની દ્રષ્ટિ શિયાણી રાજ્ય સ્તરે ૫૯૧/૬૦૦ ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને પ્રથમ વિજેતા થયાં છે.

ગુજરાત સરકાર દ્વારા વિશેષ સન્માન સમારોહમાં સુવર્ણ ચંદ્રક ઉપરાંત રુપીયા દસ હજારની રોકડ પુરસ્કાર રાશિ અને ટ્રેકસૂટ અર્પણ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૬ એપ્રિલથી ૧ મે, દરમિયાન ડેલી કોલેજ, ઈન્દોર ખાતે સંપન્ન થયેલી સત્તરમી ઓલ ઈન્ડિયા આઈપીએસસી શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ માં અંડર-૧૪ ઓપન સાઈટ એર રાઈફલ મહિલા વર્ગ વ્યકિતગતમાં ભાગ્યશ્રીબા ચૌહાણને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો છે.

દ્રષ્ટિ શિયાણી અને ભાગ્યશ્રીબા ચૌહાણે પ્રાપ્ત કરેલી સિદ્ધિને બિરદાવતાં રાજકોટના ઠાકોર સાહેબ અને રાજકુમાર કોલેજના પ્રેસિડેન્ટ માંધાતાસિંહજી જાડેજા, પ્રિન્સિપાલ યશ સકસેના, વાઈસ પ્રિન્સિપાલ કેયુરીબા ગોહિલ અને શુટિંગ કોચ જય મહેતાએ અભિનંદન પાઠવ્યાં હતાં.


પોઝિટીવ ન્યુઝ, ઇન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક સાંધ્ય દૈનિક

વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૬

યોજના નં. ૧

લવાજમ રૂ.૧૧૧૧/-

સિગ્નેચર બ્રાન્ડનું પરફ્યુમ તથા ડિઓ

યોજના નં. ૨

લવાજમ રૂ.૧૨૯૯/-

ડબલ હાથી મસાલાનું ૧ કિ.ગ્રા. મરચું, ૫૦૦ ગ્રામ હળદર તથા ૫૦૦ ગ્રામ ધાણાજીરૂ




વિશેષ નોંધઃ (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪

# ‘વિરાટ’ યુગનો અંત

# કિંગ કોહલીનું ટેસ્ટ ક્રિકેટને અલવિદા!

## ટેસ્ટ ક્રિકેટે મારી કસોટી કરી છે, મને આકાર આપ્યો છે, મને એવા પાઠ શીખવ્યા છે, હું જીવનભર યાદ રાખીશઃ વિરાટ કોહલી



### ટેસ્ટ ક્રિકેટને વિરાટની જરૂરઃ બ્રાયન લારા

વેસ્ટ ઈન્ડિઝનો પૂર્વ દિગ્ગજ ખેલાડી બ્રાયન લારાએ વિરાટ કોહલીના રિટાયરમેન્ટ પર સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી કે, ટેસ્ટ ક્રિકેટને વિરાટની જરૂર છે! તેણે લોંગ ફોર્મેટમાં રમવુ જોઈએ. ટેસ્ટ ક્રિકેટમાંથી હાલ સંન્યાસ લેવાની જરૂર નથી.

### ટેસ્ટમાં કિંગ કોહલીએ ૩૦ સદી અને ૩૧ ફિફ્ટી ફટકારી છે

હવે વિરાટ ફક્ત વનડેમાં જ રમતો જોવા મળશે. ગયા વર્ષે ટીમ ઈન્ડિયાએ ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ તેણે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.વિરાટ કોહલીએ જૂન ૨૦૧૧માં કિંગ્સ્ટનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ કોહલીએ પહેલી ઈનિંગમાં ૪ રન અને બીજી ઈનિંગમાં ૧૫ રન ફટકાર્યા હતા. તેમની છેલ્લી ટેસ્ટ ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં હતી, જે જાન્યુઆરી ૨૦૨૫માં રમાઈ હતી. આ છેલ્લી ટેસ્ટમાં કોહલીએ પહેલી ઈનિંગમાં ૧૭ રન અને બીજી ઈનિંગમાં ૬ રન બનાવ્યા હતા.કિંગ કોહલીએ ૧૨૩ ટેસ્ટ મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન તેણે ૪૬.૮૫ ની સરેરાશથી ૯૨૩૦ રન ફટકાર્યા હતા. કોહલીએ ટેસ્ટમાં ૩૦ સદી અને ૩૧ અડધી સદી ફટકારી છે.

**અબતક, નવી દિલ્હી**

દિગ્ગજ ભારતીય ખેલાડી વિરાટ કોહલીએ આખરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરીને ટેસ્ટ ક્રિકેટમાંથી વિદાય લેતાં રાજીનામું આપી દીધું છે. વિરાટ કોહલીએ રોહિત શર્માના માર્ગે ચાલતા ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલાં જ બીસીસીઆઈને તેના આ નિર્ણય વિશે જણાવ્યું હતું. બીસીસીઆઈ તેને આ નિર્ણય પાછો ખેંચી લેવા મનાવવા પ્રયાસ કરી રહ્યું હતું. જોકે વિરાટે બીસીસીઆઈની વાત માની નથી. વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું કે ૧૪ વર્ષ પહેલાં ટેસ્ટ ક્રિકેટમાં પહેલી વાર બેગી બ્લુ જર્સી પહેરીને પ્રવેશ લીધો હતો. સાચું કહું તો, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આ ફોર્મેટ મને કેવા પ્રવાસ પર લઈ જશે. તેણે મારી કસોટી કરી, મને ઘડ્યો, અને મને એવા પાઠ શીખવ્યા જેનું હું મારા બાકીના જીવનમાં અનુસરણ કરીશ. વધુમાં લખ્યું કે, વ્હાઈટ કપડાંમાં રમવું એ અંગત અનુભવ હોય છે.

શાંત માહોલ, લાંબા દિવસો, નાની-નાની પળ કે, જેને કોઈ જોઈ રહ્યુ નથી હોતું. પરંતુ તે હંમેશા તમારી સાથે રહે છે. હું હવે તેનાથી દૂર થઈ રહ્યો છું. તે સરળ નથી. પરંતુ યોગ્ય છે. મેં ઘણુ બધુ જોયું છે, મને મારી અપેક્ષા કરતાં વધુ મળ્યું છે. દિલથી તમામનો આભાર માની વિદાય લઈ રહ્યો છું. હું હંમેશા મારા ટેસ્ટ કેરિયરને એક મૃદુ હાસ્ય સાથે યાદ કરીશ. ૨૬૯ સાઈનિંગ ઑફ.

વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ હતી. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી તરીકે ઓળખાતી આ ટેસ્ટ શ્રેણીમાં ભારતે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતે ચાર મેચની શ્રેણીની પહેલી ટેસ્ટ ૩૧ રને જીતી લીધી. જોકે, બીજી ટેસ્ટમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ભારતે ત્રીજી ટેસ્ટ ૧૩૭ રનથી જીતીને શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી અને ચોથી મેચ ડ્રો રહી હતી. આ સાથે, ભારતે ઓસ્ટ્રેલિયાની ધરતી પર તેની પહેલી ટેસ્ટ શ્રેણી જીતી લીધી. આ પહેલી વાર હતું જ્યારે ભારતે ઓસ્ટ્રેલિયામાં બોર્ડર ગાવસ્કર ટ્રોફી જીતી હતી.

વર્ષ ૨૦૧૯માં વિરાટની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમે કેરેબિયન ટીમને તેમના ઘરઆંગણે ૨-૦ થી હરાવ્યું હતું. આ બે મેચની શ્રેણીમાં ભારતે બધી ટેસ્ટ અને બંને મેચ મોટા માર્જિનથી જીતી હતી. ભારતે પહેલી મેચ ૩૧૮ રનથી અને બીજી મેચ ૨૫૭ રનથી જીતી હતી. વેસ્ટ ઈન્ડીઝમાં ભારતનું આ શ્રેષ્ઠ પ્રદર્શન હતું. ભારતે અહીં પહેલા પણ ટેસ્ટ મેચ જીતી હતી, પરંતુ કોહલીની ટીમે જે વર્ચસ્વ બનાવ્યું તે ક્યારેય નહોતું. કોહલીની કેપ્ટનશીપ હેઠળ એક નવી આક્રમક ટીમ ઈન્ડિયાની શરૂઆત જે કોઈથી ડરતી નથી.

૨૦૧૫માં ભારતે દક્ષિણ આફ્રિકા સામે ચાર મેચની ટેસ્ટ શ્રેણી ૩-૦ થી જીતી હતી. આ ભારતની સૌથી મોટી ટેસ્ટ જીતમાંની એક હતી. આ સમયે આફ્રિકન ટીમ ખૂબ જ મજબૂત હતી. તેમાં ડી વિલિયર્સ, અમલા અને ડુ પ્લેસિસ જેવા ઘણા મહાન ખેલાડીઓ હતા. આ સાથે આ આફ્રિકન ટીમ ટેસ્ટ રેન્કિંગમાં નંબર વન પર રહી હતી. જોકે, ભારતે આફ્રિકાને ૩-૦થી હરાવ્યું અને ટેસ્ટ રેન્કિંગમાં પ્રથમ સ્થાન છીનવી લીધું હતું.

૨૦૧૬માં પણ ભારતે ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી ૩-૦ થી જીતી હતી. આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાએ પહેલી મેચ ૩૨૧ રનના મોટા માર્જિનથી જીતી હતી. બીજી મેચ ૧૭૮ રનથી અને ત્રીજી મેચ ૧૯૭ રનથી જીતી હતી. આ શ્રેણીમાં વિરાટ કોહલીએ બેટથી પણ શાનદાર પ્રદર્શન કર્યું. કેપ્ટનશીપની સાથે બેટ્સમેન તરીકે વિરાટનું યોગદાન ખૂબ મહત્વનું હતું. આ સમયગાળા દરમિયાન તેણે ટેસ્ટ ક્રિકેટમાં પોતાનું કૌશલ્ય બતાવ્યું અને અન્ય કોઈ બેટ્સમેન તેની નજીક પણ નહોતો.

કોહલીની કેપ્ટનશીપમાં ભારતે ઘરઆંગણે ઈંગ્લેન્ડને ૪-૦થી હરાવીને અત્યાર સુધીની શ્રેષ્ઠ ટેસ્ટ શ્રેણી જીત નોંધાવી હતી. કોહલીની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમે સંપૂર્ણ રીતે પ્રભુત્વ મેળવ્યું અને ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. રાજકોટમાં પહેલી ટેસ્ટ ડ્રો થયા પછી એવું લાગતું હતું કે એલિસ્ટર કૂકની ઈંગ્લેન્ડ ટીમ ૨૦૧૨-૧૩ જેવા જ ઈરાદા સાથે આવી હતી. જોકે, આ પછી કોહલીની કેપ્ટનશીપમાં ભારતે પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચ ભારતે ૨૪૬ રને જીતી લીધી હતી. આ પછી ભારતીય ટીમે મોહાલીમાં ત્રીજી ટેસ્ટ આઠ વિકેટથી જીતી લીધી હતી. ભારતે મુંબઈમાં ચોથી ટેસ્ટ એક ઈનિંગ્સ અને ૩૬ રનથી જીતી લીધી. ટીમ ઈન્ડિયાએ પાંચમી ટેસ્ટ એક ઈનિંગ્સ અને ૭૫ રનથી જીતીને શ્રેણીનો અંત શાનદાર રીતે કર્યો અને શ્રેણી ૪-૦થી જીતી લીધી. તેઓએ ૨૦૧૨-૧૩ માં ઘરઆંગણે થયેલી હારનો બદલો પણ લીધો.

### ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર વિરાટ ચોથો ભારતીય

વિરાટ કોહલીએ ૨૧૦ ટેસ્ટ ઈનિંગ્સમાં ૪૬.૮૫ ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા. જેમાં તેની ૩૦ સદી અને ૩૧ અડધી સદીનો સમાવેશ થાય છે. વિરાટ કોહલી ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં ચોથા ક્રમે છે.

### ટેસ્ટ કારકીર્દી

કુલ મેચઃ ૧૨૩
ઈનિંગ્સઃ ૨૧૦
રનઃ ૯૨૩૦
સૌથી મોટી ઈનિંગઃ ૨૫૪ (સાઉથ આફ્રિકા સામે)
સરેરાશઃ ૪૬.૮૫
સ્ટ્રાઈક રેટઃ ૫૫.૫૭
સદીઓઃ ૩૦
અડધી સદીઃ ૩૧
ફોરઃ ૧૦૨૭
છગ્ગાઃ ૩૦

### બીસીસીઆઈનો પ્રયાસ પણ કોહલી અડગ

શનિવારે સવારે વિરાટ કોહલીએ ટેસ્ટમાંથી સંન્યાસ લઈ રહ્યો હોવાની જાહેરાત કરી હતી. વિરાટની આ જાહેરાત બાદથી બીસીસીઆઈ સતત તેને ટેસ્ટ ક્રિકેટ રમવા માટે મનાવી રહ્યું હતું. હાલમાં જ ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી. જેથી બીસીઆઈઆઈને આગામી ટેસ્ટ ટૂર્નામેન્ટ (ઈંગ્લેન્ડ પ્રવાસ) માટે મજબૂત ખેલાડીની શોધ હતી. એવામાં કોહલીની આ જાહેરાતથી બીસીઆઈઆઈ સતત તેને રિટાયરમેન્ટ પાછું લંબાવવા માટે મનાવી રહ્યું હતું.

### કોહલી ત્રણેય ફોર્મેટમાં કેપ્ટન રહ્યો

કોહલીએ ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ પણ કર્યું છે. ધોનીની નિવૃત્તિ પછી ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર તે પહેલી વાર કેપ્ટન બન્યો હતો. ત્યારથી ૨૦૨૨માં દક્ષિણ આફ્રિકાના પ્રવાસ સુધી તે ટેસ્ટમાં કેપ્ટન રહ્યો. ૨૦૨૧માં તેમની પાસેથી ટી-૨૦ અને વન-ડે કેપ્ટનશીપ છીનવી લેવામાં આવી હતી. કોહલીએ ૨૦ જૂન ૨૦૧૧ ના રોજ સબીના પાર્ક ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે આ વર્ષે સિડનીમાં ઓસ્ટ્રેલિયા સામે પોતાની છેલ્લી ટેસ્ટ રમી હતી.

### ટેસ્ટમાં વિરાટ કોહલીના નામે નોંધાયેલા મોટા રેકોર્ડ

કોહલી ટેસ્ટ કારકિર્દીમાં સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો ૧૯મો બેટ્સમેન છે. તે સૌથી વધુ બેવડી સદી ફટકારનાર ચોથો બેટ્સમેન છે, તેણે કુલ ૪ બેવડી સદી ફટકારી છે.ટેસ્ટમાં સૌથી વધુ ચોગ્ગા ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં તે ૨૬મા સ્થાને છે. વિરાટ કોહલી ૬૦૦૦ રન બનાવનાર ૯મો સૌથી ઝડપી બેટ્સમેન હતો, અને ૭૦૦૦ રન બનાવનાર ૫મો સૌથી ઝડપી બેટ્સમેન હતો.વિરાટ કોહલી કેપ્ટન તરીકે સૌથી વધુ મેચ રમનાર ભારતીય ખેલાડી છે, તે વિશ્વમાં આ યાદીમાં છઠ્ઠા ક્રમે છે.

# વીવીપી કોલેજમાં ડીપ્લોમાં એન્જીનીયરીંગનો પ્રારંભ

## ૧૫મેથી ફોર્મ ભરવાના થશે શરૂ અબતકની શુભેચ્છા મુલાકાતમાં વી.વી.પી. કોલેજના સભ્યોએ આપી વિગત

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજની શરૂઆત કરનાર, ભારતની ‘‘બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ‘‘ ના રાષ્ટ્રીય એવોર્ડ સહિત અનેક એવોર્ડથી સન્માનિત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા આ વર્ષથી ડીપ્લોમાં એન્જીનીયરીંગની શરૂઆત રહી છે.

વી.વી.પી. દ્વારા મીકેનીકલ,ઈલેકટ્રીકલ, કેમીકલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને સિવિલ એન્જીનીયરીંગમાં ડીપ્લોમાં એન્જીનીયરીંગની શરૂઆત થઈ રહી છે.

૨૯ વર્ષોથી ‘‘રાષ્ટ્રાય સ્વાહા ઈદં ન મમ-મારુ બધુ જ મારા રાષ્ટ્રને અર્પણ‘‘ મૂળ મંત્ર સાથે કાર્યરત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજે ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ ક્ષત્રે શિરમોર સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

હવે ડીપ્લોમાં ક્ષેત્રે પણ વી.વી.પી. સંસ્કારયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ પ્લેસમેન્ટ આપવા કટિબધ્ધ છે.

૨૯ વર્ષમાં વી.વી.પી. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં ભારતની ‘‘બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ‘‘ નો આઈ. એસ. ટી. ઈ. દ્વારા રાષ્ટ્રીય એવોર્ડ.

વર્ષ ૨૦૧૬માં ‘‘બેસ્ટ લાયબ્રેરી ‘‘ નો એવોર્ડ., ૨૦૧૬ અને ૨૦૧૭માં ‘‘જીટીયુ પેડાગોગીકલ ઈનોવેશન એવોર્ડ‘‘,વર્ષ ૨૦૨૩માં મહત્તમ વિદ્યાર્થીઓની મેમ્બરશીપ માટે આઈ.એસ.ટી.ઈ. દ્વારા ‘‘બેસ્ટ ચેપ્ટર‘‘ એવોર્ડ , બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ ઈન વેસ્ટ ઈન્ડીયા ફોર ઈન્ડસ્ટ્રી ઈન્ટરફેસ ૨૦૨૪.

બેસ્ટ આઈ.આઈ.આર.એસ. ઈસરો નોડલ સેન્ટર એવોર્ડ-૨૦૨૨., ગોલ્ડ બેન્ડ, સસ્ટેનેઈબલ ઈન્સ્ટીટયુશન ઓફ ઈન્ડીયા ગ્રીન રેકીંગ ૨૦૨૫.


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

વર્ષ ૨૦૨૫માં આઈ.એસ.ટી.ઈ. દ્વારા’’બેસ્ટ ફેકલ્ટી ઈન કોમ્પ્યુટર એન્જીનીયરીંગ., વર્ષ ૨૦૨૫માં આઈ.એસ.ટી.ઈ. દ્વારા ‘‘બેસ્ટ એન્ડ ઈનોવેટીવ પ્રોજેકટ‘‘ એવોર્ડ, આઈ.ઓ.ટી. બેઝડ ઈ કાર્ટ‘‘ , વર્ષ ૨૦૨૫માં આઈ.એસ.ટી.ઈ. દ્વારા ‘‘ઈનોવેટીવ વર્ક ઈન ધ એરીયા ઓફ રીન્યુએબલ એન્ર્જી ‘‘

વર્ષ ૨૦૨૫માં આઈ.એસ.ટી.ઈ. દ્વારા ‘‘બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ‘‘. , વર્ષ ૨૦૨૫માં આઈ.એસ.ટી.ઈ. દ્વારા ‘‘બેસ્ટ ઈન્સ્ટીટયુટ ફોર કોન્ટીબ્યુશન ઈન સોશીયલ એકટીવીટીઝ‘‘ એવોર્ડ.

વી.વી.પી. ૧૦૦ ટકા પ્લેસમેન્ટ આપવા કટિબધ્ધ છે. વી.વી.પી.ના વિદ્યાર્થીઓ રીલાયન્સ, નયારા, મેટ્રીકસ, ઝાયડસ, આઈ.આર.એમ. એનર્જી, રોલેક્ષ, ઈ-ઈન્ફોચીપ, ટી.સી.એસ. મહિન્દ્રા, ઈન્ફોસીસ, પેલીકોન, ઈન્ટાસ, જયોતિ બોસ્ક, ઈ.પી.પી. , ફેરોમેટીક મીલેક્રોન, વિપ્રો, સિદ્ધી સિમેન્ટ, જેટકો વગેરે ૧૦૦થી વધુ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પસંદગી પામ્યા છે.

૬એનર્જી ઓડીટ, એન.એ.બી.એલ. એપ્રુવૂડ એન્વાયરમેન્ટ ઓડીટ, એન. એ. બી. એલ. એપ્રુવ્ડ મટીરીયલ ટેસ્ટીંગ લેબ, અદ્યતન કલાસરૂમ, અત્યાધુનિક લેબોરેટરી.

અબતક સાથે વાતચીતમાં વીવીપી કોલેજનાં પ્રિન્સીપાલ પિયુષભાઈએ જણાવ્યું હતુ કે,

આઈ.આઈ.ટી. બોમ્બેના સહયોગથી ઈ યંત્ર લેબોરેટરી, ક્રિકેટ, વોલીબોલ, બાસ્કેટ બોલ, ચેસ, કેરમ, બેડમિંગ્ટન, ટેબલ ટેનિસ, સહશૈક્ષણિક, સાંસ્કૃતિક અને ઈત્તર પ્રવૃત્તિઓ સુવિધાઓ, ૬૦,૦૦૦થી વધુ પુસ્તકો ધરાવતી લાયબ્રેરીથી સુસજ્જ વી.વી.પી. કેમ્પસમાં ડીપ્લોમાં એન્જીનીયરીંગ માટે ડીગ્રી સ્તરની સુવિધાઓ ઉપલબ્ધ છે.

૬ ૩૨ પી.એચ.ડી. પૂર્ણ કરેલ પ્રાધ્યાપકો, ૩૦ પી.એચ.ડી. કરી રહેલ પ્રાધ્યાપકો અને માસ્ટર -ડીગ્રી ધરાવતા તમામ પ્રાધ્યાપકો દ્વારા જે રીતે ડીગ્રી એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષાણ આપવામાં આવી રહ્યું છે, એ જ રીતે ડીપ્લોમાં એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને પણ શ્રેષ્ઠ શિક્ષણ આપવા વી.વી.પી. કટિબધ્ધ છે.

વી.વી.પી.એ ૨૯ વર્ષોમાં અનેક વિદ્યાર્થી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે.

લેપટોપ સબસીડી, ટ્રાન્સપોર્ટેશન સબસીડી, વિદ્યાર્થી-વાલીનો વીમો, ફ્રી હેલ્મેટ, બુક બેંક, ટુલ બેંક, કોલેજ કેમ્પસમાં વિના મૂલ્યે ઈન્ટરનેટ, વર્કશોપ, કોમ્પ્યુટર સેન્ટર, એન.સી.સી., એન.એસ.એસ., લાઈબ્રેરી, સ્પોર્ટસ સુવિધાઓ વગેરેનો સમાવેશ થાય છે.

(અનું.આઠમાં પાને)

## આત્મવિશ્ર્વાસ સાથે દરેક પરિસ્થિતિને પહોંચી વળવા

# પરિધિ રાયફલ શૂટિંગ કલબ દ્વારા “સ્વબચાવ” માટે ૨૦૦ લોકોને અપાય હથિયાર તાલીમ

## રાયફલ, પિસ્તોલ અને એરગન જેવા વિવિધ શસ્ત્રોનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવવામા આવ્યા

**અબતક,રાજકોટ**

તાજેતરની ઘટનાઓને જોતાં, સ્વ-રક્ષણ અને સુરક્ષા અંગે જાગૃતિ લાવવી અત્યંત આવશ્યક છે. રાજકોટ પોલીસ કમિશનર કચેરી અને પરિધિ રાયફલ શૂટિંગ કલબ દ્વારા હાલાર હોર્સ રાઈડિંગ સ્કૂલ ખાતે લોકોને અપાયું શસ્ત્રોનું ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સનાતન ગ્રુપનાં સદસ્યો માટે નિઃશુલ્ક શસ્ત્ર પ્રદર્શન અને માહિતી સેમિનારનું સરાહનીય પગલું છે.આ સેમિનારમાં રાયફલ, પિસ્તોલ અને એરગન જેવા વિવિધ શસ્ત્રોનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવવામા આવ્યા પહલગામની ઘટનામાં ગુજરાત રાજ્ય સહિત દેશભરના ૨૬ નિર્દોષ લોકોનો ભોગ લેવાયો છે. કોઈ પરિવારનો આધારસ્તંભ છીનવાઈ ગયો. તો કોઈ સૌભાગ્ય વતી સ્ત્રીનો ચૂડી-ચાંદલો ભૂંસાઈ ગયો. કોઈ બહેન હવે પોતાના ભાઈના કાંડે રક્ષાબંધને રાખડી નહીં બાંધી શકે. ઘટનાથી આખા દેશના લોકોની લાગણી દુભાઈ છે અને તેને ઠેસ પહોંચી છે. ત્યારબાદ રાજકોટના યુવાનોએ નવી પહેલ શરૂ કરી છે અને સ્વરક્ષણ-સ્વબચાવ માટે અભિયાન શરૂ કર્યું છે. હવે તેઓ લાઈસન્સ, નોન લાઈસન્સ હથિયાર અને એરગનના વપરાશ અને તેની સમજણ આપવા માટે વોર્ડ વાઈઝ તાલીમ વર્ગ શરૂ કરશે. જેમાં મહિલાથી લઈને, યુવાનો, યુવતીઓ સૌ કોઈ જોડાઈ શકશેઅભિયાન શરૂ કરતાં પહેલાં પોલીસ વિભાગના અલગ-અલગ અધિકારીઓ, રાઈફલ શૂટિંગ કલબના સંચાલકો, એન.સી.સી.ના કમાન્ડિંગ ઓફિસરને મળ્યા. તેની સાથે ચર્ચા વિચારણા કરી હતી.જેમાં લોકો પહલગામ જેવી ઘટના થાય કે ગમે ત્યારે આકસ્મિક હુમલો થાય તો પોતાનો બચાવ કઈ રીતે કરી શકે, તેમજ હુમલાખોરોની સામની કેવી રીતે કરી શકે તેની સમજ આપવા શું કરવું જોઈએ તેના મંતી લેવામાં આવ્યા. બાદમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે, સામાન્ય લોકો માટે તાલીમ વર્ગ શરૂ કરવા જોઈએ.તાલીમ વર્ગના અભિયાન અંતર્ગત પ્રથમ તાલીમ વર્ગ રાખવામાં આવ્યો હતો. જેમાં અંદાજિત ૨૦૦થી વધુ લોકો જોડાયા હતા.પોલીસ હેડક્વાર્ટર્સમાં સ્થિત આર્મરી ડિપાર્ટમેન્ટમાં રહેલા હથિયારો અને પરિધિ રાઈફલ શૂટિંગ કલબના સહયોગથી સાધનોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. તેમજ અધિકારીઓ અને રાઈફલ શૂટિંગ કલબના સંચાલકો દ્વારા તાલીમ આપવામાં આવી હુમલાની ક્ષણમાં કે આકસ્મિક સંજોગોમાં હિંમતથી કામ લેવું જોઈએ. જો તેઓ હિંમત રાખે અને હુમલાખોરીનો સામનો કરે તો તે પોતાની સાથે સાથે બીજાનું પણ રક્ષણ કરી શકે છે.


તસ્વીરઃ દર્શન વાડોલીયા



લોકોને આ શસ્ત્રોની કાર્યપ્રણાલી અને ઉપયોગ વિશે પ્રત્યક્ષ માહિતી આપશે. આ ઉપરાંત, લાયસન્સવાળા અને લાયસન્સ વગરના હથિયારો સંબંધિત પ્રાથમિક માહિતી પણ આપવામાં આવી તેમજ કાયદાકીય પાસાઓને સમજાવવામાં આવ્યા નાની ઉંમરથી જ સુરક્ષા અને જવાબદારીની ભાવના કેળવવામાં મદદ મળશે. આ પ્રકારના જ્ઞાન અને સમજણથી લોકો કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા માટે વધુ સજ્જ બની શકશે.સનાતન ગ્રુપ, રાજકોટ પોલીસ કમિશનર ક્ચેરી અને પરિધિ રાયફલ શૂટિંગ ક્લબનો આ પ્રયાસ

(અનું.આઠમાં પાને)

# ઝોન-૧ અને ઝોન-૨એ પકડી પાડેલ ૧,૦૦,૦૦૦ થી વધુ શરાબની બોટલ પર બુલડોઝર ફરી વળ્યું

## ઝોન-૧ પોલીસે પકડેલી ૮૦૩૪ બોટલ, ઝોન-૨ એ પકડેલી ૧૦,૨૪૮ બોટલ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પકડી પાડવામાં આવેલી ૯૧,૦૩૨ બોટલ શરાબનો નાશ કરાયો







**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં પકડી પાડવામાં આવેલ દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. શહેર પોલીસે કુલ ૧૮૫ કેસો દાખલ કરી અલગ અલગ દારૂ અને બિયરની કુલ ૧.૦૯ લાખ બોટલ જેની કિંમત રૂ. ૨.૧૪ કરોડ કબ્જે કરી હતી. જે શરાબના જથ્થાનો આજે નાકરાવાડી ગામ નજીક સરકારી ખરાબા ખાતે નાસ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ગૃહ વિભાગના ઠરાવ અનુસંધાને રાજકોટ શહેર વિસ્તારમાં ગેરકાયદે ઠલવાતા વર્ષ ૨૦૨૪-૨૫ માં ઝડપાયેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ કે જે નામદાર કોર્ટથી મુદ્દામાલનો નાશ સંબંધી હુકમ કરવામાં આવ્યો હતો. તેવા ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાનો નિકાલ કરવા માટે શહેર વિસ્તાર માટે સમિતિની રચના કરવામાં આવી છે. જે સમિતિ રૂબરૂમાં સમિતિના અધ્યક્ષ, સભ્યો અને સભ્ય સચિવ દ્વારા શહેરના પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ દારૂના કેસમાં કબજે લેવામાં આવેલ શરાબના જથ્થાને આજે સવારે સાત હનુમાનથી આગળ સોખડા અને નાકરાવાડી ગામ વચ્ચે આવેલ સરકારી ખરાબા ખાતે લઈ જઈ નાશ કરવામાં આવ્યો હતો.

શહેર પોલીસ ઝોન-૧ દ્વારા કુલ ૯૫ કેસો દાખલ કરી રૂ. ૨૧,૦૯,૧૬૦ ની કિંમતની ૮૦૩૪ બોટલ, ઝોન-૨ પોલીસ દ્વારા ૭૦ કેસો કરી રૂ. ૫૬,૦૦,૯૬૦ ની કિંમતની ૧૦,૨૪૮ બોટલ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૨૦ કેસો દાખલ કરી રૂ. ૧,૩૭,૬૨,૦૭૬ ની કિંમતની ૯૧,૦૩૨ બોટલ શરાબ કબ્જે કરવામાં આવી હતી. એમ કુલ ૧૮૫ કેસો કરી ઝડપી લેવાયેલો રૂ. ૨,૧૪,૭૨,૧૯૬ ની કિંમતની ૧,૦૯,૩૧૪ દારૂ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

# વોન્ટેડ તસ્કર ત્રિપુટી ઝડપાઈ ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

### બે સ્થળે મારામારીના ગુનામાં નાસતો ફરતા દરમિયાન બે સ્થળે બાઈકની ચોરી અને જામનગરમાં ચીલ ઝડપને અંજામ આપ્યો



**અબતક, રાજકોટ**

શહેર માં બે સ્થળે મારામારીના ગુનામાં નાસતા ફરતા તસ્કર ત્રિપુટીને ઝડપી ત્રણ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. પ્ર .નગર અને તાલુકા પોલીસ મથકના વિસ્તારમાંથી બાઈક ચોરી અને જામનગર શહેરમાંથી ચીલ ઝડપ કર્યાની કબુલાત આપી છે. બે બાઈક મળી રૂપિયા ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા તેમજ ગુનાખોરી કરી નાસ્તા હતા શખ્સોને ઝડપી લેવા પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર જાય આપેલી સૂચનાને પગલે એલસીબી ઝોન ટુ ની નાસતા ફરતા ટીમના પીએસઆઈ આર આર કોઠીયા અને ઈન્ચાર્જ પીએસઆઈ જેવી ગોહિલ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પ્રનગર અને કુવાડવા પોલીસ મથકના ચોપડે મારામારિના ગુનામાં નાસ્તા કરતા અજય માનસિંગ પરસોંડા રાજકોટ તાલુકાના પીપળીયા ગામનો સંજય ચતુર સોલંકી નાગલપર ગામનો જયપાલ રમેશ ચોઘડિયા સહિત ત્રણે શકશો શંકાસ્પદ હાલતમાં રેલનગર મેઈન રોડ પર હોવાની મળેલી બાતમીના આધારે એ.એસ.આઈ.આર.એન મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલા, અનિલભાઈ જીલરીયા શક્તિસિંહ ગોહિલ અને ધર્મરાજસિંહ ઝાલા તેમજ કુલદિપસિંહ રાણા સહિતના સ્ટાફે દરોડો પાડી અજય પરસોંડા સંજય સોલંકી અને જયપાલ જોગણીયાની બે બાઈક સાથે અટકાયત કરી તેની પ્રાથમિક તપાસ કરતા તેને નગર અને તાલુકા પોલીસ મથકમાંથી બંને બાઈક ચોરી આવવાની કબુલાત આપી હતી તેમજ તેના કબજા માંથી મળેલા સોનાના ચેન જામનગર સીટી એ ડિવિઝન માંથી ચીલ ઝડપ કર્યાની કબુલાત આપી હતી. પોલીસે બે બાઈક મળી રૂપિયા ૧.૮૫ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે ઝડપાયેલ ત્રણેય શકશો ભાવનગર અને કુવાડવા પોલીસ મથકના ત્રણ પોલીસ મથકના ચોપડે મારામારી સહિતના ગુનામાં ચડી ચૂક્યો છે પોલીસે સામે પ્રનગર , ગાંધીગ્રામ, આજી ડેમ ,ભક્તિનગર અને મોરબી સીટી એ ડિવિઝન અને જામનગર પોલીસ મથકના ચોપડે મારામારી, લૂંટ અને ચોરી સહિતના ગુનામાં ચડી ચૂક્યો છે.

# પોલીસ પુત્રને ધમકી આપવાના કેસમાં ચાર આરોપી નિર્દોષ

### નાગેશ્વર વિસ્તારમાં ભાડે રાખેલ દુકાનના ભાડા પેટે એડવાન્સ આપેલા રૂપિયા અને માલ સમાન પરત નહિ માથાકૂટ થઈ

**અબતક, રાજકોટ**

શહેરમાં નાગેશ્વર વિસ્તારમાં ભાડે રાખેલ દુકાનના ભાડા પેટે એડવાન્સ આપેલા રૂપિયા અને માલ સમાન પરત નહિ આપી પોલીસ પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના કેસમાં ચાર આરોપીને નિર્દોષ મુક્ત કરતો કોર્ટે હુકમ ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં જામનગર રોડ રહેતા ફરિયાદી ગૌરવગીરી પ્રવીણગીરી ગોસ્વામીએ નાગેશ્વર વિસ્તારમાં મુંબઈ સ્થિત મેહુલભાઈ મહેતાની માલિકીની દુકાન માસિક રૂ.૨૨,૦૦૦ના ભાડા પેટે રાખી હતી અને જેના ચાર મહિનાના ભાડા પેટે રૂ.૭૨૦૦૦ ગુગલ પે કરી આપ્યા હતા. અને એક મહિના માટે દુકાનનો ઉપયોગ સ્નૂકર ગેમ તરીકે કર્યો હતો. બાદ ફરીયાદીને દુકાનના માલિક મેહુલભાઈ મહેતાના પિતા શૈલેષભાઈ મહેતાએ ફોન કરી દુકાન બીજા વ્યકિતને ભાડે આપવાની છે જેથી ખાલી કરી આપવાનું કહેતા દુકાનની ચાવી મેહુલભાઈના જાણીતા કેયુરભાઈ મહેતાને આપી દેવાનું જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ દુકાનની ચાવી કેયુરભાઈને આપી મેહુલભાઈને ફોન કરી એડવાન્સ પેટે આપેલી રકમના બાકી રહેતા રૂ.૫૦,૦૦૦ પરત આપી દેવા જણાવ્યું હતું.

ભાડા પેટે એક લાખ આપવા પડશે નહીંતર સામાન પરત મળશે નહીં બંનેએ ઝગડો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં ફોન કરી સામાનની માંગણી કરતા સામાન બાબતે ફોન કરીશ કે રૂબરૂ આવીશ તો તારું પૂરું કરી નાખીશ તેવી ધમકી આપેલી હતી. જે અંગે ફરિયાદી દ્વારા કેયુરભાઈ સુરેન્દ્રભાઈ મહેતા, ધર્મેશભાઈ મેરામભાઈ ચાવડા, મેહુલભાઈ શૈલેષભાઈ મહેતા અને શૈલેષભાઈ ગૌરીશંકર મહેતા વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી હતી. ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે ચારેય આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, નિમેશ જાદવ, દયા કે. છાયાણી અને આસીસ્ટનટ શ્રધ્ધા આર. ખખખ્ખર રોકાયા હતા.

# પાકિસ્તાનના સમર્થનમાં સ્ટેટસ મુકનાર ગદ્દારને ઝડપી લેવાયો

**અબતક, નવિનગીરી ગોસ્વામી, ભુજ**

પાકિસ્તાનના સમર્થનમાં સોશિયલ મીડિયામાં પોસ્ટ મુકનાર ગદ્દારને ભુજ સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વર્તમાન સ્થિતિમાં પહેલગામ આતંકવાદી હુમલામાં ભારતીય નાગરિકોની હત્યા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધરી એર સ્ટ્રાઈક કરી ૧૦૦ થી વધુ આતંકવાદીઓનો ખાતમો બોલાવ્યા બાદ બંને દેશો વચ્ચે વર્તમાન પરિસ્થિતિ અનુસંધાને સોશિયલ મીડિયાના માધ્યમથી દેશ વિરુદ્ધ ખોટા પ્રોપગેંડા તથા ખોટા સમાચાર ફેલાવનારા પર નજર રાખવા અંગે બોર્ડર રેન્જના આઈજી ચિરાગ કોરડીયાની સૂચનાને પગલે બોર્ડર રેન્જ ભુજ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સોશિયલ મીડિયા ઉપર બાજ નજર રાખવામાં આવી રહી હતી.

દરમિયાન પોલીસની ટીમને ખાનગી રહે હકીકત મળી હતી કે, અનીશ આબિદ અલી ભાન ઉ. વ. ૨૬ રહે તૈયબા ટાઉનશીપ, સંજોગ નગર, ભુજ વાળાએ બંને દેશો વચ્ચે વર્તમાન પરિસ્થિતિ અનુસંધાને પોતાના સોશિયલ મીડિયા પર પોતે પાકિસ્તાનના સમર્થનના સ્ટેટસ મુકેલ હોય જે અલગતાવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતું હોય તેમજ ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને ભયમાં મૂકતું સ્ટેટસ તેણે પોતાના સોશિયલ મીડિયા પર મુકતા આ શખ્સને હ્યુમન તેમજ ટેકનીકલ એનાલિસિસના આધારે ઝડપી લઈ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# પડધરીના મોવિયા ગામેથી ૧૫ બોટલ દારૂ સાથે ભરત પરમાર ઝડપાયો

### રહેણાંક મકાનમાંથી દારૂ મળેલો દારૂ જાવિદ મકરાણીએ મોકલ્યાનો ખુલાસો

**અબતક, રાજકોટ**

પડધરીના મોવિયા ગામના રહેણાંક મકાનમાંથી શરાબની ૧૫ બોટલ સાથે ભરત પરમાર ઝડપાયો છે જ્યારે જાવિદ મકરાણી નામના શખ્સની શોધખોળ શરૂ કરી છે.

પડધરી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, મોવિયા ગામે રહેતો ભરત પીઠાભાઈ પરમાર નામના શખ્સે તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. બાતમીના પગલે પડધરી પોલીસની ટીમ મોવિયા ગામે પહોંચી મકાનની તલાસી લેતાં વિદેશી દારૂની ૧૫ બોટલ મળી આવતા પોલીસે વિદેશ દારૂ સાથે ભરત પરમારને ઝડપી લીધો હતો. ઝડપાયેલા શખ્સની દારૂ અંગે પૂછપરછ કરતા તેની સાથે પડધરીમાં રહેતો જાવિદ હનીફભાઈ મકરાણી નામના શખ્સની સંડોવણી હોવાની કબૂલાત આપતા પોલીસે જાવિદની શોધખોળ હાથ ધરી છે.

# નાકરાવાડી ગામે પિતા-પુત્ર અને પાડોશીને માર મારનાર સુરેશ ઉકેડિયા ઝડપાયો

### ભાદરવી પૂનમે થયેલા ડખ્ખાનો ખાર રાખી શુક્લ પીપળીયા અને પોપટપરાના શખ્સોં દ્વારા હુમલો કરાયો'તો : નાસ્તા ફરતા સ્કવોડ અને એલસીબી ઝોન-૨ ટીમની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ નાકરાવાડી ગામે છ શખ્સોંએ સશસ્ત્ર ધમાલ મચાવી લોખંડના ધારિયા અને પાઈપ વડે હુમલો કરી પિતા-પુત્રને માર મારી માથું ફોડી નાખ્યું હતું અને પગ ભાંગી નાખ્યો હતો. ઉપરાંત મામલામાં પાડોશીને પણ માર મારવામાં આવ્યો હતો. જે ગુનામાં બે માસથી ફરાર સુરેશ ઉકેડિયાને નાસ્તા ફરતા સ્કવોડ ઝોન-૨ અને એલસીબી ઝોન-૨ ટીમે ઝડપી લીધો છે.



સમગ્ર ઘટના પર નજર કરવામાં આવે તો આશરે બે માસ પૂર્વે નાકરાવાડી ગામે રહેતા રાહુલભાઈ ઉર્ફે કડવો ભાવસિંગભાઈ દંતેસરીયા (ઉ.વ.૨) તેના પરિવાર સાથે રાત્રે ઘરે સૂતો હતો ત્યારે સુકલ પીપળીયાનો સંજયભાઈ ચતુરભાઈ સોલંકી હાથમાં ધારિયું લઈને જયારે પોપટપરા ખાતે રહેતો બેચર કોળી હાથમાં લોખંડનો પાઈપ લઈને ઉભા હતા. તેમની સાથે ચાર અજાણ્યા શખ્સોં હાથમાં લાકડાનો ધોકો તથા સોડાની કાચની બોટલ લઈને ઉભા હતા અને ગાળો બોલતા હતા. બાદ અજાણ્યા માણસોએ મારી ઉપર કાચની બોટલનો ઘા કરી ઈજાઓ પહોંચાડી હતી અને બાદમાં તેમના પાડોશીને પણ માર મારવામાં આવ્યો હતો. જે મામલે અલગ અલગ બે ગુના નોંધાયા હતા.

મામલામાં નાસ્તા ફરતા સ્કવોડ ઝોન-૨ તથા એલસીબી ઝોન-૨ ટીમને સંયુક્ત રીતે ખાનગી રાહે કુવાડવા પોલીસમાં દાખલ થયેલ રાયોટિંગ અને મારામારીના ગુનામાં ફરાર ઈસમની બાતમી મળતા બંને ટીમોએ સુરેશ કેશુભાઈ ઉકેડિયા(ઉ.વ.૨૫ રહેમ લક્ષ્મીનો ઢોરો, કટારીયા ચોકડી) ને ઝડપી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ હુમલા સહિતના ૧૦ ગુના નોંધાયેલ છે.

# પોલીસે ધોકો પછાડ્યો : વેપારી સહીત ૧૩ પીધેલા ઝડપાયા

### અલગ અલગ વિસ્તારોમાં ધમધમતા દેશી દારૂના અડધો ડઝનથી વધુ હાટડાઓ પર દરોડા

**અબતક, રાજકોટ**

પોલીસ દ્વારા શહેરમાં છેલ્લા થોડા દિવસોથી કડક ચેકિંગ કરાઈ રહ્યું છે.આ દરમિયાન પોલીસે દારૂ પી વાહન ચલાવતા વેપારી સહિત કુલ ૧૩ શખસોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.આ ઉપરાંત અલગ અલગ પોલીસ સ્ટેશન દ્વારા અડધો ડઝન સ્થળે દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડી દેશી દારૂના કેસ કર્યા હતાં.

પોલીસે વાહન ચેકિંગ દરમિયાન દારૂ પી વાહન ચલાવનાર તથા દારૂ પી નીકળેલા શખસોને ઝડપી લીધા હતાં.જેમાં મિલપરા નિલગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા ચિરાગ કિરીટભાઈ કામદાર, બેડીનાકા મેઈન રોડ પર રહેતા ચિરાગ અમીતભાઈ દંગી, સાઉન્ડના ધંધા સાથે સંકળાયેલા હરિધવા મેઈન રોડ પર શ્રધ્ધા પાર્કમાં રહેતા નિકુંજ દિલીપભાઈ ભંડેરી, બેડીનાકા પાસે નકલંક ચોકમાં રહેતા ભંગારના વેપારી નંદનભાઈ મુકેશભાઈ ડેલાવાળા,શાકભાજીનો ધંધો કરતાં અને કુવાડવા રોડ પર મારૂતિનગર સોસાયટીમાં રહેતા રવિ મુકેશભાઈ કાપડીયા, કાલાવડ રોડ પર આલાપ સેન્ચુરીમાં રહેતા શિવજી પરસોત્તમ સંઘાણીને ઝડપી લીધા હતાં.

જ્યારે સામાકાંઠે રણછોડનગર શેરી નં.૪માં રહેતા અને ગેરેજ ચલાવતાં હિતેષ નારણભાઈ સોલંકી, જંગલેશ્વર મેઈન રોડ પર રહેતા સુખદેવ કાળુ ચાવડા, જંગલેશ્વર રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા દિલીપ ઉર્ફે ધમભા જીલુભાઈ હેરભા, કરણપરામાં આવેલા મધુવન એપાર્ટમેન્ટમાં રહેતા ગણેશ ભુમિભાઈ થાપા, રામનાથપરા શેરી નં.૧માં રહેતા સૌરભ સુષાંત પ્રધાન, સંતુ શંભુનાથ ગૌસ્વામી અને અજય દિનેશ રાખસીયા (રહે.કાલાવડ)ને પીધેલી હાલતમાં ઝડપી લેવામાં આવ્યા હતાં. જ્યારે અન્ય સ્થળો પર દરોડા પાડી અડધો ડઝન જેટલા શખ્સોને દેશી દારૂના કેસમાં પકડી લેવામાં આવ્યા હતાં.

# પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યને શ્રદ્ધાંજલિ પાઠવતા રાજુ ધ્રુવ

**અબતક,રાજકોટ**



સુંદર સુગંધી જીવન તે પણ સક્રીય રાજકારણમાં રહી મુલ્ય નિષ્ઠ જાહેર જીવન જીવી ગયા.શ્વેત વસ્ત્ર અને ખાદી ને પોતાની સાદગી પૂર્ણ જીવન પથને સ્વીકારનાર ગુજરાતની પનોતી પુત્રી એવા હેમાબહેન આચાર્યનું ગઈકાલે અવસાન થતા રાજુભાઈ ધ્રુવે ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પી હતી. અને જણાવ્યું હતું કે, જનસંઘ સમયનાં ,ભાજપ સ્થાપના સમય ના વરિષ્ઠ નેતાઓ પૈકી ના વરિષ્ઠ નેતા હેમાબેન હતાં.એ કપરો સમય રાષ્ટ્ર વિરોધી પરિબળો તેમજ હિન્દુહિત વિરોધી શાસન- સત્તા પ્રભાવ અને વિરોધ ની વચ્ચે સમાજકાર્ય કરવું ઘણું અઘરું અને કઠિન હતું. હિન્દૂ હિત- રાષ્ટ્રહિત ને કેન્દ્ર માં રાખી રાષ્ટ્રવાદી વિચારધારા આધારિત જનસંઘ- ભાજપ ના રાષ્ટ્રવાદી સિદ્ધાંતો મૂલ્યો સાથે લઈ પક્ષકાર્ય માટે સાધન- સુવિધા- સંશાધનોનાં અભાવ વચ્ચે જનસંઘના દીવડાને જલતો રાખનાર સુર્યકાન્તભાઈ આચાર્ય અને હેમાબેન સૌરાષ્ટ્રમાં અગ્રેસર રહ્યા હતા ,ગુજરાતમા પહેલી બે નગરપાલિકા જનસઘે કબજે કરી તેમા માણાવદરનો સમાવેશ થયો, પોતાનો એક એક શ્વાસ જનસંઘ અને પછી થી ભાજપ માટે ખર્ચી નાખી ને અંતિમ શ્વાસ સુધી પોતાના અને પક્ષના સિધ્ધાંતો ને વળગી રહીને માત્ર લોકહિત અને રાષ્ટ્રની ચિતા કરનારા હેમાબેન આચાર્ય માટે ભાવભીની શ્રધ્ધાંજલી આપવા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી તેમ તેમને દિલથી વંદન કરતા રાજુભાઈ ધુવે જણાવ્યુ હતુ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમના નિયમિત સંપર્ક માં રહેતા હતા. હેમાબહેન ના દુઃખદ અવસાન ના સમાચાર જાણી ગઈકાલે બપોરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હેમાબહેન ના અવસાન બદલ ઊંડા દુઃખ ની લાગણી વ્યક્ત કરી તેમના પરિવારજનો ને દિલસોજી પાઠવી શાંત્વના પાઠવી હતી.

# બુટલેગર હર્ષદ મહાજને ફરી લખણ ઝળકાવ્યા : પત્ની સહીતને જાનથી મારી નાખવાની ધમકી

### અગાઉ ઘરમાંથી કાઢી મુક્યા બાદ રસ્તામાં વાહન આડી નાખી ધમાલ મચાવી : ત્રણ વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

બુટલેગર હર્ષદ મહાજને વધુ એકવાર લખણ ઝળકાવ્યા છે. હર્ષદ મહાજને પત્નીને ઘરમાંથી કાઢી મુક્યા બાદ ફોન પર ધમકી આપી હતી. બાદમાં રસ્તામાં કાર આડે બાઈક નાખી કાર પર છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પત્નીએ નોંધાવી છે.

મામલામાં બુટલેગર હર્ષદ મહાજનની પત્ની મેઘાબેન માંડલિયા (ઉ.વ ૪૨ રહે. કરણપરા શેરી નં-૧૩, રાજકોટ)એ પ્ર.નગર પોલિસ સ્ટેશન ખાતે નોંધાવેલી ફરિયાદમાં પતિ હર્ષદ માણેકલાલ માંડલિયા ઉર્ફે હર્ષદ મહાજન, સાવકા પુત્ર કમલેશ અને સોની બજારના નિલેશ ઉર્ફે બાબુનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં ત્રણ પુત્ર છે. જેમા સૌથી મોટો કમલેશ અને આશિષ જે મારા પતિના પ્રથમ પત્નીના સંતાનો છે ,તેમજ ત્યારબાદ જૈનિશ જે મારા પ્રથમ લગ્નથી થયેલ સંતાન છે અને તે છેલ્લા ૧૪ વર્ષથી મારા પિયરમા રહે છે. ત્યારબાદ સૌથી નાની દિકરી પારુ એમ છ સભ્યો સાથે રહીએ છીએ.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, દશેક દિવસ પહેલા મારા પતિ મારા દિકરા જેનિશના સાસરિયે આનંદનગર ખાતે જઈને માથકુટ કરી આવેલ હતા. જેથી મારા દિકરાની સગાઈ તુટી ગયેલ હતી. આ બાબતે મારા પતિ સાથે વાત કરતા કહેલ કે, ચલો આપણે જેનીશને સમજાવીએ કે સગાઈ ભલે તુટી ગઈ હોય પણ તુ કોઈ આડુ અવળુ પગલુ ભરતો નહિ. એમ કહેતા પતિએ સાથે આવવાની ના પાડી દીધી હતી અને ગાળો આપવા લાગ્યો હતો. બાદમાં બોલાચાલી કરી મને ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. જેથી હું પિયર જતી રહેલ હતી. બાદ ગત તા.૦૯/૦૫/૨૦૨૫ ના રાત્રીના દસેક વાગ્યાના અરસામા મારા ફોનમા હર્ષદનો ફોન આવેલ હતો અને તે બેફામ ગાળો આપવા લાગેલ હતો. તેણે કહ્યું હતું કે, તારે જેને બોલાવવા હોય એને બોલાવી લેજે, હુ તારા ઘરે આવુ છુ.

પતિ માથાભારે હોય હું તથા મારા પિયર પક્ષનો પરિવાર બધા અમારા ઘરેથી નિકળી ગયેલ હતા. મારા બેન-બનેવી રુપલબેન તથા જયેન્દ્રભાઈ તન્ના સરકારી હોસ્પિટલ ખાતે હોય તેમને ત્યાથી તેડવા જવાના હોય જેથી અમે લોકો ત્યા ગયેલ અને તેમને તેડીને હોસ્પિટલથી થોડે દુર જામટાવર પાસે પહોંચતા આશરે અગિયાર વાગ્યે મારા પતિ તથા તેમનો મિત્ર નિલેશ ઉર્ફે બાબુ ત્યા આવી ગયેલ હતા. બંનેએ પોતાનું બાઈક અમારી ગાડી આડે નાખી અમને ઉભા રાખી હર્ષદએ છરી કાઢી ગાડીના બોનેટ પર ધુંબો મારેલ હતો. બાદમાં એક ઘા અમારી કાર પર મારેલ હતો. બાદમાં મારા ભાઈને છરી બતાવી ધમકી આપી હતી કે, ગાડીનો કાચ ખોલ નહી તો બધાને જાનથી મારી નાખીશ. દરમિયાન સાવકો પુત્ર કમલેશ પણ ત્યાં ધસી આવ્યો હતો અને બેફામ ગાળો બોલવા લાગેલ હતો. બાદમાં અમે ગાડી ભગાવી જામનગર રોડ ખાતે આવેલ ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે દોડી ગયા હતા અને ત્યાંથી પોલીસ પીસીઆર બોલાવી પ્ર.નગર પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી.

### મેડિકલની સાથે સાથે પેરા મેડિકલ માટે તંત્ર સજ્જ

# મોરબી, પોરબંદર સહિત ગુજરાતમાં ૫ નવી નર્સિંગ કોલેજ શરૂ થશે

## રાજ્યમાં હાલ સરકારી કોલેજોમાં પેરામેડિકલની ૧,૯૨૦ બેઠકો અને ૯૯૭ ખાનગી સંસ્થાઓમાં ૪૭,૧૭૦ બેઠકો

**અબતક, ગાંધીનગર**

મેડિકલની સાથે સાથે પેરા મેડિકલ માટે તંત્ર સજ્જ છે. મોરબી, પોરબંદર સહિત ગુજરાતમાં ૫ નવી નર્સિંગ કોલેજ શરૂ થશે. હાલ તેનું કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં કામ પૂર્ણ થયા બાદ તેને કાર્યરત કરવામાં આવશે.

૧૨ મેના રોજ ઉજવાતા આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની પૂર્વસંધ્યાએ, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તે ગુજરાતમાં નર્સિંગ સેવાઓને મજબૂત બનાવવા માટે અનેક પગલાં લઈ રહી છે.સરકારે જણાવ્યું હતું કે, હાલમાં રાજ્યમાં ૬૧ સરકારી સંસ્થાઓ છે જેમાં ૧,૯૨૦ બેઠકો છે અને ૯૯૭ ખાનગી સંસ્થાઓ છે જેમાં કુલ ૪૭,૧૭૦ બેઠકો છે જે વિવિધ નર્સિંગ અભ્યાસક્રમો ઓફર કરે છે. દર વર્ષે નર્સિંગ બેઠકોની સંખ્યામાં વધારો થાય છે. હાલમાં રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૧૩,૫૦૭ નર્સો સેવા આપી રહી છે.

એક સત્તાવાર નિવેદનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૨૦૨૪-૨૫માં, કેન્દ્ર સરકારે રાજ્યમાં નર્સિંગ સેવાઓને મજબૂત બનાવવા માટે ૫૦૦ ઈ.જીએમ (નર્સિંગ) બેઠકો અને પાંચ નવી કોલેજોને મંજૂરી આપી હતી. નિવેદનમાં જણાવાયું છે કે મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં આ પાંચ નવી કોલેજો માટે કામ ચાલી રહ્યું છે. નર્સિંગ વ્યવસાયમાં કામ કરતા લોકોના સમર્પણ, સેવા અને મહેનતને માન્યતા આપવા માટે દર વર્ષે ૧૨ મેના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ ઉજવવામાં આવે છે. ૧૨ મે એ દિવસ પસંદ કરવામાં આવ્યો કારણ કે તે ફ્લોરેન્સ નાઈટિંગેલની જન્મજયંતિ છે, જે એક પ્રખ્યાત નર્સ અને નર્સિંગ ક્ષેત્રની સ્થાપક વ્યક્તિ હતી. ૨૦૨૫ માટે, આઈસીએન (ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સીસ) એ 'આપણી નર્સો, આપણું ભવિષ્ય, સંભાળ રાખવાની આર્થિક શક્તિ' થીમ પસંદ કરી છે.

બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલના મોટાભાગના કોર્સમાં વિદ્યાર્થીઓને ધોરણ.૧૨ સાયન્સના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ પેરામેડિકલના પ્રવેશમાં દર વર્ષે ભારે વિલંબ થતાં વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન થાય છે. એટલુ જ નહી, પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થતાં વિદ્યાર્થીઓ અન્ય અભ્યાસમાં પ્રવેશ મેળવવા મજબુર બને છે. આ વખતે ધો.૧૨ સાયન્સનું પરિણામ ૧૨ મેના રોજ જાહેર થયુ હતુ જેના આજે સાડા ત્રણ મહિના જેટલો સમય આવવા થયો છે. બીજી તરફ પેરામેડિકલમાં રજિસ્ટ્રેશનની લંબાવેલી મૂદત અને મોક રાઉન્ડ પણ પૂર્ણ થઈ ગયો છે.

### રાજપીપળામાં એક વર્ષમાં નવી બિલ્ડીંગમાં મેડીકલ કોલેજ ધમધમશે: ડો.મનીષ મહેતા



રાજપીપળા મેડીકલ કોલેજના તબીબ અધિક્ષક ડો.મનીષ મહેતાએ ''અબતક'' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ડોકટર અને દર્દીને સાંકળતી મહત્વની કળી નર્સ છે. ત્યારે હાલ રાજપીપળા ખાતે મેડિકલ કોલેજનું નવું બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યું છે અને લગભગ એક વર્ષમાં જ આ બિલ્ડીંગનું કામકાજ પૂર્ણ થઈ જશે અને લગભગ ૫૦ જેટલી પેરા મેડિકલ કોલેજની શીટોમાં વધારો થયો છે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી આદિવાસી વિસ્તારના ટ્રાયબલ લોકોને અહીં જ ટેક્નોલોજી સભર સુવિધા પુરી પાડવામાં આવશે. જેથી દર્દીઓને અમદાવાદ-વડોદરા સુધી ધક્કા નહિ ખાવા પડે .

### માવઠું- પ્રી-મોનસૂન કે ચોમાસુ?

# ભરઉનાળે સૂર્યદેવ અને વરૂણદેવના મિલાપે લોકોમાં મુંઝવણ ઉભી કરી!!!

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ તાલુકામાં કમોસમી વરસાદ: સૌથી વધુ દ્વારકાના કલ્યાણપુરમાં ત્રણ ઈંચ અને જૂનાગઢના માળીયા હાટીનામાં બે ઈંચ વરસાદ

### સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં આજે અને કાલે બફારા વચ્ચે કમોસમી વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં ભરઉનાળે સૂર્યદેવ અને વરૂણદેવના મિલાપે લોકોમાં મુંઝવણ ઉભી કરી દીધી છે. હવે આ પરિસ્થતિમાં માવઠું, પ્રી-મોન્સૂન કે ચોમાસુ શું સમજવું તેમાં પણ અસમંજશ છે. બફારા વચ્ચેરવિવારે સૌરાષ્ટ્રના ૧૯ તાલુકામાં વાવાઝોડા સાથે વરસાદ ખાબક્યો હતો. જોકે, સાંજના સમયમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો.આવી પરિસ્થિતિમાં હવામાન વિભાગે આગામી બે દિવસ માટે



વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રની આસપાસ એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. જેના કારણે હજુ ૨ દિવસ સૌરાષ્ટ્રમાં વરસાદનું અનુમાન છે. હવામાન વિભાગે પણ આગામી ૨ દિવસ વરસાદનું એલર્ટ આપ્યું છે. આજે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું શકયતા છે. રાજ્યમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. તેવામાં રાહતના સમાચાર એ છે કે ૧૪ મે બાદ રાજ્યમાં વરસાદ બંધ થઈ જશે, ૧૩ મે એટલે કે આજે અને કાલે રાજ્યના કેટલાક જિલ્લામાં હજુ પણ વરસાદનું અનુમાન છે. આજે ઉત્તર ગુજરાત. પૂર્વ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં વરસાદનું અનુમાન છે. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ,રાજકોટમા હળવા વરસાદનું અનુમાન છે. ૧૨ મે બાદ વરસાદનું પ્રમાણ ખૂબ ઘટી જશે પરંતુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા દેખાઈ રહી છે.જો કે આ વરસાદ મધ્યમ પ્રકારનો હશે. કમોસમી વરસાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે થઈ હતી. હવે સૌરાષ્ટ્રમાં સર્જાયેલ સિસ્ટમના કારણે વરસાદ વરસી રહ્યો છે. ૧૪ મે બાદ વરસાદ બંધ થઈ જતાં બાદ તાપમાન અને બફારામાં વધારો થવાનું અનુમાન છે. કમોસમી વરસાદના કારણે રાજ્યમાં કેરીના પાકમાં ૫૦ અને તલના પાકમાં ૪૦ ટકાનું નુકસાન થયાનો અંદાજ છે.પપૈયામાં ૨૦, કેળામાં ૧૫ અને ડાંગરના પાકને ૧૫ ટકા નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે.વરસાદ બંધ થયા બાદ સર્વેની કામગીરી કરાશે. ચોમાસા પહેલા કમોસમી વરસાદના અનેક જગ્યાએ પાલિકાની નબળી કામગીરીની પોલ ખુલ્લી છે. કડીમાં રાત્રે ખાબકેલા ધોધમાર વરસાદે નગરપાલિકાની પોલ ખોલી દીધી. અહીં કડી અંડરપાસમાં ભરાયેલા પાણીમાં સ્કોર્પિયો ડૂબતા એકનું મોત થયું છે. બે કાર અને ત્રણ ટ્રક અંડરપાસમાં ભરાયેલા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ફાયરની ટીમે ભારે જહેમત બાદ સાત લોકોને રેસ્ક્યૂ કર્યાં હતા પરંતુ કમનસીબે સ્કોર્પિયો ચાલક હર્ષદ પંચાલનું મોત થયું હતું. ફાયર સ્ટેશન હોવા છતા ફાયરની ટીમ સમયસર ન

(અનુ. આઠમા પાને)

**છેલ્લા ૨૪ કલાકનો વરસાદ**

| જિલ્લો | તાલુકો | વરસાદ |
|---|---|---|
| દ્વારકા | કલ્યાણપુર | ૭૨ મીમી |
| જૂનાગઢ | માળીયા | ૪૫ મીમી |
| જામનગર | જામજોધપુર | ૪૦ મીમી |
| જૂનાગઢ | માણાવદર | ૩૫ મીમી |
| અમરેલી | ધારી | ૩૫ મીમી |
| જામનગર | લાલપુર | ૨૬ મીમી |
| રાજકોટ | લોધીકા | ૧૭ મીમી |
| અમરેલી | લાઠી | ૧૭ મીમી |
| અમરેલી | બાબરા | ૧૭ મીમી |
| જૂનાગઢ | વિસાવદર | ૧૦ મીમી |

### ઉનાળુ વેકેશન પૂર્વે હાઈકોર્ટ દ્વારા

# સૌરાષ્ટ્રના ૧૦ સહિત ૬૩ અધિક સેશન્સ જજની બદલી: ૧૫ની નિમણુક

## સિવિલ કોર્ટના ૨૦૦ સિનિયર સિવિલ જજ અને ૨૦૩ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અધિકારીઓ ૧૯મીએ ચાર્જ સંભાળશે

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉનાળુ વેકેશન પૂર્વે જયુ.ઓફિસરોમાં બઢતી અને બદલી ના હુકમો રજીસ્ટાર દ્વારા કરવામાં આવ્યા છે જેમાં મોટાપાયે ફેરફાર કરીને ડિસ્ટ્રીક્ટ જજ કેડરના ૬૩ સહિત ૪૬૬ જજની બદલીના હુકમ કર્યો છે. જેમાં ૨૦૦ સિનિયર સિવિલ જજ અને ૨૦૩ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અધિકારીઓનો સમાવેશ થાય છે જે તમામ આગામી ૧૯મી મે ચાર્જ સંભાળશે. હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ના આદેશને પગલે રજીસ્ટાર દ્વારા બદલીના ઓર્ડરમાં રાજકોટમાં ફરજ બજાવતાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ કેડરના એસ.વી. શર્માની ગાંધીનગર, ઈન્ડસ્ટ્રીઝ કોર્ટના એમ એ.ટેલરની વડોદરા, એમ જે બ્રહ્મભટ્ટની નડિયાદ ખાતે બદલી કરવામાં આવી છે. રાજકોટ સિનિયર સિવિલ જજ કેડરના એમ.જે.શાહની ગાંધીનગર, ડી. આર.જગુવાલા- ગાંધીનગર, જે.વી પરમાર-સાબરકાંઠા, એમ.ડી.ત્રિવેદી-ખેડા, કે.એમ. ગોહેલ- અમદાવાદ, આર્યરામ કુમાર-મહેસાણા, સી.પી. ચારણ-

(અનુ. આઠમા પાને)

### રાજકોટ ખાતે ટી એસ બ્રહ્મભટ્ટ, આઈ બી પઠાણએ એસ શાહ, આરએસ પુરોહિત અને પીએ માલવયા સહિત જજની નિમણુક

**એમ જે બ્રહ્મભટ્ટ એસ પી મકવાણા એસ.વી શર્મા એમ એ ટેઈલર સહિત પાંચની બદલી**

પાટણના ફેમિલી કોર્ટના પીવી જોશીને મોરબી મોરબી ફેમિલી કોર્ટના આશા વનાણીને મહેસાણા કેશોદના એમ.જી દવેને રાધનપુર અંકલેશ્વરના એસડી પાંડે કેશોદ કોડીનારના એસઆઈ ભોરણીયા આણંદ નવસારીના ટી.એસ બ્રહ્મભટ્ટ રાજકોટ અમરેલી ફેમીલી કોર્ટના મિતાલી સોનીને અમદાવાદ બારડોલી ના આરપી મોગરા જુનાગઢ વડોદરાના એમડી પાંડે લીમડી વાપીના ટી પી આહુજા વેરાવળ ઉનાના કે જે દરજી મોડાસા એસ વી શર્મા ગાંધીનગર નવસારી મોડાસા વાપી સુરત ફેમિલી કોર્ટના આઈબી પઠાણને એ એડિશનલ ડિસ્ટ્રિકટ તરીકે રાજકોટ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના એમ બી ટેલર વલસાડ અમદાવાદ ફેમિલી કોર્ટના પી એન દવેને ફેમિલી કોર્ટ અમરેલી વડોદરા ના એમએમ સૈયદને ઉના, સુરતના એકે શાહને રાજકોટ વિસાવદરના જે એલ શ્રીમાળીને

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્રના સૌથી વધુ સિનિયર સિવિલ જજોની બદલી

**રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી ક્રેમ ગોહિલ સહિત આઠની બદલી**

સિનિયર સિવિલ જજ તરીકે અમદાવાદ ફરજ બજાવતા પીજી સોની નેસુરેન્દ્રનગર અમરેલીના એમ જે સૈયદને પંચમહાલ જુનાગઢના આઈબી શેખને વાપી દ્વારકાના ટીવી જાદવને ખેડા પાલનપુરના પી પી શાહ અને મોરબી દ્વારકા ના એમ.આર શુક્લાને ખેડા દાહોદના એન જી સુરતીને હળવદ વડોદરા ના ડીજે ઠાકરને જામનગર ગોંડલના એમ.એસ દવેને મોડાસા મહુવાના કે જે રાઠોડને સાબરકાંઠા ભુજના પી એલ પટેલને દાહોદ અમરેલીના એન જે નાઈને કલોલ ભાવનગરના એસ એન ઘાસુરા બોડેલી છોટાઉદેપુરના એન એચ શેખ બોટાદ રાજકોટના એન એચ નંદાણીયા અમદાવાદ ડી આર જગુ વાલા ગાંધીનગર પંચમહાલના અમીનને સોમનાથ વડોદરાના પરાગ એમ શાહ અને રાજકોટ પોરબંદરના આરએસ શાહને સાણંદ વાપીના ડીજે પટેલને પોરબંદર નર્મદાના જેડી સોલંકીને ખંભાળિયા સુરેન્દ્રનગર ના ડી એમ ચૌહાણને પાટણ અમદાવાદ ના પીએન ગોસ્વામીને સિહોર સુરતના એમડી બ્રહ્મભટ્ટને ભાવનગર જામનગરના જેપી પરમાર ને ખેડા જૂનાગઢના એન કે

(અનુ. આઠમા પાને)

# મુલતવી રહેલી સીએની પરીક્ષા શુક્રવારથી લેવાશે

**અબતક, રાજકોટ**

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૦મી મેના રોજ લેવાનારી ઈન્ટર મીડિયેટ અને સીએ ફાઈનલની પરીક્ષા સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરી દેવાઈ છે. જેમાં નવા શિડ્યુલ પ્રમાણે આગામી ૧૬મી મેથી ૨૪મી મે વચ્ચે આ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવશે. આ પણ કરી લીધી હતી. જોકે, ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિના કારણે ૧૦મી મેના રોજ સીએની પરીક્ષા શરૂ થાય તે પહેલા જ આઈસીએઆઈ દ્વારા આ પરીક્ષા સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. પરીક્ષા સ્થગિત કરવાના કારણે હવે પછી આ પરીક્ષા કયારે અને કેવી રીતે લેવામાં આવશે તે અંગે ઉમેદવારોમાં ભારે દ્વિધાભરી સ્થિતિ ઊભી થઈ હતી. જોકે, આઈસીએઆઈ દ્વારા બે જ દિવસમાં નવા શિડ્યુલ સાથે પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. નવા શિડ્યુલ પ્રમાણે હવે ફાઈનલ એક્ઝામ (ગ્રૂપ-બે) પેપર-૫ અને પેપર-૧ની પરીક્ષા આગામી ૧૬મી મેના રોજ લેવામાં આવશે. આ જ રીતે ફાઈનલ એક્ઝામ (ગ્રૂપ બે) પેપર-૬ અને પેપર-૨ની એક્ઝામ આગામી ૧૮મી મેને રવિવારના રોજ લેવામાં

(અનુ. આઠમા પાને)

સાથે જ ફાઉન્ડેશનની પરીક્ષા પણ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે લેવાની જાહેરાત પણ કરી દેવામાં આવી છે.સીએનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ઈન્ટર મીડિયેટ અને ફાઈનલની પરીક્ષાઓ ૧૦મી મેથી લઈને ૧૪મી મે વચ્ચે લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી સીએનો અભ્યાસ કરતાં હજારો ઉમેદવારોએ આ પરીક્ષા પ્રમાણે તૈયારી

NATIONAL INSTITUTE OF MASS COMMUNICATION & JOURNALISM
(Affiliated to Gujarat University)
GUJARAT'S TOP MEDIA INSTITUTE
ADMISSIONS OPEN
BAJMC (HONS.)
(Bachelor of Arts Journalism and Mass Communication)
MAJMC
(Master of Arts Journalism and Mass Communication)
AHMEDABAD :
Contact : 7600068443, 9023434379
Email : os@nimcj.org | Website : www.nimcj.org
APPLY NOW

સ્થાપના વર્ષ: 1959
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત અને શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
66 YEARS
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
ઉચ્ચતર માધ્યમિક શાળા - વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ - ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક: 909-909-8220
સમગ્ર ગુજરાતમાં સર્વોચ્ચ પરિણામ આપતી 100 એકરના વિશાળ કેમ્પસમાં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર અને અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ સુવિધાઓ ધરાવતી એકમાત્ર સંસ્થા.
એડમીશન હેલ્પલાઇન નંબર:
909-909-8220
63563 67000
2025-26 રજીસ્ટ્રેશન શરૂ...
ધોરણ 11
(ગર્લ્સ અને બોયઝ)
BEST SCHOOL AWARD
સાયન્સ
(ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)
સૌથી ઓછી ફી શ્રેષ્ઠ પરિણામ
શ્રેષ્ઠ સુવિધાઓ શ્રેષ્ઠ શિક્ષણ
કોમર્સ અને આર્ટ્સ
(ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)
વિશેષતાઓ
• KOTA based Teaching Method + Study Material.
વિશેષતાઓ
ફી સહાયની વિગત